અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૬ જૂન ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ અમાસ | અંક : ૩૦૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



## નરેન્દ્ર મોદીએ ‘એક પેડ મા કે નામ’ અભિયાનનો શુભારંભ કર્યો

નરેન્દ્ર મોદીએ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ‘એક પેડ મા કે નામ’ અભિયાનનો શુભારંભ કર્યો છે. શ્રી મોદીએ દિલ્હીના બુદ્ધ જયંતિ પાર્કમાં પીપળાનું વૃક્ષ વાવ્યું હતું. તેમણે તમામ લોકોને આપણી પૃથ્વીને ઉત્કૃષ્ટ બનાવવામાં યોગદાન આપવા માટેનો આગ્રહ કર્યો અને જણાવ્યું કે છેલ્લા એક દશકામાં ભારતે અસંખ્ય સામૂહિક પ્રયાસો હાથ ધર્યા છે જેના કારણે સમગ્ર દેશમાં વન ક્ષેત્રમાં વધારો થયો છે. શ્રી મોદીએ વધુમાં જણાવ્યું કે આ સતત વિકાસ તરફની અમારા પ્રયાસો માટે આ ઘણું જ યોગ્ય છે. “આજે, વિશ્વ પર્યાવરણ દિવસ પર, #એક પેડ મા કે નામ અભિયાન શરૂ કરવામાં મને આનંદ થાય છે. હું ભારતમાં અને સમગ્ર વિશ્વમાં દરેકને તમારી માતાને શ્રદ્ધાંજલિ આપવા માટે આવનારા દિવસોમાં એક વૃક્ષ વાવવાનું આહ્વાન કરું છું. #Plant4Mother અથવા #એક પેડ મા કે નામનો ઉપયોગ કરીને તમે આવું કરતા હોય તેવો ફોટા શેર કરો.

### નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ મૂર્મુને સુપરત કર્યું રાજીનામું

## નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું છે. તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મને પોતાનું રાજનામું સુપરત કર્યું છે. લોકસભાનું વિસર્જન થાય છે ત્યારે વડાપ્રધાને તેમના પદ પરથી રાજીનામું આપવું પડે છે. આજે સવારે જ મોદી કેબિનેટે ૧૭મી લોકસભા ભંગ કરવાની ભલામણ કરી હતી. ઉલ્લેખનીય છે કે ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળા નેશનલ ડેમોક્રેટિક એલાયન્સે ત્રીજી વખત બહુમતી પ્રાપ્ત કરી લીધી છે. એનડીએ ગઠબંધને લોકસભા ચૂંટણીમાં ૨૯૨ બેઠકો પર જીત પ્રાપ્ત કરી છે. જોકે બીજેપી એકલા હાલ હાથે બહુમતી માટે જરૂરી આંકડાને પાર કરી શકી નથી અને તેણે ૨૪૦ સીટથી જ સંતોષ માનવો પડ્યો છે. બીજી તરફ વિપક્ષના ઈન્ડિયા એલાયન્સે ૨૩૪ સીટો પર વિજય પ્રાપ્ત કર્યો છે. પરિણામોના બીજા જ દિવસે એટલે કે આજે નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપી દીધું છે. તેઓ બુધવારે બપોરે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળવા માટે રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા. તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને તેમના મંત્રી પરિષદનું રાજીનામું પણ સુપરત કર્યું. રાષ્ટ્રપતિએ તેમનું રાજીનામું સ્વીકાર્યું અને નવી સરકારની રચના સુધી વડા પ્રધાન અને કેન્દ્રીય મંત્રી પરિષદને તેમના પદ પર ચાલુ રાખવા વિનંતી કરી. લોકસભા ચૂંટણીમાં એનડીએને બહુમતી મળી છે અને ત્રીજી વખત સત્તા બનવા જઈ રહી છે. નવી સરકારની શપથ ગ્રહણની તારીખ અને સમય પણ નક્કી થઈ ગયો છે. સૂત્રોનું કહેવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો શપથ ગ્રહણ સમારંભ ૮ જૂને સાંજે થાય તેવી શક્યતા છે. તેને લઈને તૈયારીઓ કઈ રીતે કરવી તેની પર ચર્ચા વિચારણ શરૂ થઈ ગઈ છે. નવા મંત્રી મંડળમાં ચેહરાઓને લઈને સહયોગી દળો સાથે વાતચીત અને બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે. એવું કહેવાઈ રહ્યું છે કે બે-ત્રણ દિવસમાં નામોને ફાઈનલ કરવામાં આવશે.


### મુંબઈમાં વરસાદની એન્ટ્રી
### ગુરુ તેઘ બહાદુર નગર રેલવે સ્ટેશન પાસેના વિસ્તારમાં વરસાદ

## મુંબઈમાં વરસાદ પડતા અનેક વિસ્તારોમાં પાણી ભરાયા

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

ચોમાસાની દસ્તક પહેલા મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની એન્ટ્રી થઈ છે. મુંબઈ સહિત આસપાસના વિસ્તારોમાં આજે વહેલી સવારથી વરસાદ વરસી રહ્યો છે. ગુરુ તેઘ બહાદુર નગર રેલવે સ્ટેશન પાસેના વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. જેને લઈ મુસાફરોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. સાથે જ દાદર અને માટુંગાની આસપાસના વિસ્તારોમાં પણ વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. તો આ તરફ હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૧૦ જૂન સુધીમાં મુબંઈ સહિત મહારાષ્ટ્રમાં ચોમાસું બેસી શકે છે. જેને લઈ પ્રિ મોન્સૂન એક્ટિવિટી શરૂ થઈ ચૂકી છે અને મુંબઈમાં વરસાદ વરસી રહ્યો છે.

દક્ષિણ પશ્ચિમ ચોમાસું કેરળથી આગળ વધીને ગોવા પહોંચ્યું છે. જ્યાંથી હવે ૧૦ જૂન સુધીમાં મહારાષ્ટ્ર પહોંચશે. જે બાદ ગુજરાતમાં ૧૪ જૂન સુધીમાં ચોમાસું બેસવાની હવામાન વિભાગે આગાહી કરી છે. મુંબઈગરાઓને ટૂંક સમયમાં આકરી ગરમી અને તડકાથી રાહત મળી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગોવામાં ચોમાસું આવી ગયું છે અને આગામી ૪ થી ૫ દિવસમાં મુંબઈમાં પણ ચોમાસું બેસી જવાની શક્યતા છે. નવી મુંબઈમાં છેલ્લા બે દિવસથી પ્રિ મોન્સુન વરસાદ પડી રહ્યો છે,







પરંતુ મુંબઈગરાઓને હજુ પણ કાળઝાળ ગરમીમાંથી રાહત મળી રહી નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મંગળવારે મુંબઈનું મહત્તમ તાપમાન ૩૫.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિવસ દરમિયાન ભેજનું પ્રમાણ ૬૦ ટકા અને રાત્રે ૬૮ ટકા નોંધાયું હતું. છેલ્લા ઘણા દિવસોથી તાપમાનનો આ જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, જેના કારણે લોકો ખૂબ જ પરેશાન છે, પરંતુ હવે ટૂંક સમયમાં ગરમીથી રાહત મળી શકે છે. પ્રાદેશિક હવામાન વિભાગના નિર્દેશક સુનીલ કાંબલેએ જણાવ્યું કે ગોવામાં ચોમાસું બેસી ગયું છે. જો સ્થિતિ અનુકુળ રહેશે તો આગામી ૪ થી ૫ દિવસમાં ચોમાસું મુંબઈમાં આવી જશે. રાજ્યના અનેક ભાગોમાં પ્રિ મોન્સુન વરસાદ પડી રહ્યો છે. હવામાનશાસ્ત્રી રાજેશ કાપડિયાએ જણાવ્યું હતું કે નવી મુંબઈમાં પ્રિ મોન્સુન શરૂ થઈ ગયું છે, આજે મુંબઈમાં પણ પ્રિ મોન્સુન વરસાદ પડે તેવી શક્યતા છે. હાલના સમીકરણને જોતા એવું લાગે છે કે ચોમાસું ૧૦ જૂને મુંબઈમાં ધસી આવશે. મુંબઈમાં રાત્રિના તાપમાનમાં રેકોર્ડ સર્જાયો છે. છેલ્લા ૧૮ દિવસોમાંથી ૧૬ દિવસમાં લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું છે, જ્યારે ૩ જૂને તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.

### ન્યૂઝ બ્રિફ

#### ચંદ્રાબાબુ નાયડુએ ચૂંટણીની જીતનો શ્રેય ભાજપ અને જનસેના પાર્ટીને આપ્યો



। નવી દિલ્હી, તા.૫ ।

તેલુગુ દેશમ પાર્ટી એટલે TDP ના ચંદ્રબાબુ નાયડુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની પાર્ટી ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ) સાથે રહેશે. ચંદ્રબાબુ નાયડુની ટીડીપી અને તેના સહયોગીઓએ આંધ્ર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીમાં જંગી જનાદેશ સાથે ૧૬૪ બેઠકો જીતી હતી. ટીડીપી અને તેના સાથી પક્ષોએ આંધ્રપ્રદેશમાં વિધાનસભા ચૂંટણીમાં ૧૭૫ સભ્યોની રાજ્ય વિધાનસભામાં ૧૬૪ બેઠકો જીતીને જંગી જનાદેશ સાથે જીત મેળવી હતી.અમરાવતીના ઉંડાવલ્લી ખાતેના તેમના નિવાસસ્થાને પત્રકારો સાથે વાત કરતા, નાયડુએ ટીડીપીને ભારત બ્લોક જોડાણ તરફથી આમંત્રણ મળવા અંગેની અટકળો પર ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. હું ઘણા વર્ષોથી રાજકારણમાં છું અને દેશમાં ઘણા રાજકીય ફેરફારો જોયા છે.

### ટીડીપી, જેડીયુ, શિવસેનાએ એનડીએને સમર્થન પત્ર સોંપ્યા

## અબકી બાર મોદી “ચેક એન્ડ મેટ” સરકાર

**વડાપ્રધાનના નિવાસસ્થાને એનડીએની એક કલાક સુધી બેઠક ચાલી ૧૦થી વધુ પક્ષોના નેતાઓ હાજર**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।



લોકસભા ચૂંટણી-૨૦૨૪ના પરિણામો બાદ હવે સરકાર રચવાની કવાયત શરૂ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યાનુસાર, એનડીએ ગઠબંધનના નેતાઓ સાતમી જૂને રાષ્ટ્રપતિ ભવન પહોંચીને સરકાર બનાવવાનો દાવો કરી શકે છે. એક કલાક ચાલેલી આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુને રાજીનામું આપીને લોકસભા ભંગ કરવાનું સૂચન કર્યું હતું, જેનો રાષ્ટ્રપતિએ સ્વીકાર કર્યો હતો. આ પહેલા પરિણામો બાદ આજે એનડીએની પહેલી બેઠક યોજાઈ હતી, જેમાં ૧૦થી વધુ પાર્ટીઓના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત નવી સરકાર બનાવવા માટે વડાપ્રધાન મોદીએ રાજીનામું આપ્યું હતું, જેને રાષ્ટ્રપતિએ સ્વીકારી લીધું છે અને આ સાથે લોકસભા ભંગ થઈ ગઈ છે. દરમિયાન આજે વડાપ્રધાનના નિવાસસ્થાન પર એનડીએની એક કલાક સુધી બેઠક ચાલી હતી, જેમાં ૧૦થી વધુ પક્ષોના નેતાઓ હાજર હતા. આ બેઠકમાં JDUના નેતા અને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુ, ઑલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયનના વડા સુદેશ મહંતો, RLDના જયંત ચૌધરી, જનસેના પાર્ટીના વડા પવન કલ્યાણ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે, LJP (રામ વિલાસ)ના નેતા ચિરાગ પાસવાન, અપના દળ (સોનેલાલ) નેતા અનુપ્રિયા પટેલ અને HAM નેતા જીતનરામ માંઝી ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં વડાપ્રધાન મોદીએ તમામ નેતાઓને કહ્યું, અભિનંદન... બધાએ સારો સંઘર્ષ કર્યો. એનડીએ હવે દેશના વિકાસ માટે કામ કરશે. અમે લોકો માટે અમારું કામ ચાલુ રાખીશું. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર, ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુ અને શિવસેના (શિંદે જૂથ)એ ભાજપને પોતાનો સમર્થન પત્ર સોપ્યો છે.

### સેન્સેક્સ ૨૩૦૦ અને નિફ્ટી ૭૦૦ પોઈન્ટ રહ્યા બંધ

## સેન્સેક્સ ૨૩૦૩ પોઈન્ટ વધી ૭૪,૩૮૨ ઉપર બંધ રહ્યો

### નિફ્ટી ૭૩૬ પોઈન્ટ વધીને ૨૨,૬૨૦ પર બંધ રહ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

NDA સરકારની રચનાની જાહેરાતને કારણે બજારે ફરી વેગ પકડ્યો, સેન્સેક્સ, નિફ્ટી ૩%થી વધુના ક્લોઝિંગ બેલ સાથે બંધ – ગઈકાલના ઘટાડા પછી, નીચલા સ્તરેથી ખરીદી જોવા મળી હતી. બીએસઈના તમામ સેક્ટર ઈન્ડાઈસિસમાં ખરીદારી જોવા મળી હતી. FMCG ઈન્ડેક્સમાં ૪% થી વધુનો વધારો જોવા મળ્યો હતો. ફાર્મા, એનર્જી ઈન્ડેક્સ લગભગ ૩% ના વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યા. સેન્સેક્સ ૨૩૦૩ પોઈન્ટ વધીને ૭૪,૩૮૨ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૭૩૬ પોઈન્ટ વધીને ૨૨,૬૨૦ પર બંધ રહ્યો હતો. લોકસભા ચૂંટણીની મતગણતરીના દિવસે જે રીતે વેચાણ થયું હતું, તેવી જ સ્થિતિ ૨૦૦૪ની લોકસભા ચૂંટણી વખતે પણ હતી. જ્યારે અટલ બિહારી વાજપેયીની આગેવાની હેઠળની એનડીએ ગઠબંધન સરકારનો પરાજય થયો હતો, તે સમયે શેરબજારમાં મોટા પાયે વેચવાલી થઈ હતી અને તે સ્થિતી ૪ જૂન, ૨૦૨૪ ના દિવસે બની. પરંતુ આજે શેરબજારમાં રિકવરી જોવા મળી રહી છે. તેનું મુખ્ય કારણ એ છે કે ભાજપના નેતૃત્વમાં એનડીએ ફરીથી સરકાર બનાવવા માટે લગભગ તૈયાર છે. માનવામાં આવે છે કે આંધ્રપ્રદેશમાંથી નીતિશ કુમારની પાર્ટી જનતા દળ યુનાઈટેડ (JDU) અને ચંદ્રાબાબુ નાયડુની પાર્ટી તેલુગુ દેશમ પાર્ટી (TDP) સરકારને સમર્થન આપશે. આ કારણે મોદી સરકાર ફરી રિપીટ થશે અને નીતિઓમાં ઓછા ફેરફાર થશે. જે બજાર માટે સકારાત્મક સંકેત છે. આજે BSE સેન્સેક્સના ૩૦ શેર ગ્રીન સિગ્નલ સાથે બંધ થયા છે. ૭.૭૫% ના વધારા સાથે, ઈન્ડસઈન્ડ બેંકના શેર ટોપ ગેનર્સની યાદીમાં નંબર ૧ પર છે.

### ગુજરાત ભાજપના સાંસદોને હાઇકમાન્ડનું તેડું

## ૯ જૂન સુધી તમામ સાંસદોને દિલ્હીમાં રોકાવા આદેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ગુજરાતમાં લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણીનું પરિણામ જાહેર થઈ ગયું છે. આ વખતે ભાજપને ક્લિન સ્વીપ કરવામાં તકલીફોનો સામનો કરવો પડ્યો છે. તે ઉપરાંત પાંચ લાખની લીડથી જીતવાનો ટાર્ગેટ પણ માત્ર ગણીગાંઠી સીટો પર પૂરો થયો છે. ત્યારે ગુજરાતમાં ૨૬માંથી ૨૫ સાંસદ ભાજપમાંથી અને એક સાંસદ કોંગ્રેસમાંથી ચૂંટાઈ આવ્યા છે. આજે દિલ્હીમાં સાંસદના રજિસ્ટ્રેશન માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ત્યારે ગુજરાતમાંથી ચૂંટાયેલા કેટલાક સાંસદ દિલ્હી પહોંચ્યા છે. આર.ઓ. તરફથી અપાયેલા સર્ટિફિકેટને આધારે સાંસદ તરીકે નોંધણી શરૂ થઈ ગઈ છે. દિલ્હી ગયેલા ગુજરાત ભાજપના સાંસદો નરેન્દ્ર મોદી અને અમિત શાહ સાથે શુભેચ્છા મુલાકાત કરી શકે તેવું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.બીજી તરફ ૯મી તારીખ સુધી તમામ સાંસદોને દિલ્હીમાં રોકાવા આદેશ કરવામાં આવ્યો છે.

### ડેપ્યુટી સીએમ પદથી મુક્ત કરવા કરી વિનંતી

## દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રમાં ભાજપની હારની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।



લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થતા જ મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે હલચલ જોવા મળી રહી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્યમાં ભાજપની હારની સંપૂર્ણ જવાબદારી લીધી છે. એટલું જ નહીં રાજ્યમાં પાર્ટીની હારની જવાબદારી લેતા તેમણે પાર્ટીના વરિષ્ઠ નેતાઓને મહારાષ્ટ્ર સરકારની જવાબદારીમાંથી મુક્ત કરવા વિનંતી કરી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે, ‘રાજ્યમાં એનડીએને જે બેકઅપ મળ્યું છે તેની સંપૂર્ણ જવાબદારી હું લઉં છું. હું આ હારની જવાબદારી લઉં છું. હું ભાજપના વરિષ્ઠ નેતાઓને વિનંતી કરીશ કે મને સરકારની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવે.” સરકારી જવાબદારીઓ માંથી મુક્ત થવાની ઈચ્છા વ્યક્ત કરતા દેવેન્દ્ર ફડણવીસે વધુમાં કહ્યું કે, “મને પાર્ટી સંગઠનની જવાબદારી સોંપવામાં આવે. મહારાષ્ટ્રમાં ભવિષ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. હું સરકાર સાથે રહીશ અને માર્ગદર્શન કરતો રહીશ. હું સરકારમાં રહેવાને બદલે રાજ્યમાં પાર્ટીની મજબૂતી માટે કામ કરવા માંગુ છું.”

### પાર્ટી પણ મૂંઝવણમાં કેવી રીતે સમજાવવું

## ભારતના ‘નોક આઉટ’ નાણા એકઠા કરવા મહિલા કોંગ્રેસ હેડક્વાર્ટર પહોંચી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે તેના ઢંઢેરામાં મહિલાઓને ગેરંટી કાર્ડ આપીને એક લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી, જો કે કોંગ્રેસ હજુ સુધી સરકાર બનાવવા માટે બહુમતી મેળવી શકી નથી, પરંતુ હવે આ અંગે હોબાળો શરૂ થયો છે. પરિણામો આવ્યા બાદ બુધવારે સવારે મોટી સંખ્યામાં મહિલાઓ ગેરંટી કાર્ડ લઈને પ્રદેશ કોંગ્રેસ મુખ્યાલયની બહાર પહોંચી હતી. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે તેના ઢંઢેરામાં મહિલાઓને ગેરંટી કાર્ડ આપીને એક લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી, જો કે કોંગ્રેસ હજુ સુધી સરકાર બનાવવા માટે બહુમતી મેળવી શકી નથી, પરંતુ હવે આ અંગે હોબાળો શરૂ થયો છે. મહિલાઓએ કહ્યું કે કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં ગેરંટી કાર્ડ આપીને એક લાખ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું, જે તેઓ લેવા આવ્યા છે. મહિલાઓનો આરોપ છે કે તેમને કોંગ્રેસ હેડક્વાર્ટરની અંદર જવા દેવામાં આવી નથી.

### ભયાનક વાહન અકસ્માત સર્જાયો

## ભચાઉના લાકડીયા પાસે ઇકો કાર અને ટ્રેલર ટકરાતા પના મોત

। (એજન્સી) ભચાઉ, તા.૫ ।

ભચાઉના લાકડીયા પાસે હાઈવે પર મંગળવારે સાંજે એક ભયાનક વાહન અકસ્માત સર્જાયો હતો. બ્રિજના સમારકામ માટે ચાર રસ્તા પર બનાવેલા ડાઈવર્સનાં કારણે લાઈન ક્રોસ કરી રહેલી ઈકો કાર અને ટ્રેલર વચ્ચેની જોરદાર ટક્કર થતા પાંચ લોકોનાં મોત થયા છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ છે. ઘટનાને પગલે હાઈવે પર લોકોની ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી, જ્યારે વાહનવ્યવહારને આંશિક અસર થઈ હતી. લાકડીયા પોલીસ ઘટનાસ્થળે પરિસ્થિતિને શાંત કરવામાં અને મૃતદેહોને હોસ્પિટલ લઈ જવા માટે વ્યસ્ત છે. આ અંગે લાકડીયા પીઆઈ વસાવાએ જણાવ્યું હતું કે, લાકડીયા બાયપાસના રાધનપુર હાઈવે પર રેલવે ક્રોસિંગ પાસે ઓવરટેક કરી રહેલી ઈકો કાર સામેથી આવતા ટ્રેલર સાથે અથડાઈ હતી, જેના કારણે કારમાં સવાર લોકો ગંભીર રીતે ઘવાયા હતા. હાલ પાંચ જેટલા લોકો મૃત્યુ પામ્યા છે. મૃતકોને નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવા તેમજ અકસ્માત ગ્રસ્ત વાહનોને ખસેડવાની કામગીરી ચાલી રહી છે.

### ભિરંડીયારા પાસેની ઘટના

## ટેમ્પાને પાછળથી ટ્રેઇલરે ટક્કર મારતાં બે સગા ભાઇઓનાં કરૂણ મોત

। (એજન્સી) ભુજ, તા.૫ ।

ખાવડાના કુરન પાસે બે દિવસ પહેલા બે વાહનોના અકસ્માતમાં એક યુવાનનું મોત નીપજ્યાનો બનાવ હજુ તાજોજ છે ત્યાં ગુરૂવારે રાત્રે ભીરંડીયારા ટોલનાકા પાસે ઉભેલા ટેમ્પોને પાછળાથી ટ્રેઈલર ચાલકે ટક્કર મારતા બે સગા ભાઈઓના કમકમાટી ભર્યા મોત નીપજ્યા છે. જ્યારે ત્રણ લોકોને વતી ઓછી ઈજાઓ પહોંચી હતી. ખાવડા પોલીસ માથકેમાં ભુજ તાલુકાના સાઈડ ગામે રહેતા સોભાધાર જુમા હાલેપોત્રાએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ગુરૂવારે રાત્રીના સાડા નવ વાગ્યે તેમજના ભાણેજ મુસ્તાક મામદ માસુક હાલેપોત્રા (ઉ.વ.૩૫)નો ફોન આવ્યો હતો. તેણે જણાવ્યું હતું કે, તે ભુજાથી પોતાના કબજાના ટેમ્પામાં ખળ-ભૂસો ભરીને આવતો હતો ત્યારે ભીરંડિયારા ટોલનાકા પાસે ટેમ્પો ખરાબ થઈ ગયો છે. ભીરંડીયારા ટોલનાકા પાસે રોડની સાઈડમાં ટેમ્પામાં પાકગ લાઈટ ચાલુ રાખીને ઉભો રાખ્યો છે. તમે ટોર્ચન કરવા આવો જોથી ફરિયાદી તાથા નઝીર રાજપાલ બન્ને જણાઓ બોલેરો જીપ લઈને સૃથળ પર ગયા હતા. તે સમયે શેરખાન ખેરમામદ હાલેપોત્રા બાઈક લઈને આવ્યો હતો. ટેમ્પા પાસે ફરિયાદીના ભાણેજ મુસ્તાક અને ગુલામ મામદ માસુક હાલેપોત્રા (ઉ.વ.૨૪) બન્ને જણાઓ ઉભા હતા. દરમિયાન અમો સૌ ટેમ્પાની આગળ ટોર્ચન કરવા માટે પીન લગાવવા નીચે બેસીને કામ કરતા હતા ત્યારે અચાનક ટેમ્પાની પાછળાથી પુરપાટ ઝડપે આવેલી ટ્રેલરે ટકકર મારતાં મુસ્તાક અને ગુલામ બે ભાઈઓ પર ટેમ્પોના આગળના વ્હીલના જોટા ફરી વળ્યા હતા. અને ફરિયાદી ફરિયાદી ટેમ્પાની વચ્ચેના ભાગે હોઈ ફરિયાદી અને અન્ય બે વ્યક્તિઓને ઓછી વતી ઈજાઓ પહોંચી હતી. આસપાસાથી લોકો દોડી આવ્યા હતા. અને બે ભાઈઓને બેભાન અવસૃથામાં હતા. જેમાં ગુલામનું સૃથળ પર જ મોત નીપજ્યું હતું.

### જૂની અદાવતમાં મારામારી બાદ અપહરણ કરાયું

# નિકોલમાં પાંચ શખ્સે યુવક અને તેના મિત્રનું અપહરણ કરીને માર માર્યો

### આ મામલે યુવક અને તેના મિત્રએ નિકોલ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

નિકોલમાં અમર જવાન સર્કલ પાસે ગાડી લે-વેચનો ધંધો કરતો યુવક અને તેના મિત્રને પાંચ શખ્સોએ અપહરણ કરીને ઢોર માર માર્યો છે. જૂના ઝઘડાની અદાવતમાં પાંચ શખ્સોએ યુવક અને તેના મિત્રને ગાડીમાં બેસાડી દીધા હતા. ત્યારબાદ વિશાલા નજીક આવેલા સુપ્રીમ કોમ્પલેક્ષની ઓફિસમાં લઈ જઈને યુવક અને તેના મિત્રને બાંધીને માર માર્યો હતો.



આ ઉપરાંત યુવકના માથામાં ચપ્પાનો એક ઘા મારવામાં આવ્યો હતો. આ મામલે યુવક અને તેના મિત્રએ નિકોલ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. નિકોલમાં ૧૯ વષીય યુવક પ્રદ્યુમનસિંહ સિકરવાર અભ્યાસ કરે છે અને મિત્રની સાથે ગાડી લે-વેચનો ધંધો કરીને પરિવારને મદદરૂપ બને છે. સોમવાર રાત્રે યુવક અને તેનો મિત્ર દુકાનની બહાર બેઠા હતા. આ સમયે તેની બાજુની દુકાનમાં પણ કાર ડિલરનો ધંધો કરતા ત્રણ શખ્સો સાથે યુવકના મિત્ર રાજ કાનાણીનો અગાઉ જૂનો ઝઘડો ચાલતો હતો. આ વાતની અદાવત રાખીને ત્રણ શખ્સો યુવક અને તેના મિત્રની દુકાન સામેથી ગાળો બોલતા પસાર થતા હતા. ગાળો કોને બોલે છે તેવું કહેતા ત્રણ શખ્સો યુવક અને તેના મિત્ર રાજ કાનાણીને મારામારી થઈ હતી. ત્રણ શખ્સો બંને યુવકને ગાડીમાં બેસાડીને વિશાલા પાસે આવેલા સુપ્રીમ કોમ્પલેક્ષમાં લઈ ગયા અને એક ઓફિસમાં બાંધી દીધા બાદ ઢોર માર મારવા લાગ્યા હતા. આ સમયે ફરિયાદી યુવકને માથામાં ચપ્પાનો એક ઘા પણ મારી દીધો હતો. ત્યારબાદ બંને યુવકોને પાર્કિંગમાં લઈ ગયા અને ત્યાં પણ માર માર્યો હતો.

તકનો લાભ લઈને યુવકનો મિત્ર રાજ કાનાણી ફરાર થઈ ગયા બાદમાં પાંચ શખ્સો યુવકને સારવાર માટે હોસ્પિટલની બહાર મૂકીને જતા રહ્યા હતા. ઈજાગ્રસ્ત યુવકે સારવાર લીધા બાદ નિકોલ પોલીસ સ્ટેશનમાં દિશુ ધામલિયા, રવિ અને શુભમ દસાડીયા, મૌલિક ગાબાણી તથા ઉર્વેશ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

## ગુજરાતમાં માવઠાથી પાક નુક્સાનીનો સર્વે પરિપૂર્ણ

। (એજન્સી) ગાંધીનગર, તા.૫ ।

ગુજરાતમાં ૧૩મી મેથી ૧૮મી મે સુધી થયેલા માવઠાને કારણે ખેતી અને બાગાયતી પાકોને ભારે નુકસાન પહોંચ્યું હતું. જેના કારણે ખેડૂતોને ભારે નુકસાન સહન કરવું પડ્યું હતું. રાજ્ય સરકારે માવઠાને કારણે પાક નુકસાનીનો સર્વે કરવા આદેશ આપ્યો હતો જે હવે પૂર્ણ કરી દેવાયો છે. તેનો વિગતવાર અહેવાલ કૃષિ વિભાગને સોંપવામાં આવ્યો છે.કૃષિ વિભાગના સર્વે પ્રમાણે રાજ્યમાં અંદાજિત ૧૬,૧૭૭ હેક્ટર વિસ્તાર માવઠાને કારણે અસરગ્રસ્ત થયો છે. ગુજરાતના ૭ જિલ્લાના ૧૦,૯૪૩ ખેડૂતોને નુકસાન થયું છે. અંદાજે ૨૭.૫૦ કરોડથી વધુની સહાય ખેડૂતોને આગામી સમયમાં સરકાર દ્વારા SDRFના નિયમો હેઠળ ચૂકવવાની કાર્યવાહી હાથ ધરાશે. કમોસમી વરસાદ બાદ કૃષિ વિભાગ દ્વારા કરવામાં આવેલા સર્વે પ્રમાણે ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા, મહેસાણા, અરવલ્લી તેમજ મધ્ય ગુજરાતના ખેડા જિલ્લામાં પાકોને નુકસાન થયું છે. કૃષિ વિભાગના સર્વે પ્રમાણે અંદાજિત ૧૬,૧૭૭ હેક્ટર વિસ્તારમાં તેમજ કુલ ૧૦,૯૪૩ ખેડૂતો કમોસમી વરસાદના કારણે અસરગ્રસ્ત થયા હતા. આમ, પ્રાથમિક અંદાજ મુજબ SDRFના અંદાજિત સહાય રકમ ૨૭.૫૦ કરોડ રૂપિયા થાય છે. હજુ દક્ષિણ ગુજરાતમાં અંદાજિત સહાયની રકમ કેટલી થાય છે એ ગણતરી કરવામાં આવી રહી છે.વલસાડ જિલ્લામાં કમોસમી વરસાદથી કુલ અસરગ્રસ્ત વિસ્તારમાં ૭૩.૩૧ હેકટરનો સમાવેશ થાય છે.


### પતિએ ઝેરી દવા પી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો

## સુરતમાં ઘરકંકાસથી કંટાળેલા પતિએ પત્નીની પાવડો મારી હત્યા કરી

### રાધાએ પિતાને પૂછ્યું તો તેમણે જણાવ્યું કે, ગતરાત્રે તારી મમ્મી સાથે ઝઘડો થયો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

ગોડાદરાના દેવધના ખેતરમાં ઘરકંકાસથી કંટાળી પતિએ પત્નીની પાવડો મારી હત્યા કરી દીધી હતી. હત્યા બાદ પોતે પણ ઝેરી પ્રવાહી પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગોડાદરા પોલીસે આ મામલે પતિ સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો. પોલીસ સૂત્રોના કહેવા પ્રમાણે ગોડાદરા નજીક દેવધ ખાતે રહેતા રાધાબેન કિશનભાઈ રાઠોડ (૨૪) ખેતરમાં મજૂરી કામ કરે છે. તેમના પિતા ભીખાજી રાઠોડે પ્રથમ લગ્ન હંસાબેન સાથે કર્યા હતા. તેમના થકી સંતાનમાં પુત્રી રાધાબેન અને પુત્ર ધર્મેશ છે. માતાના મૃત્યુ બાદ તેણીના પિતા ભીખાએ વૈશાલીબેન સાથે બીજા લગ્ન કર્યા હતા. તેઓ દેવધ ખાતે સર્વે નં. ૧૫૧વાળા ધર્મેશભાઈના



ખેતરમાં આવેલી ઓરડીમાં રહેતા હતા અને ત્યાં જ ખેતમજૂરી કરતા હતા. સાવકી માતા વૈશાલીને અગાઉના પતિ થકી ૩ સંતાનો છે. જે પૈકી ૨ બાળકો રાધા સાથે રહે છે. દરમિયાન રાધાબેન દેવધ ખાતે ધર્મેશભાઈના ખેતરમાં કેરી વીણવા ગયા હતા. ત્યાં તેના પિતા જોઈ જતા તેમણે બૂમાબૂમ કરી હતી. ખેતરમાં ઓરડીના ઓટલા પર માતા વૈશાલી બેહોશ હાલતમાં પડેલી જોવા મળી હતી. પિતા ભીખાભાઈ ઊલટીઓ કરતા નજરે પડ્યા હતા. રાધાએ પિતાને પૂછ્યું તો તેમણે જણાવ્યું કે, ગતરાત્રે તારી મમ્મી સાથે ઝઘડો થયો હતો. જેથી ઉશ્કેરાટમાં તેને પાવડો મારતા તે મરી ગઈ છે. મેં ઘાસ મારવાની દવા પી લીધી છે ‘‘એવું કહ્યું હતું. પિતાએ માતા વૈશાલીને કપાળ, દાઢી, કમર તથા પીઠના ભાગે આડેધડ પાવડા વડે હુમલો કરી હત્યા કરી દીધી હતી. ત્યારબાદ રાધાબેને પતિને બોલાવી સમગ્ર હકીકત વર્ણવતા ૧૦૮માં પિતા ભીખાને સારવાર અર્થે સિવિલ ખસેડયા હતા. દંપતી વચ્ચે રોજ ઝઘડા થતા હતા. બનાવ અંગે રાધાબેને ફરિયાદ આપતા ગોડાદરા પોલીસે ભીખા બહાદુર રાઠોડ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધ્યો હતો.

### ગેનીબેન ઠાકોરનો વિજય થતાં

## વાવ વિધાનસભા બેઠક ઉપર હવે પેટાચૂંટણી યોજાશે



। (એજન્સી) વાવ, તા.૫ ।

ગુજરાતમાં લોકસભા ચૂંટણી અને પાંચ પેટા ચૂંટણીનું પરિણામ ગઈકાલે જાહેર થઈ ગયું છે. જેમાં કોંગ્રેસને ૨૬માંથી માત્ર ૧ જ બેઠક મળી છે. બનાસકાંઠા લોકસભા બેઠક પર કોંગ્રેસ ઉમેદવાર ગેનીબેન ઠાકોરનો ભવ્ય વિજય થતાં ૬૨ વર્ષે બનાસકાંઠામાં કોંગ્રેસનું ખાતું ખુલ્યું છે. ગેનીબેન ઠાકોરનો વિજય થતાં ખાલી પડેલી વાવ વિધાનસભા પર પેટા ચૂંટણી યોજવી પડશે. બનાસકાંઠામાં સિટિંગ ધારાસભ્ય સાંસદ બનતાં વાવ વિધાનસભાની બેઠક ખાલી પડી છે. વાવ વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણીમાં કોંગ્રેસ ગુલાબસિંહ રાજપૂતને ટિકિટ આપી શકે છે તેવી અટકળો ચાલી રહી છે. ગુલાબસિંહ પીરાભાઈ રાજપૂત થરાદ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા ગુજરાત વિધાનસભાના સભ્ય છે. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના સભ્ય છે. તેઓ પ્રથમ વખત ૨૦૧૯માં થરાદમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની ભારતીય યુવા કોંગ્રેસ યુવા પાંખના ભાગ એવા ગુજરાત યુથ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હતા.

## સાબરમતી રિવરફ્રન્ટ રોડ પર AMTS બસ દોડાવાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૫ ।

શહેરમાં મુસાફરો માટે ડબલ ડેકર બસ શરૂ કરવામાં આવી છે. હવે AMC દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ રોડ પર AMTS બસ દોડાવવા માટે નિર્ણય લેવાયો છે. રિવરફ્રન્ટ પર હવેથી વાસણા બસ ટર્મિનસથી લઈ વાડજ બસ ટર્મિનસ સુધી કુલ ૧૦ જેટલી બસો દોડાવાશે. બસ વાસણા ટર્મિનસથી ઉપડી ચંદ્રનગર થી રિવરફ્રન્ટમાં પ્રવેશ કરશે અને વાડજ સ્મશાન પાસેથી બહાર નીકળી વાડજ ટર્મિનસ સુધી જશે. વિશ્વ પર્યાવરણ દિવસે જે ઈલેક્ટ્રીક એસી બસને લીલી ઝંડી આપવામાં આવનારી છે તે બસો આ રિવરફ્રન્ટ રૂટ ઉપર દોડશે. AMTS કમિટીના ચેરમેન ધરમસિંહ દેસાઈએ મીડિયાને જણાવ્યું હતું કે, ૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણના દિવસે AMTSની ઈલેક્ટ્રીક છઝ બસોને લીલીઝંડી આપવામાં આવનાર છે. તેમાંથી ૧૦ બસો હવે સાબરમતી રિવરફ્રન્ટ રૂટ ઉપર દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાબરમતી રિવરફ્રન્ટ પર જે મુલાકાતીઓ આવે છે. તેઓને બસની સુવિધા મળી રહે તેના માટે થઈ આ રૂટ પસંદ કરવામાં આવ્યો છે. વાસણાથી વાડજ સુધીનો રુટ લેવામાં આવ્યો છે. શહેરના ફરવાલાયક સ્થળ એવા કાંકરિયા પરિસરમાં આવેલુ બાલવાટિકા આગામી બુધવારથી નાગરિકો માટે બંધ કરવામાં આવશે. કાંકરિયાના બાલવાટિકાનું નવીનીકરણ કરવામાં આવનાર છે. જે કામગીરી પાંચ જૂનથી શરૂ થવાની હોવાથી સમગ્ર બાલવાટિકા ત્યાં સુધી નવીનીકરણ ન કરવામાં આવે ત્યાં સુધી બંધ રાખવા અંગેનું નિર્ણય કાંકરિયા લેકફ્રન્ટ દ્વારા લેવામાં આવ્યો છે.

## ખેડામાં પાણીનો હોજ ફાટતા એક જ પરિવારની 3 બાળકીઓના મોત

। (એજન્સી) ખેડા,તા.૫ ।

ખેડાના વડાલા ગામે ખેતરમાં પાણીનો હોજ બનાવેલો હતો, જે હોજ અચાનક ફાટતા હોજની દીવાલના કાટમાળ ખસ્યો અને જેના તળે ત્રણ દીકરીઓ દટાઈ જતા મોત ખેડામાંથી એક દૂર્ઘટીત અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે. જ્યાં એક જ પરિવારના ત્રણ બાળકીઓના મોત થયા છે. વડાલા ગામે ખેતરમાં પાણીનો હોજ ફાટતા ઘટના બની હતીૐ બાળકીઓના કમકમાટી ભર્યા મોત વિગતે વાત કરીએ તો ખેડાના વડાલા ગામે ખેતરમાં પાણીનો હોજ બનાવેલો હતો.

**વિશેષ** | મુખ્યમંત્રીએ અમદાવાદ ખાતેથી AMCના વિવિધ પર્યાવરણલક્ષી પ્રકલ્પોનો શુભારંભ કરાવ્યો

# વિશ્વ પર્યાવરણ દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વૃક્ષારોપણ કરીને ‘મિશન થ્રી મિલિયન ટ્રીઝ’ અભિયાનનો પ્રારંભ કરાવ્યો

### AMTS દ્વારા નવા શરૂ કરવામાં આવનાર મેટ્રો કનેક્ટિવિટી ફીડર રુટ અને રિવરફ્રન્ટના નવા રુટ પરની ઈ-બસોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફ્લેગ ઓફ કરાવ્યું

। (માહિતી) અમદાવાદ ।

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતેથી AMCના વિવિધ પર્યાવરણલક્ષી પ્રકલ્પોનો પ્રારંભ કરાવ્યો હતો. અમદાવાદના સોલા ઉમિયા કેમ્પસ ખાતે વૃક્ષારોપણ કરીને મુખ્યમંત્રીશ્રીએ ’મિશન થ્રી મિલિયન ટ્રીઝ’ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ મિશન થ્રી મિલિયન ટ્રીઝના લોગો અને પોસ્ટરનું પણ વિમોચન કર્યું હતું. આ પ્રસંગે સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા અને મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈન પણ ઉપસ્થિત રહ્યાં હતાં. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે એ.એમ.ટી.એસ. દ્વારા નવા શરૂ કરવામાં આવનાર મેટ્રો કનેક્ટિવિટી ફીડર રુટ અને રિવરફ્રન્ટના નવા રુટ પરની ઈ-બસોને તેમજ અ.મ્યુ. કો.ની RRR (રીડ્યુશ, રીયુઝ, રીસાયકલ) વાનને લીલી ઝંડી આપી ફ્લેગ ઓફ કરાવ્યું હતું.





અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરનું ગ્રીન કવર વધારવાના ઉમદા આશય સાથે ’મિશન થ્રી મિલિયન ટ્રીઝ’ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ૩૦ લાખ જેટલા વૃક્ષો વાવવામાં આવશે. આ પહેલ આવનારા સમયમાં શહેરનું એકંદર તાપમાન અને પ્રદૂષણ ઘટાડવામાં મદદરૂપ બનશે. AMC દ્વારા બનાવવામાં આવેલા વિવિધ ઓકસીજન પાર્ક પણ આ જ દિશામાં શહેરનું ગ્રીન કવર અધરી રહ્યા છે તેમજ નાગરિકોની સુખાકારીમાં વધારો કરી રહ્યા છે.

અ.મ્યુ.કો.ની RRR (રીડ્યુસ, રીયુઝ, રીસાયકલ) વાન પર શહેરીજનો પોતાના વધારાનાં જૂનાં કપડાં, પગરખાં, ઘરગથ્થુ વસ્તુઓ, રમકડાં, પુસ્તકો, નાનું ફર્નિચર વગેરે જેવી વસ્તુઓ આપી શકશે. શહેરીજનો દ્વારા અર્પણ કરવામાં આવેલી આ ચીજવસ્તુઓને યોગ્ય વ્યવસ્થાપન દ્વારા રિયુઝ કે રિસાયકલ કરવામાં આવશે. આ પહેલનો ઉદ્દેશ વેસ્ટ રીડ્યુસ કરીને શહેરને સ્વચ્છ અને સુઘડ બનાવવાનો તેમજ સસ્ટેનેબ્લ વેસ્ટ મેનેજમેન્ટને પ્રોત્સાહન આપવાનો છે. આ ઉપરાંત, આ પ્રસંગે ફ્લેગ ઓફ કરાયેલ મેટ્રો કનેક્ટિવિટી ફીડર રુટ અને રિવરફ્રન્ટના નવા રુટ પરની ઈ-બસો ઈકો ફ્રેન્ડલી પબ્લિક ટ્રાન્સપોર્ટને પ્રોત્સાહન આપશે. તેના લીધે શહેરના કાર્બન ઉત્સર્જન અને હવા પ્રદૂષણમાં ઘટાડો પણ થશે અને નાગરિકોને રિવરફ્રન્ટ અને મેટ્રો સ્ટેશન માટે એક સરળ અને સુવિધાયુક્ત જાહેર પરિહન સુવિધા પ્રાપ્ત થશે. મેટ્રો કનેક્ટિવિટી ફીડર રુટ દ્વારા શહેરીજનોને મેટ્રો સ્ટેશન સુધી પહોંચવા પોતાના અંગત વાહનની જરૂરિયાત રહેશે નહિ, જે પરોક્ષ રીતે પણ પર્યાવરણ માટે લાભદાયી નીવડશે. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન, ડેપ્યૂટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ અને અમિતભાઈ ઠાકર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, મ્યુનિ. કાઉન્સિલરશ્રીઓ તથા AMC અને AMTSના પદાધિકારીઓ/કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.





ઉત્તરપ્રદેશના લખનૌમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા પર્યાવરણ દિવસ નિમિત્તે એક વૃક્ષ વાવીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

### કેન્દ્રીય મંત્રી આરકે સિંહ હારી ગયા

# લોકસભા ચૂંટણીમાં કેટલાક રાજ્યમાં નરેન્દ્ર મોદીનો જાદૂ જરાય ના ચાલ્યો

## ધારણા કરતાં ખૂબ જ ઓછી બેઠકો પર જીત મેળવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)એ બિહારમાં ૭૫ ટકા બેઠકો જીતી પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું, પરંતુ ૨૦૧૯ની જેમ આ વખતે મોદીનો ખાસ કોઈ જાદુ ચાલ્યો નહીં. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૪૦માંથી ૩૯ બેઠકો જીતનાર NDAને આ વખતે માત્ર ૩૦ બેઠકોથી સંતોષ માનવો પડ્યો છે. ગત વખતે મહાગઠબંધન કિશનગંજની માત્ર એક બેઠક જીતી શક્યું હતું. આ વખતે તેણે નવ બેઠકો જીતી છે. NDA, BJP અને JDU તરફથી અપક્ષ તરીકે પપ્પુ યાદવે ૧૭ અને ૧૬ બેઠકો પર ચૂંટણી લડી હતી. બંને પક્ષોએ ૧૨-૧૨ બેઠકો જીતી હતી. ચિરાગ પાસવાનની આગેવાની હેઠળની LJP (RA) એ તેની તમામ પાંચ બેઠકો જીતીને ૧૦૦ ટકા સફળતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. જીતન રામ માંઝીના હિન્દુસ્તાની આવામ મોરચા (HAM) એ પણ તેની એકમાત્ર ગયા બેઠક જીતી છે. એનડીએના સાથી ઉપેન્દ્ર કુશવાહાને આ વખતે પણ કરકટથી હારનો સામનો કરવો પડ્યો હતો જેના કારણે તેમનો પક્ષ રાષ્ટ્રીય લોક મોરચા (RLMO) પોતાનું ખાતું ખોલાવી શકી ન હતી. આરજેડીએ ૨૩ બેઠકો પર ચૂંટણી લડી હતી પરંતુ માત્ર ચાર બેઠકો જીતી શકી હતી. કોંગ્રેસે નવમાંથી ત્રણ બેઠકો જીતી હતી જ્યારે CPI(ML)એ ત્રણમાંથી બે બેઠકો જીતી હતી. આ વખતે પણ મુકેશ સાહનીના નેતૃત્વવાળી વિકાસશીલ ઈન્સાન



પાર્ટી (VIP) ત્રણ બેઠકો પર ચૂંટણી લડી હતી અને તમામમાં હારી ગઈ હતી. સીપીઆઈ અને સીપીએમને પણ એક-એક બેઠક પર હારનો સામનો કરવો પડ્યો હતો. કેન્દ્રીય ઉર્જા મંત્રી આરકે સિંહને આરાથી હારનો સામનો કરવો પડ્યો છે. CPI(ML)ના સુદામા પ્રસાદે આ બેઠક ભાજપ પાસેથી છીનવી લીધી છે. એ જ રીતે પાટલીપુત્રથી ભાજપની ટિકિટ પર સતત બે ટર્મથી જીતી રહેલા પૂર્વ કેન્દ્રીય રાજ્ય મંત્રી રામકૃપાલ યાદવને પણ હારનો સામનો કરવો પડ્યો છે. પાટલી પુત્રના લોકોએ ત્રીજા પ્રયાસમાં જીત માટે લાલુ પ્રસાદની મોટી પુત્રી મીસા ભારતીને આશીર્વાદ આપ્યા છે. ડાબેરી ઉમેદવાર ભોજપુરી સુપરસ્ટાર પવન સિંહની હાજરીએ પૂર્વ કેન્દ્રીય મંત્રી ઉપેન્દ્ર કુશવાહાને કરકટમાં ત્રીજા સ્થાને ધકેલી દીધા છે. CPI(ML)ના રાજારામ સિંહ કુશવાહા અહીંથી જીત્યા હતા. પવન સિંહ બીજા ક્રમે રહ્યા હતા. વિધાન પરિષદના અધ્યક્ષ દેવેશચંદ્ર ઠાકુર સીતામઢીથી અને લવલી આનંદ શિવહરથી જીત્યા છે. એ જ રીતે, રવિશંકર પ્રસાદ પટના સાહિબથી, ગિરિરાજ સિંહ બેગુસરાયથી, રાધા મોહન સિંહ પૂર્વ ચંપારણથી, રાજીવ રંજન પ્રસાદ સિંહ ઉર્ફે લલન સિંહ મુંગેરથી અને સુરેન્દ્ર યાદવ જહાનાબાદ બેઠક પરથી જીત્યા છે. નેતાઓના પુત્ર-પુત્રીઓ પણ મોટી સંખ્યામાં ચૂંટણી લડ્યા હતા. જેમાં હાજીપુરથી ચિરાગ પાસવાન, સમસ્તીપુરથી મંત્રી અશોક ચૌધરીની પુત્રી શાંભવી ચૌધરી, નવાદાથી સીપી ઠાકુરના પુત્ર વિવેક ઠાકુર અને પાટલીપુત્રથી લાલુ પ્રસાદની મોટી પુત્રી મીસા ભારતીએ જીત મેળવી છે. જ્યારે સારણથી લાલુ પ્રસાદની પુત્રી રોહિણી આચાર્ય, પટના સાહિબથી મીરા કુમારના પુત્ર અંશુલ અવિજીત, સની હજારી, સમસ્તીપુરથી મંત્રી મહેશ્વર હજારીના પુત્ર આકાશ સિંહ, મહારાજગંજથી કોંગ્રેસના સાંસદ અખિલેશ પ્રસાદ સિંહના પુત્રને હારનો સામનો કરવો પડ્યો હતો. આ લોકસભા ચૂંટણીમાં NDAએ ઉત્તર બિહારનો પોતાનો કિલ્લો જાળવી રાખ્યો હતો. આ વખતે પણ ઉત્તર બિહાર અને તિરહુતની તમામ બેઠકો પર ભાજપ, જેડીયુ અને એલજેપીના ઉમેદવારો વિજયી થયા હતા. મહાગઠબંધન દક્ષિણ બિહારમાં તૂટવાથી એનડીએને ભારે નુકસાન થયું છે. જો તબક્કાવાર વિશ્લેષણ કરવામાં આવે તો લોકસભાની ચૂંટણીનો પ્રથમ અને બીજો તબક્કો ટાઈ થયો હતો. પ્રથમ તબક્કાની ચાર બેઠકોમાંથી બંને ગઠબંધનને બે-બે બેઠકો મળી હતી. બીજા તબક્કાની પાંચ બેઠકોમાં, સ્કોર બે-બે હતો જ્યાં એક બેઠક અપક્ષે જીતી હતી. આ પછી ત્રીજાથી છઠ્ઠા તબક્કા સુધી યોજાયેલી ચૂંટણીની તમામ ૨૩ બેઠકો પર NDAએ જીત મેળવી હતી.

### ઈટાલીના વડાપ્રધાને મોદીને અભિનંદન પાઠવ્યા

# વૈશ્વિક નેતાઓએ નરેન્દ્ર મોદીને જીત માટે અભિનંદન પાઠવ્યા હતા

## ઈટલીના વડાપ્રધાનથી લઈને માલદીવના રાષ્ટ્રપતિ સુધીના વૈશ્વિક નેતાઓએ નરેન્દ્ર મોદીને જીત માટે પાઠવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

નરેન્દ્ર મોદી જંગીએ લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ફરી જંગી મતોથી જીત મેળવી છે. ભાજપને બહુમતી ન મળે તો પણ એનડીએ ગઠબંધન જાદુઈ આંકડા સુધી પહોંચી ગયું છે. પરિણામે જો બધું બરાબર રહેશે તો નરેન્દ્ર મોદી ફરી સરકાર બનાવશે. એટલા માટે ઈટાલિયન વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીથી લઈને માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુ સુધીના ભૂતપૂર્વ અને વર્તમાન રાજ્ય વડાઓએ તેમની જીત માટે તેમને અગાઉથી અભિનંદન આપ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઈટાલીના વડાપ્રધાન સાથેના સંબંધો કોઈનાથી અજાણ્યા નથી.

સ્વાભાવિક રીતે, જ્યોર્જિયા મેલોનીએ વારાણસીના સાંસદ તરીકે નરેન્દ્ર મોદીની હેટ્રિક અને NDA ગઠબંધન પછી તેમને અભિનંદન ટ્વીટ કર્યા. તેમણે ટ્વીટર પર લખ્યું, ‘‘ચૂંટણી જીતવા બદલ નરેન્દ્ર મોદીને અભિનંદન. અમે ઈટાલી અને ભારતને એક કરવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખીશું અને અમારા લોકોના ભલા માટે વિવિધ મુદ્દાઓ પર સહયોગને એકીકૃત કરીશું.’’ ઈટાલીના વડાપ્રધાનના અભિનંદનથી અભિભૂત થઈને નરેન્દ્ર મોદીએ પણ તેમનો આભાર માન્યો હતો. તેમણે ટ્વિટર પર જણાવ્યું હતું કે, તેમણે ભારત-ઈટાલીના રાજદ્વારી સંબંધોને વધુ ગાઢ બનાવવાનું વચન આપ્યું હતું. ઈટલીના




વડાપ્રધાન જ નહીં પરંતુ માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈજ્જુએ પણ નરેન્દ્ર મોદીને તેમની જીત પર અભિનંદન પાઠવ્યા હતા. રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા બાદથી મોહમ્મદ મુઈજ્જુ વિવિધ મુદ્દાઓ પર ભારતનો વિરોધ કરીને દેશ-વિદેશમાં વિવાદોમાં ફસાયા હતા. પરંતુ આ વખતે તેમણે જૂના સંઘર્ષને પાછળ છોડીને નરેન્દ્ર મોદીને તેમની જીત માટે અભિનંદન પાઠવ્યા હતા. મુઈજ્જુએ બંને દેશોની સમૃદ્ધિ અને સ્થિરતા જાળવવા સાથે મળીને કામ કરવાનો સંદેશ પણ આપ્યો હતો. તે જ સમયે, માલદીવના ઉપરાષ્ટ્રપતિ હુસૈન મોહમ્મદ લતીફ, પ્રથમ રાષ્ટ્રપતિ મોહમ્મદ નશીદ, પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ્લા શાહિદે પણ મોદીને અભિનંદન પાઠવ્યા હતા. એ જ રીતે ભૂટાનના વડા પ્રધાન શેરિંગ ટોબગેએ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા નરેન્દ્ર મોદી સાથે મજબૂતીથી કામ કરવાનો સંદેશ આપ્યો છે. ટોબગેએ ભારતને મહાન ઉંચાઈ પર લઈ જવા માટે વડાપ્રધાન મોદીની પણ પ્રશંસા કરી હતી. ફરી નેપાળના વડાપ્રધાન પુષ્પકમલ દહલે પણ ભાજપ અને એનડીએ ગઠબંધનની જીત માટે અભિનંદન પાઠવ્યા છે. તેમણે વિશ્વના સૌથી મોટા લોકતાંત્રિક ઉત્સવમાં ભાગ લેવા બદલ ભારતના તમામ લોકોને અભિનંદન પણ પાઠવ્યા હતા. શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે અને વિપક્ષના નેતા સાજીથ પ્રેમદાસાએ પણ નમોને તેમની જીત પર અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ટ્વિટર પર લખ્યું છે કે તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતના લોકોની સમૃદ્ધિ અને પ્રગતિની ખાતરી છે.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સરથ ફોનસેકાથી લઈને પૂર્વ રાષ્ટ્રપતિ મહિન્દ્રા રાજપક્ષે સુધી, મોદીના વિઝન અને દ્રઢ નિશ્ચયની પ્રશંસા કરવામાં આવી હતી અને તેમની જીત પર તેમને અભિનંદન આપ્યા હતા. બીજી તરફ, મોરેશિયસના પૂર્વ વડાપ્રધાન પ્રવિંદ કુમાર જુગનાથે નરેન્દ્ર મોદીને તેમની ત્રીજી ભવ્ય જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું કે મોદીના નેતૃત્વમાં ભારત-મોરેશિયસ વિશેષ દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત થશે. જમૈકાના વડા પ્રધાન એન્ડ્રૂ હોલનેસ, બાર્બાડોસના વડા પ્રધાન મિયા એમોર મોટેલોએ પણ નરેન્દ્ર મોદીને તેમની વિશાળ જીત બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### ન્યૂઝ બ્રિફ

## સિંગર સોનું નિગમના નામથી “અયોધ્યા વાસી શરમ કરો”નું ટ્વીટ વાયરલ

। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો ચોંકાવનારા આવ્યા છે. ઘણી લોકસભા બેઠકોના પરિણામો ચોંકાવનારા છે અને સૌથી વધુ જે લોકસભા બેઠકના પરિણામે લોકોને ચોંકાવ્યા છે તે બેઠક ફૈઝાબાદ એટલે કે ઉત્તર પ્રદેશનું અયોધ્યા છે. જ્યાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યુ છે. અયોધ્યામાં ભારતીય જનતા પાર્ટીએ હારનો સામનો કરવો પડ્યો છે. અયોધ્યાથી સમાજવાદી પાર્ટીએ મોટા માર્જિનથી જીત હાસંલ કરી છે. અયોધ્યામાં ભાજપની હાર વચ્ચે એક ટ્વીટ વાયુવેગે વાયરલ થઈ રહ્યું છે. આ ટ્વિટ ‘સોનુ નિગમ‘નું છે, જેણે ચારેય બેજુ હલચલ મચાવી દીધી છે. આ ટ્વીટ જોયા બાદ ઘણા X યુઝર્સે સિંગર સોનુ નિગમ પર નિશાન સાધ્યું છે. હકીકતમાં સોનુ નિગમ નામના એક ઠ યુઝરે અયોધ્યામાં ભાજપની હાર પર ટ્વીટ કર્યું છે. આ ટ્વીટમાં તેણે લખ્યું કે, જે સરકારે આખા અયોધ્યાને રોશન કર્યું, નવું એરપોર્ટ આપ્યું, રેલ્વે સ્ટેશન આપ્યું, ૫૦૦ વર્ષ બાદ રામ મંદિર બનાવીને આપ્યું, એક પૂરી ટેમ્પલ ઈકોનોમી બનાવીને આપી તે પાર્ટીને અયોધ્યા બેઠક પર જીત માટે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. અયોધ્યાવાસીઓ શરમજનક છે! વેરિફાઈડ એકાઉન્ટથી કરવામાં આવેલ આ ટ્વીટને જોયા બાદ ઘણા યુઝર્સે સિંગર સોનુ નિગમને આડે હાથ લઈ તેના પર નિશાન સાધ્યું.

## પાક.ના ખેલાડીઓની પૈસા કમાવાની લાલચનો પર્દાફાશ

। (એજન્સી) લાહોર, તા.૫ ।

વિવાદ અને પાકિસ્તાન ક્રિકેટને બહુ જૂનો સંબંધ છે. પાકિસ્તાની ક્રિકેટ ટીમ હાલમાં અમેરિકામાં T20 World Cup રમી રહી છે પરંતુ વિવાદ અહીં પણ તેનો પીછો નથી છોડી રહ્યો. આ વખતના વિવાદનું કારણ છે એક ડિનર. પરંતુ આ ડિનર પાકિસ્તાની ખેલાડીઓની પૈસા કમાવાની લાલચનો પર્દાફાશ કરી ચૂક્યું છે અને તેને કારણે પૂર્વ પાકિસ્તાની ખેલાડી અને કેપ્ટન રાશીદ લતીફ અત્યંત ગુસ્સામાં છે. મૂળ ઘટના એવી છે કે પાકિસ્તાની ટીમે ન્યૂયોર્કમાં પોતાના ફેન્સ માટે Meet and Greetના નામે એક ડિનર પાર્ટીનું આયોજન કર્યુ હતું. અહીં સુધી તો કોઈને વાંધો ન હતો કે ક્રિકેટરો પોતાના વિદેશી ફેન્સને મળવા માંગે છે અને તેમની સાથે ડિનર કરવા માંગે છે પરંતુ વાંધો ત્યાં આવ્યો જ્યારે આ ડિનરમાં જોડાવા માટેની ફી પ્રતિ વ્યક્તિ ૨૫ અમેરિકન ડોલર્સની રાખવામાં આવી. બસ, આ જ વાતે રાશીદ લતીફને ગુસ્સે કરી દીધો છે. રાશીદ લતીફ પાકિસ્તાનના શ્રેષ્ઠ ખેલાડીઓમાં સ્થાન પામે છે અને પાકિસ્તાની ક્રિકેટમાં રહેલી મેચ ફિક્સિંગની બદીને પોતાના રમવાના સમયમાં પણ બહાર લાવવા માટે તે પ્રખ્યાત છે. અત્યારે સોશિયલ મીડિયામાં રાશીદ લતીફનો એક વિડીયો વાયરલ થઈ રહ્યો છે.

### ભાજપને ૪૦૦ બેઠકો ન મળતાં નારાજ થયા

# રાષ્ટ્રીય હિંદુ પરિષદના પ્રમુખે તેના ઘરમાં ટીવી તોડી નાખ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

દેશમાં લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. ૪૦૦ ને પાર કરવાનો ટાર્ગેટ ધરાવતી એનડીએ આ ચૂંટણીમાં ૩૦૦ બેઠક સુધી પણ નથી પહોંચી શકી. ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. એવામાં ઉત્તર પ્રદેશના આગ્રામાં રહેતા રાષ્ટ્રીય હિંદુ પરિષદના પ્રમુખ ગોવિંદ પરાશરે ભાજપને ૪૦૦ બેઠકો ન મળતાં પોતાના ઘરમાં ટીવી તોડી નાખ્યું. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ભાજપને ૪૦૦ બેઠકો ન મળતાં રાષ્ટ્રીય હિંદુ પરિષદના પ્રમુખ ગોવિંદ પરાશરે એક ટેલિવિઝન સેટ તોડી નાખ્યો હતો. આ પછી તેને આગ લગાડી દેવામાં આવી હતી. લોકસભા ચૂંટણીના પરિણામોમાં એનડીએ ૪૦૦ બેઠકનો આંકડો પાર કરી શકી ન હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં રાષ્ટ્રીય હિંદુ પરિષદના પ્રમુખ ગોવિંદ પરાશર હતાશામાં એક ટેલિવિઝન સેટ તોડતા જોઈ શકાય છે. ત્યારબાદ ગોવિંદ પરાશરે પહેલા ટેલિવિઝન સેટ તોડી નાખ્યો અને પછી આગ લગાવી દીધા. હાલ NDA ૨૯૨ બેઠકો પર આગળ છે.

### રામને અભિનંદન પાઠવ્યા

# દીપિકા ચિખલિયાએ ખાસ અવસર પર પોતાની ખુશી વ્યક્ત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

અરુણ ગોવિલ રામાનંદ સાગરની ‘રામાયણ’માં તેમની આઈકોનિક ભૂમિકા માટે વિશ્વભરમાં લોકપ્રિય છે. રામાનંદ સાગરના આ શો પહેલા અને પછી, અરુણ ગોવિલે અન્ય ઘણી ટીવી સિરિયલો અને ફિલ્મોમાં પણ કામ કર્યુ છે, પરંતુ આજે પણ તેઓ ‘રામાયણ’ના રામ તરીકે જ ઓળખાય છે. તે જ્યાં જાય છે ત્યાં લોકો તેને રામ માની લે છે અને તેના ચરણ સ્પર્શ કરવા લાગે છે. ટીવીના રામ હવે પોતાની એક નવી ઓળખ બનાવવા માટે તૈયાર છે. હવે તે અભિનેતામાંથી રાજનેતા બની ગયા છે. તેમણે મેરઠ બેઠક પરથી લોકસભા ચૂંટણીમાં નસીબ અજમાવ્યું અને જીત મેળવી. હવે બધા અરુણ ગોવિલને તેની શાનદાર જીત બદલ અભિનંદન આપી રહ્યા છે. આ દરમિયાન ટીવી શો ‘રામાયણ’માં સીતાના રોલમાં જોવા મળેલી હતી. દીપિકા ચિખલિયાએ પણ આ ખાસ અવસર પર પોતાની ખુશી વ્યક્ત કરી છે અને રામને અભિનંદન પાઠવ્યા છે. દીપિકા ચિખલિયાએ હાલમાં જ તેના ઈન્સ્ટા પર અરુણ ગોવિલ સાથેનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં બંને સોફા પર બેસીને વાત કરતા જોવા મળે છે.

### ફેન્સે આ ખાસ ક્ષણને વધુ યાદગાર બનાવી

# અમિતાભ-જયાને ૫૧મી વેડિંગ એનિવર્સરીની મળી અનોખી ભેટ


। (એજન્સી) મુંબઈ, તા.૫ ।

શહેનશાહ અમિતાભ બચ્ચનના કરોડો ચાહકો તેમના જન્મ દિવસની ઉજવણી માટે આતુર રહેતા હોય છે, પરંતુ તેમના કેટલાક ચાહકો એવા પણ છે કે જેઓ શહેનશાહની મેરેજ એનિવર્સરીની રાહ જોતાં હોય છે અને આ વખતે તમને ચાહકો તરફથી અનોખી ભેટ મળી છે. બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનના ચાહકો માત્ર દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ હાજર છે. તેમની ફિલ્મોને સમગ્ર દુનિયામાં પસંદ કરવામાં આવે છે. ૩ જૂનના રોજ, અમિતાભ બચ્ચન અને જયા બચ્ચને તેમના લગ્નની ૫૧મી વર્ષગાંઠની ઉજવણી કરી. વિદેશમાં બેઠેલા બિગ બીના ફેન્સે અનોખી રીતે આ ખાસ ક્ષણને વધુ યાદગાર બનાવી હતી. અમિતાભ બચ્ચન હિન્દી સિનેમાના દિગ્ગજ કલાકારોમાંના એક છે. છેલ્લા ઘણા દાયકાઓથી કલાકારો પોતાના કામથી લોકોના દિલ પર રાજ કરી રહ્યા છે. અમિતાભ બચ્ચન અને જયા બચ્ચનની જોડી ચાહકોની પસંદ છે. ૩ જૂનના રોજ, બિગ બી અને જયાએ તેમના લગ્નની ૫૧મી વર્ષગાંઠની ઉજવણી કરી. મેગાસ્ટારના માત્ર દેશમાં જ નહીં વિદેશમાં પણ ઘણા ચાહકો છે. આવી સ્થિતિમાં, બિગ બીની વર્ષગાંઠને યાદગાર બનાવવા માટે, વિદેશમાં બેઠેલા ચાહકોએ તેમના માટે એક મોટું સરપ્રાઈઝ પ્લાન કર્યુ હતું.વાસ્તવમાં અમિતાભ બચ્ચને પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયો જોયા બાદ અમિતાભ તેને શેર કરવાથી રોકી શક્યા નથી. સુરતના સાહિલ શાહે ન્યૂયોર્કમાં બિગ બી અને જયાની વર્ષગાંઠની ભવ્ય ઉજવણી કરી હતી. શેર કરેલા વિડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે કપલની લવસ્ટોરીને તેમના ફોટોગ્રાફ્સ દ્વારા બતાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

# ભારતની દરેક મેચ મહત્વપૂર્ણ રહી હતી, જેમાં વર્લ્ડ કપ પણ અલગ નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ રાહુલ દ્રવિડે જાહેરાત કરી કે હેડ કોચ તરીકે T20 વર્લ્ડ કપ તેમની છેલ્લી ટુર્નામેન્ટ હશે. તેમને ફરીથી કોચ બનવા માટેની ઓફર પણ કરવામાં આવી હતી, પરંતુ હવે તેઓ આ પદ પર રહેવા માંગતા નથી, તેમને તેમના પરિવાર સાથે સમય પસાર કરવો છે, તેથી આ જવાબદારીનો તેમણે અસ્વીકાર કર્યો હતો. અને વધુમાં જણાવ્યું કે તેમણે હવે ફરીથી આ પોસ્ટ માટે અરજી કરી નથી.મીડિયા સાથે વાત કરતા દ્રવિડે કહ્યું, ‘મે મુખ્ય કોચ તરીકેના મારા કાર્યકાળની દરેક ક્ષણનો આનંદ માણ્યો



છે. એક કોચ તરીકે મારા માટે ભારતની દરેક મેચ મહત્વપૂર્ણ રહી હતી. જેમાં વર્લ્ડ કપ પણ અલગ નથી. મુખ્ય કોચ તરીકે આ મારી છેલ્લી ટુર્નામેન્ટ છે. ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ દ્વારા ગયા મહિને કોચની નિમણૂક કરવા માટેની અરજીઓ આમંત્રિત કરી હતી. કોચ પદ માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૨૭ મે હતી. પરંતુ નવા મુખ્ય કોચની પસંદગી T20 વર્લ્ડ કપ દરમિયાન કરવામાં આવશે. તેમનો કાર્યકાળ ૧ જુલાઈ, ૨૦૨૪થી શરૂ થશે અને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૭ સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન ટીમ ઈન્ડિયાએ 5 ICC ટૂર્નામેન્ટ રમવાની છે. જેમાં ચેમ્પિયન્સ ટ્રોફી, T-20 વર્લ્ડ કપ અને ODI વર્લ્ડ કપની સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ૨ સાયકલનો સમાવેશ થાય છે. BCCIએ નવેમ્બર ૨૦૨૧માં રાહુલ દ્રવિડને ભારતના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કર્યા હતા. તેઓ હેડ કોચ બન્યા તેની પહેલા ટીમ ઈન્ડિયા T20 વર્લ્ડ કપના ગ્રુપ સ્ટેજમાંથી જ બહાર થઈ ગઈ હતી. આ પછી તેમના વડપણ હેઠળ ટીમ ૨૦૨૨ T20 વર્લ્ડ કપમાં સેમિફાઈનલમાં પહોંચી હતી. ૨૦૨૩માં ODI વર્લ્ડ કપ બાદ દ્રવિડનો કાર્યકાળ પૂરો થઈ ગયો હતો, પરંતુ ટીમ ઈન્ડિયા ફાઈનલમાં પહોંચવાને કારણે તેમનો કાર્યકાળ ૨૦ વર્લ્ડ કપ સુધી લંબાવવામાં આવ્યો હતો. દ્રવિડના કોચિંગ હેઠળ ટીમ ઈન્ડિયાને એકમાત્ર સફળતા ૨૦૨૩માં એશિયા કપના રૂપમાં મળી હતી. ભારતે યજમાન શ્રીલંકાને હરાવીને ટાઈટલ જીત્યું હતું. તેમનો કાર્યકાળ અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનાર T20 વર્લ્ડ કપ પછી સમાપ્ત થશે.

## તંત્રી લેખ...

# ભરણપોષણ માટે પણ વિવિધ પ્રાકૃતિક સંસાધનોનું નિર્માણ

જ્યારે વિધાતો જીવોની સૃષ્ટિ રચી તો તેમના ભરણપોષણ માટે પણ વિવિધ પ્રાકૃતિક સંસાધનોનું નિર્માણ કર્યું. તે અસીમિત તો નથી, પરંતુ પ્રચુર અવશ્ય છે. તેના સદુપયોગથી તમામ પ્રાણીઓની જરૂરિયાતોની પૂર્તિ હંમેશઆં થતી રહેશે. એના પર સમાન રૂપે બધાનો અધિકાર છે. નીર-ક્ષીર વિવેકથી મનુષ્ય તેની સહાયતાથી આત્મ કલ્યાણ અર્થે વિવિધ પદાર્થોનું નિર્માણ કરી શકે છે. વિકાસનો આ ક્રમ અનંત કાળથી ચાલતો રહ્યો છે. જોકે તેમાં વિધાતાનો કોઈ હસ્તક્ષેપ નથી. તેમ છતાં સંસારમાં ઊંચ-નીચના ભેદ દષ્ટિગોચર થાય છે. સંતુષ્ટિનો અભાવ તેનું મુખ્ય કારણ છે. તેથી મનુષ્ય દ્વારા સંસાધનોનો દુરુપયોગ અને અયોગ્ય દોહન કરવામાં આવે છે તથા સમાજમાં જરૂરિયાતથી વધુ ધનાદિ પદાર્થોના સંગ્રહની પ્રવૃત્તિ જોવા મળે છે. તેથી કોઈ શ્રમ કરીને પણ નિર્ધન રહે છે તો કોઈ શ્રમ વિના પણ ધનવાન. સંતુષ્ટિને કામનાઓ સાથે ઘેરો સંબંધ છે. જ્યારે કોઈ વ્યક્તિની કામનાઓ અનંત થઈ જાય છે તો તેનાથી દુનિયામાં અસંતોષ વધે છે અને અસમાનતા પણ. પ્રકૃતિના પ્રચુર સંસાધન પણ ઓછાં પડી જાય છે. સંતુષ્ટિ જ મનુષ્યની વધતી કામનાઓના નિયંત્રણનું યોગ્ય નિદાન છે. 'બિનુ સંતોષ ન કામ નસાડી' કહીને ગોસ્વામી તુલસીદાસજીએ તેની પુષ્ટિ કરી છે. પંરતુ કામનાઓપ લગામ ત્યાં સુધી ન લગાવી શકાય, જ્યાં સુધી સંતુષ્ટિનો માપદંડ નક્કી ન કરીએ. તે માપદંડ બધા લોકો માટે અલગ અલગ હોય છે. કોઈ થોડામા સંતુષ્ટ થઈ જાય છે તો કોઈ ઘણું બધું મેળવીને પણ નથી થતું. તેથી સ્વામી રામકૃષ્ણ પરમહંસ કહે છે - 'સફળતાનો માપદંડ તો બીજા નક્કી કરે છે. પંરતુ સંતુષ્ટિનો માપદંડ ખુદ નક્કી કરવાનો હોય છે.' તેથી વિવેકશીલ વ્યક્તિ બીજાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પોતાની સંતુષ્ટિનો માપદંડ નક્કી કરે છે. જ્યારે સંતુષ્ટિનો આ ભાવ બધામાં આવી જાય છે ત્યારે સમતામૂલક સમાજની સ્થાપના થાય છે અને સર્વે ભવંતુ સુખિનઃનો મંત્ર સફળ થાય છે. કુદરતી સંસાધનો ચીજવસ્તુઓના ઈનપુટ્સમાં ફેરવાયેલી કુદરતી મૂડી છે, જે માળખાકીય મૂડી પ્રક્રિયામાં ફેરવાય છે.તેમાં, જમીનલાકડું, તેલ, ખનીજો અને પૃથ્વીમાંથી મેળવાયેલી અન્ય ચીજોનો સમાવેશ થાય છે. મૂળભૂત સંસાધનોનું નિષ્કર્ષણ અને વધારે શુદ્ધ, સીધા વાપરી શકાય. કુદરતી સંસાધનો માટેની મોટી માગ અને તેમાંથી પેદા થતી ઉર્જાને કારણે આ પ્રક્રિયા જંગી નફો પેદા કરે છે.

## હવામાન વિભાગનું પ્રશંસનીય કામ સાથે તાપમાન સંબંધી સચોટ પૂર્વાનુમાન-ચેતવણીઓ



ભારતના ઉત્તર પશ્ચિમી, મધ્ય, હિમાલયી અંચલ અને મહારાષ્ટ્રમાં આ દિવસોમાં બાળી મૂકતી ગરમીની લહેર ચાલી રહી છે. રાજસ્થાનમાં તો પારો ૫૦ ડિગ્રીને પાર કરી ગયો હતો. પંજાબ, હરિયાણા અને રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ક્ષેત્રના મોટાભાગના વિસ્તારોમાં દિવસનું તાપમાન ૪૫ ડિગ્રીથી પણ ઉપર પહોંચી જાય છે. અનેક વિસ્તારોમાં હોસ્પિટલોમાં ગરમી સંબંધિત કેસોમાં ઉછાળો આવ્યો છે અને કેટલાંક રાજ્યોમાં લૂ લાગવાથી મોત પણ થયાં છે. ફિલ્મી અભિનેતા શાહરૂખ ખાન પણ ગરમીથી બીમાર થઈને અમદાવાદની હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ પ્રભાવ સિવાય તીવ્ર ગરમીની અસર અનેક ક્ષેત્રોની ઉત્પાદકતા પર થવા લાગી છે, જેની આગળ અર્થવ્યવસ્થા પર ઘણો પ્રભાવ પડશે. માત્ર એ ચેતવણી જારી કરવી કે લોકો ઘરની અંદર રહે અને પર્યાપ્ત માત્રામાં પાણી પીતા રહે, તે અપૂરતું છે. તાપમાનના ઉછાળાને નાથવા માટે આપણા બૃહદ નીતિ બનાવવાની જરૂર છે, જે આજની તારીખમાં પણ નથી દેખાતી. અલબત્ત તાપમાન સંબંધી સચોટ પૂર્વાનુમાન અને ચેતવણીઓ સાથે હવામાન વિભાગનું કામ પ્રશંસનીય છે. પહેલી માર્ચે આ વિભાગે માર્ચથી મેની અવધિ માટે તાપમાન સંબંધી અગ્રીમ પૂર્વાનુમાન જારી કર્યું હતું. તેમાં દેશના મોટાભાગના હિસ્સામાં તાપમાન સામાન્યથી વધુ રહેશે તેવું જણાવ્યું હતું. પહેલી એપ્રિલે જારી સંશોધિત પૂર્વાનુમાનમાં જૂન મહિના સુધી સામાન્યથી વધુ ગરમી રહેવાના અનુમાનવાળા વિસ્તારોની જાણકારી વધુ સચોટતાથી આપવામાં આવી. તેમાં ચેતવણી આપવામાં આવી કે લાંબા સમય સુધી ખેંચાનારી અત્યધિક ગરમીની લહેરથી શરીરમાં પાણીની કમી થઈ શકે છે અને બુનિયાદી તંત્ર જેમ કે પાવર ગ્રીડ અને પરિવહન વ્યવસ્થા પ્રભાવિત થઈ શકે છે. આ પડકારોનો હલ કાઢવા માટે એ જરૂરી છે કે પ્રશાસન સક્રિય થઈને ઉપાય કરે. સરકારીની એક અન્ય એજન્સી રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર, હવામાનમાં બદલાવો અને માનવ સ્વાસ્થ્ય માટે રાષ્ટ્રીય કાર્યક્રમ સંચાલિત કરે છે. રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર દ્વારા જારી પરામર્શ પત્રમાં એક ભાગ ગરમીથી સંબંધિત રોગ પર છે, તેમાં ધ્યાનનું કેન્દ્ર લોકોની ભીડવાળા આયોજન અને ખેલ હરીફાઈઓ પર છે જેમ કે ઈન્ડિયન પ્રીમિયર લીગ, જે ૨૨ માર્ચે શરૂ થઈને ૨૬ મેએ ખતમ થઈ. આ દરમ્યાન સાત ચરણોવાળી લોકસભા ચૂંટણી પ્રક્રિયા ૧૯ એપ્રિલથી જૂન ૧ સુધી ચાલી. અત્યધિક ગરમી વેઠી રહેલા વિસ્તારોમાં મતદારોની સંખ્યા આશા કરતાં ઓછી રહી. કેટલાક પ્રસંગે ચૂંટણી પ્રચાર કરી રહેલા ઉમેદવારો તીવ્ર તાપમાનને કારણે બેભાન પણ થયા છે. બેશક આઈપીએલ મેચો મોડી સાંજે શરૂ થતી હતી પરંતુ મોટાભાગના સમયે દર્શકો સામાન્ય રીતે બપોરથી જ સ્ટેડિયમમાં આવી જતા હતા. આ સમયે તાપમાન સૌથી વધારે હોય છે અને ખેલાડી પણ અભ્યાસ દિવસમાં કરે છે. બહુ ભીડવાળા આયોજનો માટે ચેતવણીઓની જેમ શહેરોએ પોતાની ગ્રીષ્મ કાર્યયોજના બનાવીને અમલમાં લાવવી જોઈએ. આ પ્રકારની યોજનાઓમાં લૂનો સ્વાસ્થ્ય પર પ્રભાવ સંબંધી જાહેર જાગરૂકતા બનાવવી, જરૂરિયાત બનતાં ગરમી સંબંધિત રોગના સામના માટે પૂર્વતૈયારી કરવી સામેલ હોય. સંબંધિત તમામ સરકારી એજન્સીઓએ પરસ્પર તાલમેલ બનાવીને, લોકોમાં લૂ લાગવાની સંભાવના.

**જાણે ભૂકંપ આવ્યો કે પછી વાવાઝોડું, પૂર, સૂનામી, ગ્રહોનો ઉલ્કાપાત અને ઘણીવાર તો જ્વાળામુખી પણ ફાટે!**

# પૂરાં વિશ્વમાં એક સનાતન ધર્મ જ એવો ધર્મ છે, જ્યાં પ્રકૃતિ એટલે નેચરને પણ ઈશ્વર માનવામાં આવે છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પર્યાવરણ એટલે આપણી આસપાસનુ વાતાવરણ, દિવસેને દિવસે પર્યાવરણ પ્રદૂષિત થતું જાય છે, પણ આ પ્રદૂષિત પર્યાવરણમાં ઉદ્ભવેલા ઉદ્ઘટકો આપણે જીવન ટકાવી રાખવા કોઈને કોઈ રૂપે ગ્રહણ કરીએ છીએ, એટલે આપણે પણ પ્રદૂષિત થયા છીએ, અને એટલે જ આપણી આંતરિક પ્રકૃતિ અત્યંત અસંતુલિત બની ગઈ છે, કે જરા કંઈક થાય એટલે પત્યું!**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ૫ જૂન એ પર્યાવરણ દિવસ હતો, પરંતુ આપણે લોકસભાની ચૂંટણી પરિણામનાં લેખાંજોખાં કર્યા. આશા નિરાશામાં ગરકાવ થતી સત્તા, સરકાર, અને જનતા,આ ત્રિકોણનું શું થશે? એટલે કે હવે કેવું રાજકારણ ખેલાશે? એને વિશે આપણે ચિંતન કરવું નથી. પરંતુ સરકાર ગમે તે હોય અમુક ફરજો આપણે જ નિભાવવાની હોય, અને એમાં મુખ્ય ફરજ રૂપે આપણે જે આંતર બાહ્ય પ્રદૂષણનો સામનો કરવો પડે છે, અને એમાં અસ્તિત્વ ટકાવવા સતત ઝઝૂમવુ પડે છે, એ ચિંતાનો વિષય છે. પર્યાવરણ એટલે આપણી આસપાસનુ વાતાવરણ, દિવસેને દિવસે પર્યાવરણ પ્રદૂષિત થતું જાય છે, પણ આ પ્રદૂષિત પર્યાવરણમાં ઉદ્ભવેલા ઉદ્ઘટકો આપણે જીવન ટકાવી રાખવા કોઈને કોઈ રૂપે ગ્રહણ કરીએ છીએ. એટલે આપણે પણ પ્રદૂષિત થયા છીએ, અને એટલે જ આપણી આંતરિક પ્રકૃતિ અત્યંત અસંતુલિત બની ગઈ છે, કે જરા કંઈક થાય એટલે પત્યું! જાણે ભૂકંપ આવ્યો કે પછી વાવાઝોડું, પૂર, સૂનામી, ગ્રહોનો ઉલ્કાપાત અને ઘણીવાર તો જ્વાળામુખી પણ ફાટે! એટલે કે જે પંચમહાભૂતથી આ સ્થૂળ શરીર બન્યું છે, એની પર બાહ્ય પ્રદૂષિત પંચમહાભૂતનો પ્રભાવ પડ્યા વગર રહેતો નથી. જો પૃથ્વી નામક આ ગ્રહ પર આપણું અસ્તિત્વ ટકાવી રાખવું હોય, એટલે કે માનવ નામની પ્રજાતિ હજી લાંબુ ખેંચી શકે એવું ઈચ્છતા હોઈએ, તો અમુક જવાબદારીઓ આપણે નિભાવવી પડશે, અને આ પંચઘટકોને સંતુલિત કરવા પડશે. સાથોસાથ આંતર પ્રકૃતિમાં પણ સમજપૂર્વક સંતુલન લાવવા પ્રયત્નો કરવા પડશે. એક બીજું ત્રિકોણ એટલે સંસાર! જે સમય, સંજોગ, અને સંબંધથી રચાતો ત્રિકોણ છે, અને એને બેલેન્સ કરવું હોય તો આ ત્રણ મહત્વના ફેક્ટર વિશે વધુ ને વધુ ચિંતન કરી, દરેક પરિસ્થિતિમાં સમ રહેવા માટે પ્રયત્નશીલ રહેવું પડશે! બાકી આજની આપણી દિશાહીન દોડનું પરિણામ ચૂંટણી પરિણામ કરતાં પણ



ઘાતક હશે! ખાડો ખોદે એ પડે, એમ આપણે અત્યાર સુધી ખાલી ખાડા ખોદવાનું કામ કર્યું છે! અને જો એમાં દટાઈ જઈશું તો પત્યું! કોઈ ને ખબર પણ નહીં પડે કે અહીં પણ કોઈ સંસ્કૃતિ વસતી હતી! જોકે આપણે હવે સંસ્કૃતિનો ઉંબરો ઓળંગી ચૂકયા છીએ, અને એટલે જ પ્રકૃતિની સાથે સાથે આપણી સ્થૂળ આકૃતિ પણ બગડી છે. પૂરાં વિશ્વમાં એક સનાતન ધર્મ જ એવો ધર્મ છે, જ્યાં પ્રકૃતિ એટલે નેચર ને પણ ઈશ્વર માનવામાં આવે છે! અને વૃક્ષોને ઈશ્વરનાં રુંવાડા માનવામાં આવે છે. આપણે ત્યાં નદી, સમુદ્ર, વૃક્ષ, પર્વત, સૂર્ય, ચંદ્ર, અને ગાય જેવા પ્રાણીને દેવ માનીને પૂજવામાં આવે છે. સૌથી મહત્વનું શ્વાસ માટે ઓક્સિજન જરૂરી છે, એટલે પ્રાણવાયુના દાતા હનુમાનજીને પવનપુત્ર તરીકે પૂજાય છે. પણ આપણે ખાલી કહેવાનાં જ સનાતની રહ્યાં, અને કદાચ પૂજ્યા તોય એનો મર્મ સમજ્યા વગર પૂજ્યા! અને એને કારણે ઈશ્વરનો દરજ્જો આપ્યો, પણ એનું માન સન્માન એટલે કે એનું સંરક્ષણ કરવાનું ચૂકી ગયા. ઘણીવાર એવું થાય કે આપણે શું કરી શકીએ! પણ ગીતામાં લખ્યું છે કે એક નાનકડો ધર્મ બહુ મોટું પરિણામ આપે છે, એટલે કે દરેક જણ પ્રકૃતિ સંરક્ષણ માટે નાની એવી ફરજ નિભાવે તો બહુ મોટું પરિણામ મળે. પૃથ્વીઃ પૃથ્વી પ્રદૂષણ રોકવા સામાન્ય નાગરિકે શું કરવું? સીધીસાદી એક જ ફરજ, સ્વચ્છતા! આપણે સૌ સ્વચ્છતાના હિમાયતી છીએ, પરંતુ આપણી સ્વચ્છતાની મર્યાદા ઘર સુધી જ છે. ઘર બહાર પણ સ્વચ્છતા રહેવી જોઈએ, કદાચ આંગણું પણ બધા સ્વચ્છ રાખતા હોય છે. પણ આપણે જ્યાં રહેતા હોઈએ ત્યાં ગલી મહોલ્લો અને શહેરના રોડ આ બધું જ સ્વચ્છ રહે, એ માટે થઈને, બીજું કંઈ ન કરીએ તો, ફક્ત આપણા દ્વારા ક્યાંય કચરો ફેકવો નહીં, અને પ્લાસ્ટિક વગેરે બાળવું નહીં, એવો એક નાનો સંકલ્પ પણ ઘણું કામ કરી શકે. જળઃ પાણી આપણા જીવનનો મુખ્ય આધાર છે, અને પીવાના પાણીનો મુખ્ય સ્રોત વરસાદ છે. નિયત માત્રમાં વરસાદ થાય એ માટે વધુ ને વધુ વૃક્ષ વાવવા જોઈએ. બગાડ બાબત આપણે નિયંત્રણ કરી શકીએ! મોટર મૂકી મૂકીને જે પાણી ખેંચીને સ્વચ્છતાના નામે જે બગાડ થાય છે, ત્યાં બ્રેક લગાડવી જરૂરી છે! આ ઉપરાંત જે મીઠા પાણીની નદી, તળાવ કે સરોવર હોય એની સ્વચ્છતા પણ જરૂરી છે, ઔદ્યોગિક કચરો પણ એમાં ઠલવાય નહીં એ જોવું રહ્યું! બીજું કંઈ નહીં તો દરેકે દરેક વ્યક્તિ પોતાનાથી થાય એટલું અવશ્ય કરે, એટલે કે આવા સ્થળે કચરો ફેકીને પાણીને મલીન કરવું નહીં, અને વપરાશ કે સ્વચ્છતાના નામે બગાડ કરવો નહીં. પવન અને આકાશઃ પવન એટલે વાયુ! અને આકાશ એટલે આપણી ઉપર રહેલ વાતાવરણ, જે કેટલી એ પ્રકારના વાયુઓથી બન્યું છે, અને એનું નિશ્ચિત પ્રમાણ બની રહે તો આપણું જીવન આસાન રહે. ઉપરાંત દરેક પ્રાણી પોતાના શ્વાસમાં જે ઓક્સિજન લે છે એ પણ એક વાયુ જ છે, તો પૃથ્વી પર ઓક્સિજનની કમી ન થાય એ માટે વધુને વધુ વૃક્ષો વાવવા જોઈએ, અને કાર્બન મોનોક્સાઈડનું પ્રમાણ વધે નહીં, એ માટે કચરો કોહવાઈ ન જાય એનું ધ્યાન રાખીશું ! પેટ્રોલ ડીઝલ, કે સીએનજી ગેસનો ઉપયોગ સાચવીને કરીશું. આ ઉપરાંત આકાશ બીજા કેટલાય ગ્રહને પોતાનામાં સમાવીને બેઠું છે, તો એ ગ્રહના સંતુલન માટે આપણે કંઈ કરી શકીએ નહીં, પરંતુ ચિત્તને પણ આકાશ કહ્યું છે, તો ત્યાં કોઈ આગ્રહ ન પ્રવેશી જાય એ જોવું રહ્યું. અગ્નિઃ જે આપણી કાર્યશક્તિનો મુખ્ય સ્રોત છે, એટલે કે આંતર બાહ્ય બધી જગ્યાએ અગ્નિનું હોવું જરૂરી છે. અત્યારે પૂરું વિશ્વ વિકાસના પથ પર દોડી રહ્યું છે, અને એમાં ભારતે પણ પોતાનો મહત્વનો ફાળો નોંધાવ્યો છે, એનું એક કારણ એ છે કે સૂર્ય દ્વારા આપણે એ અગ્નિ ઉર્જા ને કાર્યરત કરી શક્યા છીએ! આપણે ગ્રહણ કરતાં પદાર્થ કુદરતી હોય કે કુત્રિમ બધા જ, કોઈને કોઈ પ્રકારની વીજ કાર્યશક્તિનું પરિણામ છે, તો એનો અતિ ઉપયોગ ટાળીને આ ઉર્જા બચાવી શકીએ. આ ઉપરાંત વીજળીનો ગેરુપયોગ કરીએ નહીં થોડા ચોક્કસ બનીએ!: બાકી આ અગ્નિ આપણને બાળી ન નાખે, એ પણ આપણે જવું રહ્યું! કારણકે દિવસે દિવસે તાપમાન જે રીતે વધી રહ્યું છે તે પણ ચિંતા કરાવે તેવું છે. બસ આવા નાના નાના સંકલ્પોથી આપણે આપણી આંતરબાહ્ય પ્રકૃતિને સંતુલિત કરતા રહીએ! પણ આ કામ સામુહિક રૂપે થશે ત્યારે જ તેનું સુંદર પરિણામ મળશે! કારણ કે જાણીએ તો આપણે બધા જ છીએ પરંતુ કરી શકતા નથી, કારણ કે આપણે તેની ગંભીરતા, જાણતા નથી. દર વર્ષે કોઈને કોઈ રૂપે આવતી કુદરતી આપત્તિ એ અસંતુલિત પર્યાવરણની નિશાની છે, એટલું તો હવે સમજાઈ જ ગયું હશે! આ ઉપરાંત આંતર પ્રકૃતિના અસંતુલનને કારણે થતા યુદ્ધો તેમજ કોરોના જેવી મહામારીનો આપણે ભોગ બની ચૂક્યા છીએ, એ પણ સ્મૃતિમાં રાખીને જે કંઈ થાય તે કરવું ઘટે. ઘરને આગ લાગે ત્યારે ફાયર બ્રિગેડને મિસકોલ કરાય નહીં, અને ફાયર બ્રિગેડ આવે એની રાહ પણ ન જોવાય! એમ હવે આપણા અસ્તિત્વ સુધી જ્યારે વાત આવી ગઈ છે, ત્યારે આપણે જ કરવું પડશે! સત્તા કે સરકારની રાહ જોવી પોસાય તેમ નથી. આમ પણ પૃથ્વીએ આપણને આશરો આપ્યો છે, તો પૃથ્વી જ આપણું મુખ્ય ઘર કે ઘરાનું છે, અને એને બચાવવા આપણાથી જે કંઈ થાય, એ આપણે સૌ કરી છૂટીશું, એવી એક અન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં કુદરતી ગરમી અને રાજકીય ગરમી વચ્ચે હૃદય મનને ઠંડક મળે તેવા પ્રયત્ન કરીએ**

# પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાર રે..., તારી બેડલીને બૂડવા નહિ દઉં, જાડેજા રે તોરલ કહે છે જી.ટેક.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**યુએઈના દેશોમાં ગત એપ્રિલ મે મહિનામાં ન ધારેલ વરસાદ પડ્યો તેનાથી લોકો અને હવામાન વિભાગના તજજ્ઞો પણ ચોંકી ગયા હતા, ભલે અખતરામાં ખતરો થયો હોય પરંતુ જે અતિરેક થયો તે અકલ્પનીય હતો. અત્યારે તમારા બધાની નજર દેશના રાજકીય માહોલ પર કેન્દ્રિત થયેલ હશે તે સ્વાભાવિક છે.**

આ વખતે તો કાળઝાળ ગરમીથી કંટાળી ગયા હો આવી ગરમી છેલ્લા કેટલાક વર્ષોથી પડી નથી હવે શું થશે ?? યુએઈના દેશોમાં ગત એપ્રિલ મે મહિનામાં ન ધારેલ વરસાદ પડ્યો તેનાથી લોકો અને હવામાન વિભાગના તજજ્ઞો પણ ચોંકી ગયા હતા.ભલે અખતરામાં ખતરો થયો હોય પરંતુ જે અતિરેક થયો તે અકલ્પનીય હતો. અત્યારે તમારા બધાની નજર દેશના રાજકીય માહોલ પર કેન્દ્રિત થયેલ હશે તે સ્વાભાવિક છે. છતાં આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં કુદરતી ગરમી અને રાજકીય ગરમી વચ્ચે હૃદય મનને ઠંડક મળે તેવા પ્રયત્ન કરીએ. કુદરતી આફતથી છુટકારો મેળવવા આપણે પ્રાર્થના ઈશ્ર્વર અલ્લાહ પરવર દિગાર પરમાત્મને કરીએ છીએ. તેમાં કોઈને ક્યાય વાંધો વચકો હોતો નથી. આપણે કચ્છના ખુંખાર ડાકુ જેસલ જાડેજા જ્યારે દરિયાઈ તોફાનમાં ફસાઈ જાય છે ત્યારે તોરલ કાઠિયાણી જેસલ જાડેજાને કુદરત સામે તેના પાપો કર્યા તેનો પસ્તાવો પ્રાર્થના થકી કરે તેવું ભજન થકી કહયું.પાપ તારું પરકાશ જાડેજા, ધરમ તારો સંભાર રે,

**તારી બેડલીને બૂડવા નહિ દઉં, જાડેજા રે**
**તોરલ કહે છે જી.ટેક.**
**તોડી સરોવર પાળ, સતી મેં તોડી સરોવર**
**પાળ રે;**
**ગૌધન તરસ્યાં વાળીઆં, તોરલ દેરે જેસલ કહે**
**છે જી.પાપ.**
**હરણ હર્યાં લખચાર, સતી મેં હરણ હર્યાં**
**લખચાર રે;**
**વનના મોર્લા મારીઆ, તોરલ દેરે જેસલ કહેછે**
**જી.પાપ.**
**લૂંટી કુંવારી જાન, સતી મેં લૂંટી કુંવારી જાન**
**રે;સાત વીશું મોડબંધા મારીઆ, તોરલ દેરે**
**જેસલ કહે છે જી.પાપ. ગોંદરેથી વાળેલ ગાય,**
**સતીમેં ગોંદરેથી વાળેલ ગાય રે;**

બેન ભાણેજા દુભિયા, તોરલ દેરે જેસલ કહે છે જી.પાપ. જેટલા મથેજા વાળ, સતી રાણી જેટલા મથેજા વાળરે;એટલાં કુકર્મો મેં કર્યાં, તોરલ દેરે જેસલ કહે છે જી.પાપ બોલ્યા જેસલ પીર, આથી રાણી બોલ્યા જેસલ પીરરે; મને સંત ચરણમાં રાખનો, તોરલ દેરે જેસલ કહે છે જી.પાપ. તો આ પ્રાર્થના એટલે માનવ હૃદયમાંથી ભગવાન પ્રત્યે થતું નિવેદન. તમે ઉપરની ટૂંકી વાટ પરથી સમજ્યા જ હશો. સામાન્ય રીતે વ્યક્તિ પોતાના ઉપરી અધિકારીની આગળ નિવેદન કરે, મૂંઝવણની વાત રજૂ કરે તો તેને ઉપરી અધિકારી પાસે થી હૂંફ આશ્વાસન અને સલામતી મળે છે. ઉપરી અધિકારી પ્રસન્ન થાય તો બઢતી આપે છે. કિંમતી ભેટ સોગાદો પણ આપે છે. તો આ તો સમગ્ર વિશ્વનો સૃષ્ટા છે. તેની આગળ નિવેદન કર્યું હોય તો કેટલી બધી હૂંફ અને શક્તિ મળે! તે પ્રસન્ન થાય તો શું ન મળે? તેમને પ્રસન્ન કરવા માટે પ્રાર્થના જેવું અસર કારક સાધન બીજું એકેય નથી પણ પ્રશ્ન એ થાય છે કે પ્રાર્થના કેવી રીતે કરવી ? એ માટે કોઈ નિશ્ચિત પદ્ધતિ છે ખરી? દરેક ધર્મોમાં પોતપોતાના ઈષ્ટદેવની પ્રાર્થના માટે જુદી જુદી પદ્ધતિ ઓ બતાવવામાં આવેલી છે. એ પદ્ધતિ પ્રમાણે સંપૂર્ણ શ્રદ્ધાથી જો પ્રાર્થના કરવામાં આવે તો તેનું પરિણામ ચોક્કસ આવે જ. પરંતુ એવી કોઈ પદ્ધતિ અપનાવ્યા વગર પણ જો અંતરમાંથી ભગવાનને તીવ્રપણે નિવેદન કરવામાં આવે તો પણ તેનું પરિણામ અવશ્ય મળે છે. આ સંદર્ભમાં ટોલ્સ્ટોયની એક સુંદર વાર્તા છે. તેમાં એક ટાપુ ઉપર ત્રણ આદિવાસી મનુષ્યો રહેતા હતા. તેઓ જાણતા નહોતા કે ભગવાન કેવા છે ને તેમને કેવી રીતે પ્રાર્થના કરવી. એટલે તેઓ ભગવાનને પોતાની રીતે રોજ કહેતા રહેતા કે ''ભગવાન તું ત્રણ છે, અમે ત્રણ છીએ, તું અમને તાર.'' આટલી જ પણ સાચા દિલની એમની રોજે રોજેની પ્રાર્થના હતી. હવે ત્યાં વહાણમાં ભૂલો પડેલો એક પાદરી આવી ચઢયો. એમને આદિવાસી ઓની પ્રાર્થના અને તેમનું અજ્ઞાન જોઈને દયા આવી ગઈ. તેણે તેઓને કહ્યું, ''હું તમને ભગવાનની સરસ મજાની પ્રાર્થના શીખવાડું, ''આ પ્રાર્થના શીખવાડવા તે થોડા દિવસ ત્યાં રોકાઈ ગયો. જ્યારે સુંદર શબ્દો વાળી પ્રાર્થના આદિવાસીઓને બરાબર આવડી ગઈ, એટલે પછી તે ત્યાંથી પોતાના વહાણમાં બેસી ને જવા નીકળ્યો. હવે અહીં પેલા ત્રણ આદિવાસી ઓ પાદરીએ ગોખાવેલા પ્રાર્થનાના શબ્દો ભૂલી ગયા.એમને કેમેયયાદ ન આવે. એટલે તેમણે વિચાર્યું કે હજુ વહાણ સમુદ્રમાં બહુ દૂર નથી ગયું. એટલે તેઓ પાદરી પાસે પહોંચીને પ્રાર્થનાના શબ્દો પાછા શીખી લેશે. આમ માનીને તેઓ સમુદ્રકિનારે આવ્યા. તેમની પાસે તો વહાણ કે તરાપો એવું કશું જ નહોતું. એટલે તેમણે ભગવાનને પોતાની જૂની પ્રાર્થના કરી કે 'હે ભગવાન તું ત્રણ છે. અમે ત્રણ છીએ, તું અમને તાર.'' એમ કહીને તેઓ તો સમુદ્રમાં ચાલવા લાગ્યા. પાણીઉપર ચાલતા ચાલતા વહાણ સુધી પહોંચી ગયા. એમને આ રીતે આવતા જોઈને પાદરી તો તાજ્જુબ થઈ ગયો. તેમણે પાણી પર ઊભા ઊભા જ કહ્યું, 'તમે શીખવાડેલી પ્રાર્થના અમે ભૂલી ગયા છીએ તમે ફરીથી શીખવાડો, એટલે અમે આવ્યા છીએ.'' ત્યારે પાદરીએ કહ્યું,મારે તમને પ્રાર્થના શીખવવાની કોઈ જરૂર નથી.તમે જે પ્રાર્થના કરો છો તે પ્રભુએ સ્વીકારી છે. તમારી જ પ્રાર્થના કરતા રહો.આસાંભળી ને ત્રણેય આદિવાસીઓ રાજી રાજી થઈ ગયા અને આનંદથી જે રીતે આવ્યા હતા તે રીતે સમુદ્ર પર ચાલતા પાછા ગયા ત્યારે પાદરીને થયું કે જીવનભર રૂપાળા શબ્દોમાં ભગવાનને પ્રાર્થના કરતો રહ્યો, પણ કંઈ ન પામ્યો,જ્યારે આ આદિવાસીઓની માથામેળ વગર ની પ્રાર્થનાથી પ્રભુ એમના પર પ્રસન્ન છે!આ પ્રતીકાત્મક વાર્તા દ્વારા એ સ્પષ્ટ થાય છે કે પ્રાર્થનાના શબ્દો ગમે તે હોય, પણ તેની પાછળનો ભાવ મુખ્ય છે. નાનું બાળક બે ચાર શબ્દો જ બોલે છે, અને તે પણ એની કાલી ઘેલી ભાષામાં,તો પણ માતાપિતા તેની વાત કેવી સમજી જાય છે. એ જ રીતે ભગવાન પણ આપણી કાલી ઘેલી ભાષામાં કરેલી પ્રાર્થના સમજી જાય છે. પ્રાર્થનાના શબ્દો મહત્ત્વ ના નથી, મહત્ત્વનો છે એની પાછળનો ભાવ ભગવાન એ ભાવને પકડીને ભક્ત માટે કાર્ય કરે છે. પ્રાર્થના માટે બીજો પ્રશ્ન એ ઊઠે છે કે નિશ્ચિત સમયે અને નિશ્ચિત સ્થળે જ પ્રાર્થના કરવી જોઈએ ? પ્રાર્થના માટે સમય કે સ્થળ પણ મહત્ત્વનાં નથી. પ્રાર્થના એ તો ભગવાન પ્રત્યેનું નિવેદન છે. એ તો ગમે ત્યારે ને ગમે ત્યાં થઈ શકે. ભગવાન સાથે વાર્તાલાપ તો ગમે ત્યાં થઈ શકે. હરતાં-ફરતાં, કામ કરતાં, ખાતાં-પીતાં કોઈપણ સમયે ભગવાનને યાદ કરીને નિવેદન કરી શકાય છે, અંતરિક્ષમાં ગોઠવેલું ભગવાનનું સૂક્ષ્મ ઈન્ટરનેટ એટલું બધું શક્તિશાળી છે કે એમના પ્રત્યે પાઠવેલો સૂક્ષ્માતિસૂક્ષ્મ સંદેશ પણ એમાં ઝીલાય છે. તેની નોંધ લેવાય છે. જરૂરિયાત પ્રમાણે તેનો પ્રત્યુત્તર પાઠવીને તેનો અમલ પણ તુરત જ થઈ જાય છે. અદ્ભુત સ્વયંસંચાલિત વ્યવસ્થા ભગવાને ગોઠવી છે. એકવાર જો આ ઈન્ટરનેટની ચાવી હાથમાં આવી જાય અને તેમની સાથે અનુસંધાન થઈ જાય પછી તો એ સંપર્ક સતત ચાલુ રહે છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે રાજકીય ગરમાવો તેજ બન્યો છે આઠમી જૂને વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી ત્રીજી વાર શપથ ગ્રહણ કરે તેવી શક્યતા છે તો સામે અને ભાજપ ના સાથી પક્ષો શું કરશે તેના તરફ સૌની નજર છે. અસ્તુ.

# હું અહીં બીજો રણબીર કપૂર બનવા નથી આવ્યો જયદીપ

બોલિવૂડ વારંવાર નીપોટિઝમની ચર્ચાઓનો શિકાર બનતું રહે છે. તેના પરિણામે હવે એવું બન્યું છે કે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના લોકો આ મુદ્દે કોઈ પણ પ્રકાના અભિપ્રાય આપવાનું ટાળવા લાગ્યા છે. ખાસ કરીને રણબીર કપૂર અને આલિયા ભટ્ટ જેવા પ્રતિભાશાળી કલાકારો પણ આ ચર્ચામાં અડફેટે આવી જતાં હોય છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં જયદીપ અહલાવતે આ મુદ્દે પોતાનો અભિપ્રાય આપ્યો હતો. સ્ટાર કિડ્ઝની તરફેણમાં વાત કરતાં જયદીપે જે કલાકારોએ એક્ટિંગના જોરે સફળતા મેળવી છે, તેની યાદીમાં રણબીર કપૂરનું ઉદાહરણ જ આપતાં નીપોટિઝમના દાવાને નકારતાં કહ્યું હતું કે, તેને કોઈ પણ સ્ટાર કિડ્ઝના કારણે રોલની અછતનો સામનો કરવો પડ્યો નથી. નીપોટીઝમે તેને અંગત રીતે કોઈ નુકસાન કર્યું છે એવી વાતોને જ જયદીપે ફગાવી દીધી હતી, સાથે એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો કે રણબીર કપૂર કે વરુણ ધવન તેની કારકિર્દીને દબાવી શકશે નહીં. તેણે ભારપૂર્વક કહ્યું, “માત્ર પૂર્વધારણાઓને આધારે તમે એવું નક્કી ન કરી શકો કે કોઈ સ્ટાર કિડ્ઝ છે એટલે સારા અભિનેતા છે. જો એ ઈન્ડસ્ટ્રી બહારથી પણ આવ્યો હોત તો પણ રણબીર કપુરે આજે તે જ્યાં છે તે સ્થાન મેળવી લીધું હોત. ” તાજેતરમાં જયદીપની વેબ સિરીઝ ‘ધ બ્રોકન ન્યૂઝ’ની બીજી સીઝન આવી છે, ત્યારે તે ચર્ચામાં છે.



### પોતાના એટિટ્યુડના કારણે બહાર થયો ખેલાડી

# ‘ખતરો કે ખિલાડી ૧૪’માંથી બહાર થયો બિગ બોસનો આસિમ રિયાઝ!




આસિમ રિયાઝ પોતાના અંદાજ માટે જાણીતો છે. થોડા વર્ષો પહેલા પણ તેમણે કહ્યું હતુ કે, તે બિગ બોસ બાદ અનેક મોટા શોની ઓફર થઈ હતી, પરંતુ તેમણે યોગ્ય પૈસા ન મળવાને કારણે આ પ્રોજેક્ટ માટે ના પાડી હતી. બિગ બોસ ૧૩ બાદ આસિમ રિયાઝ અનેક મ્યુઝિક વીડિયોમાં જોવા મળ્યો હતો.હવે ૪ વર્ષ બાદ રોહિત શેટ્ટીના શો ખતરો કે ખેલાડીની સીઝન ૧૪માં આસિમ ટીવી પર પરત ફરી રહ્યો છે પરંતુ સુત્રો અનુસાર મળતી જાણકારી મુજબ રોહિત શેટ્ટીએ આસિમ રિયાઝને તેના એટીટ્યુડના કારણે શોમાંથી બહાર કર્યો છે. કલર્સ ટીવીના એડવેન્ચર રિયાલિટી શોનો ભાગ થયા બાદ આસિમ ન તો ખતરો કે ખેલાડીના સ્પર્ધકો માટે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં હાજર હતો. કે પછી તેમણે તમામ ખેલાડીઓ સાથે રોમાનિયા માટે ફલાઈટ પકડી હતી.કહેવામાં આવ્યું હતુ કે, આસિમ રોમાનિયા બીજી ફલાઈટથી પહોંચશે.રિયાઝના ચાહકો તેને ખતરો કે ખેલાડીના શોમાં જોવા માટે ઉત્સુક હતા પરંતુ હવે રોમાનિયાથી આસિમના ચાહકો માટે ખરાબ સમાચાર સામે આવ્યા છે. ઈ-ટાઈમ્સ ટીવીના રિપોર્ટ મુજબ ખતરો કે ખેલાડીના શૂટિંગ સમયે આસિમ રિયાઝ એક ટાસ્કમાં ખરાબ રીતે બહાર થયો હતો પરંતુ ટાસ્ક હાર્યા બાદ આસિમ શોના હોસ્ટ રોહિત શેટ્ટી સાથે ઝગડો કરવા લાગ્યો હતો અને આ કારણે તેને શોમાંથી બહાર કરવામાં આવ્યો છે પરંતુ આસિમ રિયાઝને બહાર કાઢવાના સમાચારને લઈ અત્યારસુધી કલર્સ ટીવીના પીઆર ટીમ તરફથી કોઈ પણ પ્રકારની પુષ્ટિ થઈ નથી.



# ‘પંચાયત 3’ના ધારાસભ્યએ ત્રિપાઠી પર નિશાન સાધ્યું

## કેટલાક કલાકારો ‘બીજા અભિનેતાના ચપ્પલ ચોરવા’ના તેમના સંઘર્ષને ગ્લેમરાઇઝ કરવામાં આનંદ માણી રહ્યા છે



પંકજે એક નવા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે કેટલાક કલાકારો ‘બીજા અભિનેતાના ચપ્પલ ચોરવા’ના તેમના સંઘર્ષને ગ્લેમરાઈઝ કરવામાં આનંદ માણી રહ્યા છે. આ ઘટનાનો સંકેત છે જ્યારે પંકજ ત્રિપાઠીએ પટનામાં શૂટિંગ કરવા આવેલા મનોજ બાજપેયીના ચપ્પલ રાખ્યા હતા. ‘પંચાયત ૩’માં ધારાસભ્યની ભૂમિકા ભજવનાર અભિનેતા પંકજ ઝાનું કામ પણ ઘણું પસંદ કરવામાં આવી રહ્યું છે. પંકજે ભજવેલું આ પાત્ર વાર્તામાં એક અનોખી શૈલી ધરાવતો વિલન છે, જેની સાથે કોમેડીથી ભરપૂર દુર્ઘટના બની છે. શોમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળતા અભિનેતા રઘુબીર યાદવ, નીના ગુપ્તા, જિતેન્દ્ર કુમાર અને ફૈઝલ મલિકની સાથે પંકજ ઝાના કામની પણ પ્રશંસા થઈ રહી છે. હવે પંકજે ૨૦૧૨માં આવેલી ફિલ્મ ‘ગેંગ્સ ઓફ વાસેપુર’ને લઈને નિર્દેશક અનુરાગ કશ્યપ અને અભિનેતા પંકજ ત્રિપાઠી પર નિશાન સાધ્યું છે. અહેવાલો સૂચવે છે કે પંકજ ઝાને ‘ગેંગ્સ ઓફ વાસેપુર’માં સુલતાન કુરેશીનો રોલ ઓફર કરવામાં આવ્યો હતો. ‘બ્લેક ળાઈડે’ અને ‘ગુલાલ’માં પંકજ સાથે કામ કરી ચૂકેલા અનુરાગ કશ્યપે તેને આ રોલ ઑફર કર્યો હતો, જે પાછળથી પંકજ ત્રિપાઠીએ ભજવ્યો હતો. પંકજે એક નવા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે કેટલાક કલાકારો ‘બીજા અભિનેતાના ચપ્પલ ચોરવા’ના તેમના સંઘર્ષને ગ્લેમરાઈઝ કરવામાં આનંદ માણે છે. આ તે ઘટનાનો સંદર્ભ છે જ્યારે પંકજ ત્રિપાઠીએ પટનામાં શૂટિંગ કરવા આવેલા મનોજ બાજપેયીના ચપ્પલ રાખ્યા હતા. ત્રિપાઠીએ પોતે આ વાર્તા ઘણી વખત સંભળાવી છે. પંકજ ઝાએ તેમની પીઠ પાછળ રાજનીતિ કરનારાઓની ટીકા કરી હતી. તેણે વધુમાં કહ્યું કે તે આવી વસ્તુઓથી તૂટી જવાનો નથી. પંકજ ઝાએ ડિજિટલ કોમેન્ટરી સાથેની મુલાકાતમાં કહ્યું, ‘મારી પીઠ પાછળ શું થઈ રહ્યું છે તેની મને પરવા નથી. આ બધું કરનાર વ્યક્તિ ત્યારે જ જીતશે જ્યારે મને થોડું નુકસાન થાય. પીઠ પાછળ રાજકારણ કરનારા લોકો કાયર છે ને? નહિ તો સામેવાળા સાથે સીધી વાત કરી શક્યા હોત. પોતાને ડિરેક્ટર મેકિંગ એક્ટર ગણાવતા પંકજે અનુરાગ કશ્યપ પર પણ કટાક્ષભર્યા સ્મિત સાથે નિશાન સાધ્યું.

# સલમાન સાથે પરણવા હોબાળો કરનારી યુવતીને પોલીસે પકડી

પનવેલના ફાર્મ હાઉસના દરવાજે સલમાનને મળવાની જિદ સાથે યુવતીની ધમાલ, મુંબઈમાં સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર ફાયરિંગની ઘટના પછી વદુ એક કિસ્સો ચર્ચામાં આવ્યો છે. પનવેલ ખાતે આવેલા સલમાન ખાનના ફાર્મહાઉસની બહાર એક યુવતી પહોંચી ગઈ હતી અને સલમાન સાથે પરણવાની જિદ પકડી આ યુવતીએ ધમાલ મચાવી હતી. ૫૮ વર્ષના દબંગ સ્ટાર સાથે લગ્નની જિદ કરનારી યુવતીને સમજાવીને પાછી મોકલવાના પ્રયાસ નિષ્ફળ જતાં પોલીસ બોલાવવી પડી હતી. પોલીસે ૨૪ વર્ષીય યુવતીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. સલમાન ખાન હાલ અનંત અંબાણી અને રાધિક મર્ચન્ટની બીજી પ્રી-વેડિંગ પાર્ટી માટે ઈટાલીમાં છે, પરંતુ આ હકીકતથી અજાણ યુવતી પનવેલ ખાતે સલમાનના ફાર્મ હાઉસ પર પહોંચી ગઈ હતી. દિલ્હીની આ યુવતી સલમાનને મળવાની જિદ પકડી દરવાજા પર ઊભી રહી ગઈ હતી. તેને સમજાવીને પાછી મોકલવામાં આવી હતી, પરંતુ તે વારંવાર ફાર્મ હાઉસ ફરતે આંટા મારતી હતી.

# ‘ભાગલાં પાડોને રાજ કરોની નીતિ નહીં ચાલે તમિલ વ્યક્તિ દેશ પર શાસન કેમ ન કરી શકે?’

## શંકર દ્વારા બની રહેલી ‘ઇન્ડિયન ૨’માં કાજલ અગ્રવાલ, રકુલપ્રીત સિંઘ અને સિદ્ધાર્થ પણ મહત્વની ભૂમિકા


સાઉથના સુપર સ્ટાર કમલ હાસન તાજેતરમાં જ ‘ઇન્ડિયન-૨’ના ઓડિયો લૉન્ચમાં હાજર રહ્યા હતા. ત્યારે તેમણે કેટલાંક રાજકીય નિવેદન આપીને ફરી વિવાદ જગાવ્યો છે. કમલ હાસને જણાવ્યું કે બ્રિટિશ કાળમાં હતી એવી ભાગલાં પાડો અને રાજ કરોની નીતિ હવે આ દેશમાં ચાલશે નહીં. શનિવારે ચેન્નઈ ખાતે આ ઈવેન્ટ યોજાઈ હતી. તેણે ફિલ્મ સંદર્ભે આજના સંદર્ભે ખરા ભારતીયનો અર્થ શું થાય તે અંગે વાત કરી હતી. કમલ હસને કહ્યું હતું કે વર્ષો જૂની ભાગલા પાડો અને રાજ કરો નીતિ હવે નહીં ચાલે અને પ્રશ્ન ઉઠાવ્યો હતો કે એક તમિલ વ્યક્તિ દેશ પર રાજ કેમ ન કરી શકે. ‘ઇન્ડિન ૨’ની ટીમનો આભાર માનતા કમલ હાસને કહ્યું, “બ્રિટિશ લોકો દ્વારા ચલાવાતી ભાગલાં પાડો અને રાજ કરો નીતિ હવે નહીં ચાલે. જ્યારે અંગ્રેજોની યુક્તિપ્રયુક્તિઓ આપણા પર ન ચાલી તો તેમની પાસે પાછા જવા માટે તેમનો દેશ હતો. પરંતુ તો જ હવે કોઈ આવી નીતિ કરવાની કોશિશ કરીશે તો તેમને એ યાદ રાખવું પડશે કે તેમની પાસે પાછા જવા માટે કોઈ જગ્યા નથી.” કમલ હાસને આગળ કહ્યું, “જો મારી ઓળખની વાત કરું તો, હું પહેલાં એક તમિલ છું પછી ભારતીય છું. એ જ તમારી પણ ઓળખ છે. એક તમિલ જાણે છે કે ક્યારે શાંતિ રાખવી અને ક્યારે નહીં. અગાઉ એક મંચ પર મેં કશુંક કહી દીધું અને તેનાથી તકલીફ થઈ ગઈ પરંતુ હવે મને તેની કઈ જ ચિંતા નથી. જ્યારે હું ભારતીય પણું ધારણ કરું છું તો મારે લોકોને યોગ્ય રીતે સ્પર્શવું જરૂરી છે. એવો દિવસ કેમ ન આવે કે જ્યારે એક તમિલ વ્યક્તિ ભારત પર રાજ કરે? જરા વિચાર કરો, આપણે ભારતને પ્રથમ મહિલા પ્રધાનમંત્રી આપેલાં. તેથી આપણે આ પણ શક્ય બનાવીશું.” શંકર દ્વારા બની રહેલી ‘ઇન્ડિયન ૨’માં કાજલ અગ્રવાલ, રકુલપ્રીત સિંઘ અને સિદ્ધાર્થ પણ મહત્વની ભૂમિકામાં છે. આ ફિલ્મ જુલાઈ મહિનામાં રિલીઝ થશે.




### તમે રોકસ્ટાર છો, જીત પર અભિનંદન


# બોલિવૂડમાંથી કંગનાને પ્રથમ અભિનંદન, મંડી લોકસભા સીટ પરથી ચૂંટણી જીત્યા

કંગના રનૌતે લોકસભા ચૂંટણી ૨૦૨૪ જીતીને રાજકારણમાં ધમાકેદાર એન્ટ્રી કરી છે. કંગના રનૌત લોકસભા ચૂંટણી ૨૦૨૪માં હિમાચલ પ્રદેશના મંડીથી બીજેપી ઉમેદવાર હતી. હવે તેઓ મંડી લોકસભા સીટ પરથી ચૂંટણી જીત્યા છે. કંગનાએ કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્ર સિંહ અને વર્તમાન સાંસદના પુત્ર વિક્રમાદિત્ય સિંહને હરાવીને જીત મેળવી છે. આવી સ્થિતિમાં તેને બોલિવૂડ સ્ટાર્સ તરફથી અભિનંદન મળી રહ્યા છે. અભિનેતા અનુપમ ખેરે કંગના રનૌતને તેની જીત પર અભિનંદન પાઠવ્યા છે. તેણે એક્સ પર કંગનાનો મોન્ટેજ વીડિયો શેર કર્યો અને લખ્યું, ‘ડિયર કંગના, તમારી મોટી જીત પર અભિનંદન. તમે રોકસ્ટાર છો. તમારી યાત્રા ખૂબ જ પ્રેરણાદાયી રહી છે. હું તમારા માટે, મંડી અને હિમાચલ પ્રદેશના લોકો માટે ખૂબ જ ખુશ છું. તમે દરેક વખતે સાબિત કર્યું છે કે જો તમે એકાગ્ર રહો અને સખત મહેનત કરો તો કંઈપણ શક્ય છે. વિજયી બનો.’ લોકસભા ચૂંટણી ૨૦૨૪માં જંગી જીત હાંસલ કર્યા બાદ કંગના રનૌત ખૂબ જ ખુશ છે. આ જીત તેમના માટે મોટી વાત છે. નાના શહેરમાંથી આવીને કંગનાએ જે સફળતા મેળવી છે તે ખરેખર પ્રશંસનીય છે. કંગના દેશની દરેક છોકરી માટે એક ઉદાહરણ બની ગઈ છે. તેણે પોતે એક પોસ્ટ શેર કરી અને લોકોને ધ્યાન પર બોલાવ્યા. કંગનાએ પોસ્ટના કેપ્શનમાં લખ્યું, ‘આ સમર્થન, પ્રેમ અને વિશ્વાસ માટે મંડીના તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર. આ તમારા બધાની જીત છે, આ વડાપ્રધાન મોદીજી અને ભાજપમાં વિશ્વાસની જીત છે, આ સનાતનની જીત છે, આ બજારના સન્માનની જીત છે. જીત બાદ કંગના રનૌતના ફેન્સમાં પણ હલચલ મચી ગઈ છે. તેને ચાહકો તરફથી પણ અનેક અભિનંદન મળી રહ્યા છે. કંગના રનૌત હિમાચલ પ્રદેશની રહેવાસી છે. મોડલિંગ બાદ તેણે ૨૦૦૬માં ગેંગસ્ટર ફિલ્મથી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. કંગનાએ તેની ૧૮ વર્ષની ફિલ્મી કરિયરમાં ‘ફેશન’, ‘ક્વીન’, ‘ક્રિશ ૩’, ‘તુન વેડ્સ મનુ’ અને અન્ય ફિલ્મોમાં કામ કર્યુ હતું. કંગના ૪ વખત નેશનલ ફિલ્મ એવોર્ડ પણ જીતી ચુકી છે. કંગનાને સિનેમામાં તેના શાનદાર યોગદાન માટે પદ્મશ્રી એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવી છે. આ સિવાય તેને ૫ ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યા.



### ‘બોલિવૂડમાં પરણિત હિરોઇનોને સાઉથ કરતાં સારા રોલ મળે છે’

# સાઉથમાં આલિયા ભટ્ટ-દીપિકા પાદુકોણ જેવા રોલ નથી અપાતાં: કાજલ અગ્રવાલ



**“અમારે ત્યાં હજુ થોડી રૂઢિગત વિચારધારાથી કામ થાય છે, મને આશા છે કે તેનાથી બહુ જલ્દી છૂટકારો મળશે**

તાજેતરમાં એક્ટ્રેસ કાજલ અગ્રવાલે કેટલાંક ખુલાસા કર્યા હતાં, કે કઈ રીતે સાઉથનાં ફિલ્મ મેકર્સને પોતાનો દૃષ્ટિકોણ બદલવાની અને ખુલા વિચારથી કામ કરવાની જરૂર છે, ખાસ કરીને જે પ્રકારના રોલ અને જે પ્રકારની ફિલ્મો તેઓ પરિણિત હિરોઈનોને ઓફર કરે છે તેમાં. આ ઈન્ટર્વ્યુમાં કાજલને પૂછાયું હતું કે જે રીતે બોલિવૂડની રોમેન્ટિક કે એક્શન ફિલ્મોમાં દીપિકા પાદૂકોણ અને આલિયા ભટ્ટને જેટલાં મહત્વનાં રોલ મળે છે તેવા રોલ સાઉથની હિરોઈનને કેમ મળતાં નથી? કાજલે સ્વીકાર્યુ હતું કે, તેને લગ્ન અને બાળક પહેલાં શંકરની ‘ઇન્ડિયન ૨’ (ભારતીયુદ્દૂ ૨-તેલુગુ) અને સુમન ચિક્કલાની ‘સત્યભામા’માં મહત્વનાં રોલ મળ્યાં છે. પરંતુ સાઉથમાં પરણિત હિરોઈનને સાઈડલાઈઈન કરી દેવાનું ‘કલ્ચર’ હોવાનો તેણે ઈનકાર કર્યો હતો. “અમારે ત્યાં હજુ થોડી રૂઢિગત વિચારધારાથી કામ થાય છે, મને આશા છે કે તેનાથી બહુ જલ્દી છૂટકારો મળશે. આ બધાં એ પેઢીનાં કલાકારો છે જે પરણેલાં છે અને બાળકો થયાં પછી પણ કામ કરે છે. મને નથી લાગતું એ કોઈ કલ્ચરનો ભાગ છે. મને લાગે છે કે જો ફિલ્મ મેકર્સ એ પ્રકારની ફિલ્મો બનાવશે, જેમકે ‘તુમ્હારી સુલુ’ તો દર્શકો પણ એ પ્રકારની ફિલ્મો સ્વીકારવાનું શરૂ કરશે. હવે ફિલ્મ મેકર્સને તેમની વિચારસરણી વિકસાવવાની જરૂર છે.” કાજલે એ પણ કબૂલ્યું કે શરૂઆતમાં તેના પતિ ગૌતમ કિચલુને સમજવામાં અઘરું લાગતું હતું કે કાજલે તેના કામ માટે આટલી બધી મુસાફરી કેમ કરવી પડે છે. કાજલે જણાવ્યું કે તેણે પતિને સમજાવ્યું અને એક ફિલ્મનું કામ પૂરું થયાં પછી તે પ્રેગનન્ટ થઈ. તો પણ તેને ડિલિવરીના બે જ મહિનામાં ‘ઇન્ડિયન ૨’ માટે શૂટ કરવું પડે તેમ હતું. કાજલે જણાવ્યું, “જો અમને કોઈએ આપ્યા હોત તો અમે પણ વધુ મહત્વના રોલ સ્વીકાર્યા હોત, લીડ રોલ પણ કરી લીધાં હોત. સમય બદલાઈ રહ્યો છે.જેમકે, ઉદાહરણ તરીકે નયનતારા, તે જે રીતે તેની ફિલ્મો પસંદ કરે છે. તે મને બહુ જ ગમે છે. એ એક અપવાદ છે.



# ફરિયાદ જૂઠી: ના તો દારૂ પીધો હતો ના તો કોઈ ટક્કર

## રવિનાની કારે વૃદ્ધાને અડફેટે લીધી હોવાનો દાવો કરતો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો


રવિના ટંડને દારૂના નશામાં ધૂત થઈને વૃદ્ધા સહિત ત્રણ મહિલા સાથે મારપીટ કરી હોવાના આરોપ લાગ્યા હતા. રવિનાની કારે વૃદ્ધાને અડફેટે લીધી હોવાનો દાવો કરતો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. આ ઘટનામાં મુંબઈ પોલીસે તપાસ હાથ ધરી હતી અને રવિના સામે થયેલી ફરિયાદ પાયા વિહોણી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ, રવિનાની કારે કોઈને ટક્કર મારી ન હતી અને ઘટના સમયે રવિના દારૂ પીધેલી હાલતમાં ન હતી. વિવાદાસ્પદ વીડિયોમાં મોહંમદ નામના શખ્સે આરોપ લગાવ્યો હતો કે, શનિવારે રાત્રે દારૂના નશામાં રવિનાએ તેમની માતા સાથે મારપીટ કરી હતી. રીઝવી લો કોલેજ નજીક રવિનાની ગાડી તેમની માતા સાથે ટકરાઈ હતી. આ કારને એક્ટ્રેસનો ડ્રાઈવર ચલાવી રહ્યો હતો. ડ્રાઈવરને સાચવીને ચલાવવાનું કહેતા રવિના ટંડન ગાડીની બહાર આવી ગઈ હતી અને તેમની માતા સાથે મારપીટ કરી હતી. આ ઘટના બની ત્યારે ફરિયાદીની માતા સાથે તેમની બહેન અને ભાણી પણ હતા. રવિનાએ માર માર્યો હોવાથી પોતાની માતા અને ભાણીના માથામાં ગંભીર ઈજા પહોંચી હોવાનો આરોપ મોહંમદે લગાવ્યો હતો. આ બનાવ અંગે મુંબઈ પોલીસના ડીસીપી રાજતિલક રોશને જણાવ્યું હતું કે, વીડિયોમાં થયેલી ફરિયાદ ખોટી હતી. સમગ્ર સોસાયટીના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા. રવિનાનો ડ્રાઈવર કાર રિવર્સ લઈ રહ્યો હતો ત્યારે આ પરિવાર પસાર થતો હતો. પરિવારે કાર અટકાવી હતી અને ડ્રાઈવરને રિવર્સ લેતાં પહેલા કોઈ આવે છે કે નહીં તે જોવા કહ્યું હતું. જેના પગલે બંને વચ્ચે દલીલો થઈ હતી. કાર રિવર્સ લેવાતી હતી ત્યારે આ પરિવાર કારની ખૂબ નજીક હતો પરંતુ કાર કોઈની સાથે અથડાઈ ન હતી. કાર અથડાઈ જશે તેવું માનીને આ પરિવાર ગુસ્સે ભરાયો હતો. બોલાચાલીના પગલે ટોળું ભેગું થઈ ગયું હતું.





# વિદેશમાં રહીને પણ સંસ્કૃતિને હજુ ભૂલી નથી પ્રિયંકા ચોપરા

પ્રિયંકા ચોપરા વિદેશમાં રહીને પણ જે પણ કોઈ શુભ કામ કરે છે ત્યારે સૌથી પહેલા પુજા અર્ચના જરુર કરે છે. હાલમાં અભિનેત્રીએ હોલિવુડ ફિલ્મની સ્ક્રિપ્ટ પર ઓમ લખી ભગવાનના આશીર્વાદ લીધા હતા. પ્રિયંકા ચોપરા હાલમાં અમેરિકામાં રહી પોતાના કરિયર પર ધ્યાન આપી રહી છે. હાલમાં જ અભિનેત્રીએ પોતાની અપકમિંગ ફિલ્મ ધ બ્લક સાઈન કરી છે. અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ફિલ્મની સ્ક્રિપ્ટનો એક ફોટો શેર કર્યો છે. જેમાં જોયા બાદ સોશિલ મીડિયા પર ચાહકો અભિનેત્રીના વખાણ કરી રહ્યા છે. આ સ્ક્રિપ્ટ પર ફિલ્મના નામ ઉપર અભિનેત્રીએ ઓમ લખ્યું છે. પ્રિયંકા વિદેશમાં રહ્યા બાદ પણ દેશ અને કલ્ચર સાથે જોડાયેલી છે. પ્રિયંકા ચોપરા વિદેશમાં રહીને પણ દરેક તહેવારની ધામધુમથી ઉજવણી કરે છે. દિવાળીનો તહેવાર હોય કે હોળીનો તે પોતાના વિદેશમાં રહેલા પરિવાર સાથે સેલિબ્રેટ કરતી જોવા મળે છે. તેની સાથે તેનો પતિ પણ તેને સપોર્ટ કરતો જોવા મળે છે. નિક જોનસ પત્નિ સાથે પુજા કરતો પણ જોવા મળતો હોય છે.અભિનેત્રી પ્રિયંકા ચોપરાના અપકમિંગ પ્રોજેક્ટની વાત કરીએ તો તે ધ બ્લક માટે ખુબ જ ઉત્સાહિત જોવા મળી રહી છે.



# ગુજરાત સાયન્સ સિટી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી



। અમદાવાદ, તા.૫ ।

સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૫ જૂને પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે ગુજરાત સાયન્સ સિટી ખાતે ગુજરાત એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (GEMI) અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં ૭૦થી વધુ વિદ્યાર્થીઓ સહિત ઘણા પર્યાવરણ પ્રેમીઓએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓ તેમજ પર્યાવરણ પ્રેમીઓએ ગુજરાત સાયન્સ સિટીના નેચર પાર્કમાં પર્યાવરણને અનુકૂળ વિવિધ વૃક્ષોના રોપાનું વાવેતર કર્યું હતું. જેમાં ગુજરાત સાયન્સ સિટીના અધિકારીઓ તેમજ સાયન્સ સિટી ખાતે આયોજિત STI સમર કેમ્પમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવો પણ જોડાયા હતા. વૃક્ષારોપણ બાદ વિદ્યાર્થીઓ અને પર્યાવરણપ્રેમીઓએ કલાઈમેન્ટચેન્જ લર્નિંગ લેબની મુલાકાત લઈને પૃથ્વી પર થતી કલાઈમેન્ટચેન્જની અસર વિશે માહિતી મેળવી હતી. આ ઉપરાંત કલાઈમેન્ટચેન્જ લર્નિંગ લેબમાં "વેસ્ટ ટુ વેલ્થ" ની થીમ પર સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓએ નકામી વસ્તુઓ અને કચરામાંથી વિવિધ મોડેલ્સ બનાવ્યા હતા જેના માટે તેઓને પ્રોત્સાહક ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત સાયન્સ સિટીના જનરલ મેનેજર ડો. વ્રજેશ પરીખ, આસિસ્ટન્ટ જનરલ મેનેજર ડો. હાર્દિક ગોહેલ, ગુજકોસ્ટના ડો. નરોત્તમ સાહુ તેમજ ગુજરાત એન્વાયર્નમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટના ડેપ્યુટી એન્વાયર્નમેન્ટ એન્જીનીર પરેશ ચાવડા, સ્મૃતિ પટેલ અને સાયન્ટિફિક ઓફિસર હર્ષિદા મોદી સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### અમદાવાદ સિવિલ હોસ્પિટલની ઐતિહાસિક સિધ્ધિ

# ફક્ત સાડા ત્રણ વર્ષમાં ૫૦૦ કરતાં વધારે અંગોનું દાન મળ્યું

## રાજ્યમાં મહત્તમ લોકોમાં અંગદાનની જાગૃકતા કેળવાય તે દિશામાં અમારા પ્રયાસો છે : સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો રાકેશ જોશી

। (માહિતી) અમદાવાદ, તા.૫ ।

અમદાવાદ સિવિલ હોસ્પિટલે આદરેલા અંગદાનના સેવાયજ્ઞ એ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૩.૫ વર્ષમાં કુલ ૫૦૦ અંગોનું દાન મળ્યું છે. સિવિલ હોસ્પિટલમાં થયેલ ૧૫૫ માં અંગદાનની વિગતો જોઈએ તો મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ છત્રાલ, અમદાવાદ ખાતે રહેતા અને મજુરી કામ કરતા ૩૨ વર્ષીય ઉપેન્દ્રસિંહ શિવશંકર ૦૧/૦૬/૨૦૨૪ ના રોજ છત્રાલ ખાતે પડી જતા માથાના ભાગે ઈજા થઇ હતી. જેથી તેમને પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ અને ત્યારબાદ સઘન સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ માં લાવવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તારીખ ૦૧-૦૬-૨૦૨૪ ના રોજ ડૉક્ટરોએ ઉપેન્દ્રસિંહને બ્રેઈન ડેડ જાહેર કર્યા.

ઉપેન્દ્રસિંહ ના પરીવારમાં તેમના માતા, બે ભાઈ તેમજ બે બહેનો છે. સિવિલ હોસ્પિટલ ના ડોક્ટરોની ટીમે ઉપેન્દ્રસિંહ ના ભાઈઓને બ્રેઈન ડેડ તેમજ અંગદાન વિશે સમજાવતા તેમના એક ભાઈ તેમજ ભત્રીજા અને પરીવારના અન્ય સભ્યોએ મળી ઉપેન્દ્રસિંહનાં અંગોનુ દાન



કરવાનો ઉમદા નિર્ણય કર્યો. ઉપેન્દ્રસિંહ ના અંગદાન થકી બે કીડની, એક લીવર તેમજ એક હદય નુ દાન મળ્યુ. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષી એ જણાવ્યું હતું કે ઉપેન્દ્રસિંહ ના અંગદાનથી મળેલ કીડની તેમજ લીવર ને સિવિલ મેડીસીટી કેમ્પસની જ કીડની હોસ્પિટલ ના જરુરીયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે. તેમજ હ્રદયને યુ.એન. મહેતા હોસ્પિટલમાં જરુરીયાતમંદ દર્દીમાં પ્રત્યારોપણ કરી કુલ ચાર લોકો ની જીંદગી આપણે બચાવી શકીશુ. સિવિલ હોસ્પિટલ દ્વારા આરંભાયેલા અંગદાન મહાદાન ના યઘથી અત્યાર સુધીમાં કુલ ૧૫૫ અંગદાતાઓ થકી કુલ ૫૦૧ અંગો તેમજ ચાર સ્કીન નું દાન મળેલ છે. જેના થકી ૪૮૫ વ્યકિતઓને જીવનદાન મળ્યુ છે.

# નેપાળના પ્રધાનમંત્રીએ નેપાળમાં અરુણ-3 હાઇડ્રો ઇલેક્ટ્રિક પ્રોજેક્ટની હેડ રેસ ટનલનો છેલ્લો બ્લાસ્ટ કર્યો



। નવી દિલ્હી, તા.૫ ।

નેપાળના પ્રધાનમંત્રી શ્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' એ નેપાળના સાંખુવાસભા જિલ્લામાં ૯૦૦ મેગાવોટ અરુણ-૩ હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટની ૧૧.૮ કિમી લાંબી હેડ રેસ ટનલ માટે ખોદકામની પૂર્ણતાના ચિહ્નિત કરવા માટે છેલ્લો વિસ્ફોટ કર્યો હતો. અરુણ-૩ હાઈડ્રો ઈલેક્ટ્રીક પ્રોજેક્ટ એસજેવીએન અરુણ-૩ પાવર ડેવલપમેન્ટ કંપની પ્રાઈવેટ લિમિટેડ (SAPDC) દ્વારા કરવામાં આવે છે, જે એસજેવીએનની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે. એસએપીડીસી એ એસજેવીએન અને નેપાળ સરકાર વચ્ચે એક મહત્વપૂર્ણ સહયોગ છે, જેનો ઉદ્દેશ્ય અરુણ નદી બેસિનમાં સતત જળવિદ્યુત ઉત્પાદન દ્વારા પ્રાદેશિક ઉર્જા સુરક્ષાને વધારવા અને આર્થિક વિકાસને વેગ આપવાનો છે.

ટનલના નિર્માણ કાર્યના શુભારંભ પ્રસંગે નેપાળના ઉર્જા, જળ સંસાધન અને સિંચાઈ મંત્રી શ્રી શક્તિ બહાદુર બસનેત; નેપાળના પ્રાંત ૧ના આરોગ્ય મંત્રી શ્રી રાજેન્દ્ર કાર્કી; નેપાળમાં ભારતના રાજદૂત શ્રી નવીન શ્રીવાસ્તવ; એસજેવીએનના ચેરપર્સન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી સુશીલ શર્મા; નેપાળ રોકાણ બોર્ડના સીઈઓ શ્રી સુશીલ ભટ્ટ; એસએપીડીસીના CEO શ્રી અરુણ ધીમાન; SJVNના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રાકેશ સેહગલ; અને નેપાળ સરકારના અન્ય અધિકારીઓ અને સ્થાનિક અધિકારીઓ હાજર રહ્યાં હતા.

સભાને સંબોધતા નેપાળના પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ સફળતા આપણને સ્વચ્છ, નવીનીકરણીય ઉર્જા પ્રદાન કરવાના અને પ્રદેશના સતત વિકાસમાં યોગદાન આપવાના લક્ષ્યની નજીક લાવે છે. તેમણે ચાલી રહેલા પ્રયાસો માટે તેમની પ્રશંસા વ્યક્ત કરી અને અરુણ-૩ હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવા માટે નેપાળ સરકારની પ્રતિબદ્ધતાની પુનઃ પુષ્ટિ કરી હતી. નેપાળમાં ભારતના રાજદૂત શ્રી નવીન શ્રીવાસ્તવે તેમના સંબોધનમાં યાદ કર્યું કે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને તેમના નેપાળી સમકક્ષ શ્રી પુષ્પ કમલ દહલ 'પ્રચંડ' ગયા વર્ષે નેપાળ સાથે વીજળીની આયાત માટે લાંબા ગાળાના પાવર ટ્રેડ એગ્રીમેન્ટ માટે સંમત થયા હતા. તેમણે કહ્યું કે નિકાસલક્ષી ૯૦૦ મેગાવોટની અરુણ ૩ હાઈડ્રો ઈલેક્ટ્રીક પ્રોજેક્ટની પૂર્ણતા આ માટે એક મોટી ઉપલબ્ધિ હશે.

એસજેવીએનના સીએમડી શ્રી સુશીલ શર્માએ નેપાળના પ્રધાનમંત્રીને માહિતગાર કર્યા કે હેડ રેસ ટનલની સફળતા એ ૯૦૦ મેગાવોટ અરુણ-૩ હાઈડ્રો ઈલેક્ટ્રિક પ્રોજેક્ટના નિર્માણમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તેમણે ઉમેર્યું હતુ કે હેડ રેસ ટનલની સફળતાપૂર્વક પૂર્ણતા એ અરુણ નદીની હાઈડ્રોપાવર સંભવિતતાનો ઉપયોગ કરવાની યાત્રામાં એક મોટી સિદ્ધિ છે.

સીએમડીએ પ્રધાનમંત્રીને પ્રોજેક્ટની પ્રગતિ અને તેનાથી સંબંધિત ૨૧૭ કિલોમીટર લાંબી ટ્રાન્સમિશન લાઇન વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે પ્રોજેક્ટના ૭૪% થી વધુ કામો પૂર્ણ થઈ ગયા છે અને બાકીના કામો પૂરજોશમાં ચાલી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે અરુણ-૩ હાઈડ્રો ઈલેક્ટ્રીક પ્રોજેક્ટ આવતા વર્ષ સુધીમાં વીજળી ઉત્પન્ન કરવાનું શરૂ કરશે અને તે દર વર્ષે ૩,૯૨૪ મિલિયન યુનિટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે.

### મજબૂત કન્ટેન્ટના હકારાત્મક પ્રોત્સાહનના કારણે

# બોધી ટ્રી મલ્ટિમીડિયાના FY24 આવકમાં ૫૦%ના વૃદ્ધિ સાથે EBITDA માર્જિન ૧૪.૨૩% સુધી પહુંચ્યો

। એજન્સી નવી દિલ્હી, તા.૫ ।

બોધિ ટ્રી મલ્ટીમીડિયા લિમિટેડ (BTML) એ આજે ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. તેની એકીકૃત આવકમાં ૫૦% ની જંગી વૃદ્ધિ જોવા મળી હતી - જે FY2023માં રૂ. ૪૨.૮૨ કરોડથી FY2024માં રૂ. ૬૪.૦૯ કરોડ થઈ હતી. FY2024 માં કંપનીનો કર પછીનો નફો (PAT) પણ FY2024 માં ૯% ની સતત વૃદ્ધિ જોવા મળ્યો, જે FY2024 માં નોંધપાત્ર રીતે વધેલા સામગ્રી ઉત્પાદનને કારણે, FY 2023 માં રૂ. ૩.૨૫ કરોડની સરખામણીએ રૂ. ૩.૭૩ કરોડ સુધી પહોંચ્યો છે.

FY2024 માટે સ્ટેન્ડઅલોન આવક રૂ. ૩૭.૩૬ કરોડ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૪માં ઓપરેટિંગ ખર્ચ ૧૪% ઘટીને રૂ. ૩૨.૦૪ કરોડ થયો હતો જે અગાઉના નાણાકીય વર્ષમાં રૂ. ૩૭.૪૮ કરોડ હતો. EBITDA માર્જિન FY2023માં ૧૨.૪૫%ની સામે ૧૪.૨૩% નોંધાયું હતું.

બોધિ ટ્રી મલ્ટીમીડિયાએ નાણાકીય વર્ષ ૨૦૨૪માં તેના સામગ્રીના જથ્થામાં અપેક્ષા કરતાં વધુ વર્ષ-દર-વર્ષે નોંધપાત્ર ૪૦% વધારો નોંધાવ્યો છે. આ ૫ નવા શોમાં ૨૦૦ કલાકથી વધુ સામગ્રીમાં અનુવાદ કરે છે.

ભારતીય પ્રેક્ષકોની વૈવિધ્યસભર રુચિને ઓળખીને, BTML વ્યૂહાત્મક રીતે નવી સામગ્રી શૈલીઓમાં વિસ્તર્યું. કંપનીના ભંડારમાં મરાઠી, ભોજપુરી, ઐતિહાસિક, નોન-ફિક્શન અને ડોક્યુમેન્ટરી ઉમેરવામાં આવી હતી. પ્રાદેશિક પ્રેક્ષકોને પૂરી કરવા માટે, BTML એ સમર્પિત પેટાકંપનીઓ અને બિઝનેસ સેગમેન્ટ્સની સ્થાપના કરી, પ્રાદેશિક ભાષા સામગ્રી નિર્માણ માટે ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવી. BTML એ સમગ્ર મીડિયાઅનેમનોરંજનમૂલ્યશૃંખલામાંનવીનતાઅને હાજરી વધારવા માટે તેની પ્રતિબદ્ધતા દર્શાવતા મીડિયા રાઈટ્સ મેનેજમેન્ટ સહિત નવા વ્યવસાયોમાં સાહસ કર્યું.

કંપનીએ સ્ટુડિયો સુવિધાઓ માટે પેટાકંપનીની રચના સાથે તેના મીડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનેસનો વિસ્તાર કર્યો. થાણે ફિલ્મ સિટી પ્રોજેક્ટ સાથે આ પગલું, સતત વૃદ્ધિ અને ઉદ્યોગ નેતૃત્વ માટે BTMLને સ્થાન આપે છે.

બોધિ ટ્રી મલ્ટીમીડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર મૌતિક ટોલિયાએ જણાવ્યું હતું કે, "અમે નાણાકીય વર્ષ ૨૩-૨૪માં પ્રાપ્ત થયેલા આ અસાધારણ નાણાકીય પરિણામો અને ઓપરેશનલ એડવાન્સમેન્ટની જાહેરાત કરતાં રોમાંચિત છીએ. અમને વિશ્વાસ છે કે સામગ્રીના નિર્માણમાં અમારું સતત રોકાણ અને બહુવિધ નવા સાહસો અને વિસ્તરણ વ્યવસાયમાં પ્રવેશ અમને ભવિષ્યમાં વધુ સફળતા માટે સ્થાન આપશે."

### આતંકવાદના આરોપમાં છે જેલમાં બંધ

# લોકસભા ચૂંટણીમાં જેલમાં બંધ બે આરોપી ઉમેદવાર જીત્યા

## આરોપી ઉમેદવાર કઈ રીતે લેશે શપથ તે લોકોના મનમાં સવાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામો આવી ગયા છે. હવે ફરી નવી સરકાર રચવા માટે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. આ ચૂંટણીમાં કેટલાક કિસ્સાઓ ચોકાવનારા છે. જેમાં જેલમાં બેઠેલા ઉમેદવારો ચૂંટણી લડવી અને જીતવું સામેલ છે. ખાલિસ્તાન સમર્થક નેતા અમૃતપાલ સિંહ ઉપરાંત આતંકવાદી ગતિવિધિઓને કારણે પાંચ વર્ષથી તિહારમાં જેલમાં બંધ કાશ્મીરી નેતા અબ્દુલ રશીદ પણ જીત્યો હતો. પરંતુ હવે તેમા વિચિત્ર સ્થિતિ ઉભી થઈ છે, અને આ કિસ્સામાં અનેક સવાલો થઈ રહ્યા છે.

ડિબ્રુગઢ જેલમાં બંધ ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહ પંજાબની ખડૂર સાહિબ બેઠક પરથી ચૂંટણી જીતી હતી, જ્યારે શેખ અબ્દુલ રશીદે અપક્ષ હોવા છતાં બારામુલ્લા (કાશ્મીર) લોકસભા બેઠક પરથી નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાને હરાવ્યા હતા. બંને આતંકવાદી પ્રવૃત્તિઓમાટેઅલગ-અલગરાજ્યોનીજેલમાંબંધછે. કાયદાકીય રીતે જોઈએ તો ગુનાઓ ખૂબ ગંભીર છે. પરંતુ બંધારણ જેલમાં કેદ લોકોને ચૂંટણી લડવાની પરવાનગી આપે છે, તેથી તે જીતી ગયો. હવે સવાલ એ છે કે આગળ શું થશે? જેલમાં બંધ ઉમેદવારો વિજેતા બનતા હવે લોકોના મનમાં સવાલ ઉઠ્યા છે કે શપથવિધિ કઈ રીતે લઈ શકશે. જનપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ મુજબ ઓછામાં ઓછી ૧૮ વર્ષની ઉંમર અને સંપુર્ણ માનસિક સ્વાસ્થ્ય ધરાવતો કોઈપણ ભારતીય ચૂંટણી લડી શકે છે. જેલમાં કે કાનૂની કસ્ટડીમાં હોય તેવા કેદીઓ પણ આ શ્રેણીમાં આવે છે, ભલે આરોપો સાબિત ન થયા હોય. એટલા માટે એન્જિનિયર રાશિદ અને અમૃતપાલ સિંહને ચૂંટણી લડવાની પરવાનગી મળી. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ મુજબ દરેક સાંસદો અને ધારાસભ્યોમાંથી લગભગ ત્રીજા ભાગના લોકો ફોજદારી કેસોનો સામનો કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, જો સાંસદો અને ધારાસભ્યો કોઈ અપરાધમાં દોષી સાબિત થાય છે, તો તેમણે તાત્કાલિક તેમનું પદ છોડવું પડશે. આ નિર્ણયથી લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૮(૪) વર્ચ્યુઅલને એક રીતે રદ કરવામાં આવી છે. જે દોષિત સાંસદોને તેમની સજા સામે અપીલ કરવા માટે ત્રણ મહિનાનો સમય આપે છે. અનો મતલબ એ થયો કે, જો એન્જિનિયર રાશિદ અથવા અમૃતપાલ સિંહ તેમના આરોપોમાં દોષી સાબિત થાય તો તેઓએ તાત્કાલિક અસરથી લોકસભામાં તેમની બેઠક છોડી દેવી પડે. તેનું સૌથી મોટું કારણ તેમના ગુનાની ગંભીરતા છે. રશીદ ગેરકાનૂની ગતિવિધિ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ જેલમાં છે. વર્ષ ૨૦૧૯માં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એ ટેરર ફંડિંગના આરોપમાં રાશિદની ધરપકડ કરી હતી. દેશના ઈતિહાસમાં તે પહેલા એવા નેતા હતા, જેમના પર આતંકવાદી ગતિવિધિઓનો આરોપ લાગ્યો હતો. એજ રીતે ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA) હેઠળ જેલમાં છે. બંને દેશની સુરક્ષાના ભંગ કરવાનો આરોપ છે, જે સાબિત થાય તો તેને મુશ્કેલ બની શકે છે. જેલમાં બંધ ચૂંટાયેલાપ્રતિનિધિઓનેશપથલેવામાટેસામાન્યરીતે અસ્થાયી રૂપે જામીન અથવા પેરોલ પર મુક્ત કરવામાં આવે છે. આવા કેટલાય ઉદાહરણો છે. જેમ કે, વર્ષ ૨૦૨૦માં અલ્હાબાદ હાઈકોર્ટે BSP નેતા અતુલ રાયને સંસદ સભ્ય તરીકે શપથ લેવા માટે પેરોલ પર છોડવામાં આવ્યો હતો. સપા ધારાસભ્ય નાહિદ હસનને વર્ષ ૨૦૨૨માં યુપીમાં વિધાનસભાના શપથ ગ્રહણ માટે જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. ભૂતકાળના કેટલાક જૂના દાખલા જોઈએ તો, અમૃતપાલ અને રાશિદ બંનેને કામચલાઉ મુક્તિ મળી શકે છે, જેથી તેઓ લોકસભાના સભ્યો તરીકે શપથ લઈ શકે. તો શું કાયદાકીય રીતે સાંસદો અને ધારાસભ્યો આવું કરી શકે છે, આ પ્રશ્ન થોડો પેચીદો છે.

# અયોધ્યાના બોયકોટને લઈ સોશિયલ મીડિયા ગરમાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

લોકસભા ચૂંટણીમાં મિશ્ર પરિણામો આવ્યા છે. ચૂંટણીમાં ભાજપને અયોધ્યામાં મળેલ હાર વધુ આંચકાજનક છે. અયોધ્યામાં ભાજપની હારની દેશભરમાં ચર્ચા થાય છે. અયોધ્યામાં મળેલ હારને લઈને એનાલિસિસ કરવામાં આવી રહ્યું છે. ચૂંટણી પરિણામો પછી દરેકના મનમાં એક જ સવાલ થાય છે કેમ ભાજપ અયોધ્યામાં હાર્યું? અયોધ્યામાં રામમંદિર નિર્માણ બાદ ભાજપ નિશ્ચિત થઈ ગયું હતું કે અંહી તેમની જીત નિશ્ચિત છે. જો કે આ પરિણામોએ સ્પષ્ટતા કરી છે કે વિકાસ અને હિંદુત્વનો મુદ્દો મતદારો પર અસર નથી કરી રહ્યું. અયોધ્યામાં થયેલા વિકાસ બાદ લોકસભા ચુંટણીના જે પરિણામો આવ્યા છે તેને જોતા સ્પષ્ટ થાય છે કે મતદારો હિંદુત્વની વાતને નકારી રહ્યા છે અયોધ્યામાં બીજેપીની હાર બાદ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે તેમાં દિગ્ગજ નેતાઓની સાથે સાથે બૉલીવુડ સ્ટાર્સ અને સંતો મહંતો પણ સતત પ્રતિક્રિયા આપી રહ્યા છે. જેમાં હનુમાન ગઢીના મહંત રાજુ દાસે ઠ પર પોસ્ટ કરતા લખ્યું કે, 'સારું થયું રામાયણમાં રામજી રાવણ સાથે યુદ્ધ કરવા માટે વાનરો અને રીંછોને જ લઈ ગયા હતા! જો અયોધ્યાવાસીઓને લઈ જતા તો સોનાની લંકામાં સોનાના ચક્કરમાં રાવણ સાથે પણ સમાધાન કરી લેત.' જ્યારે બીજી તરફ અનુપમ ખેરે પણ સોશિયલ મીડિયા પર પોતાનો રોષ વ્યકત કર્યો છે સાથે રામાયણ' શોના લક્ષ્મણ ભૂમિકા ભજવીને પ્રખ્યાત બનેલા સુનીલ લાહિરીએ પરિણામો પર નિરાશા વ્યક્ત કરી જ્યારે શો 'રામાયણ'માં સીતાના રોલમાં જોવા મળેલી દીપિકા ચિખલિયાએ ચૂંટણી પરિણામોને લઈને એક વીડિયો શેર કર્યો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તેમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે. મહિલા સહકર્મચારીઓનો સારો સહકાર મળશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે. તમારા સહકર્મચારીઓ આજે તમને અન્ય દિવસોની સરખામણીમાં વધુ સારી રીતે સમજશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો. આજે તમે તમારા સ્વપ્નની સુંદરીને મળતા જ તમારી આંખો ખુશીથી ચમકી ઊઠશે તથા તમારા હૃદયની ગતિ તેજ થઈ જશે. આજે તમે જે વધારાનું જ્ઞાન મેળવશો



**તુલા (ર,ત) :**

આજે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ.



**વૃશ્ચિક (ન,ય) :**

દરેક જણને મદદ કરવાની તમારી તૈયારી તમને આજે વધુ થકવી નાખશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં. અટકી પડેલા પ્રકલ્પો તથા યોજનાઓ અંતિમ સ્વરૂપ લેવા આગળ વધશે. આજે તમે નવા વિચારોથી તરબતર હશો.



**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. આજે તમને તમારા મિત્રની ગેરહાજરીમાં તેની સુવાસ વર્તાશે.



**મકર (ખ,જ) :**

ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ. તમારી પત્ની સાથે પિકનિક પર જવા માટે ખૂબ જ સારો દિવસ. આ બાબત ન માત્ર તમારો મૂજ બદલશે બલ્કે તમારા વચ્ચેની ગેરસમજ ઉકેલવામા પણ મદદ કરશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારા પ્રિયપાત્ર સાથે પિકનિક પર જઈ તમારી અમૂલ્ય ક્ષણોને ફરીથી જીવો.

# કોંગ્રેસ સીટોની સદી ફટકારી શકી નથી... તો પણ પાર્ટીના ચહેરા પર જીતની ચમક કેમ છે?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે અને એનડીએ ત્રીજી વખત સત્તામાં પરત ફર્યું છે. વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા બ્લોકે પણ તાકાત બતાવી છે અને અંત સુધી લડીને પોતાની તાકાતનો અનુભવ કરાવ્યો છે. દેશની સૌથી જૂની પાટી કોંગ્રેસ ફરી એકવાર બીજી સૌથી મોટી પાટી બની ગઈ છે.

કોંગ્રેસે તે રાજ્યોમાં પણ મજબૂત પ્રદર્શન કર્યું છે જ્યાં તે છેલ્લા ૧૦ વર્ષથી હારી રહી હતી અને ખાતું ખોલવા માટે સંઘર્ષ કરી રહી હતી. એમ કહી શકાય કે વર્તમાન લોકસભાની ચૂંટણી કોંગ્રેસ માટે જીવનરક્ષકથી ઓછી ન ગણી શકાય. આ વખતે, કોંગ્રેસ તેના નવા અને જૂના સાથીઓની મદદથી મજબૂત ઉભરી આવી છે અને તેણે જે ચમત્કાર બતાવ્યો છે તે સાબિત કરે છે કે કોંગ્રેસ માત્ર પરિણામો બદલવા માટે સક્ષમ નથી, પરંતુ વિપક્ષો, ખાસ કરીને પ્રાદેશિક પક્ષોમાં પણ તે સર્વવ્યાપી રીતે સ્વીકૃત છે.આ વખતે કોંગ્રેસે ચૂંટણીમાં અલગ રણનીતિ અપનાવી અને સૌથી પહેલા ભાજપનો મુકાબલો કરવા માટે વિપક્ષી દળોને એકત્ર કર્યા. આ કામ પણ અનેક રીતે મહત્ત્વનું હતું. રાજ્યોમાં મજબૂત પ્રાદેશિક પક્ષોએ તેમના અલગ મુદ્દાઓ અને વિચારધારાઓથી આગળ હાથ મિલાવ્યા. તેમની સાથે સીટ વહેંચણીની સમસ્યાને ઉકેલવા માટે ઘણી જહેમત ઉઠાવી હતી. પોતે મર્યાદિત છે અને પ્રાદેશિક પક્ષોને વધુ બેઠકો પર ચૂંટણી લડવાની તક આપી છે. આ બધા




પ્રયત્નોમાં ઘણું બધું ગુમાવ્યું. દિગ્ગજ નેતાઓ ગુસ્સે થઈને ચાલ્યા ગયા. પરંતુ પાટીએ તેના મિશનમાં કોઈ ફેરફાર કર્યો નથી. દરમિયાન ભારત જોડો યાત્રા અને ભારત જોડો ન્યાય યાત્રા પણ કાઢવામાં આવી હતી. આનાથી એ સંદેશ પણ મળ્યો કે પાટી ગ્રાઉન્ડ કનેક્ટમાં માને છે.

ચૂંટણી પહેલા તેના બેંક ખાતાઓ ફ્રીઝ કરવાને કારણે પાટીને આર્થિક સંકટનો પણ સામનો કરવો પડ્યો હતો. સામાન્ય ચૂંટણીના છ મહિના પહેલા, પાટીએ હિન્દી હાર્ટલેન્ડ રાજ્યો રાજસ્થાન અને છત્તીસગઢમાં પણ સરકાર ગુમાવી દીધી હતી. ત્યારે ઈન્ડિયા બ્લોકના સાથીઓએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસની મનમાનીને કારણે તેમને હારનો સામનો કરવો પડ્યો.

નિષ્ણાતો કહે છે કે કોંગ્રેસે વિધાનસભા ચૂંટણીમાં તેની હારમાંથી બોધપાઠ લીધો હતો અને સામાન્ય ચૂંટણી માટે બેઠકોની વહેંચણીનો મુદ્દો, જે મહિનાઓથી ઉકેલાઈ રહ્યો ન હતો, તેને થોડા દિવસોની બેઠકો પછી અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આ જ કારણ છે કે કોંગ્રેસે આ વખતે ચૂંટણીમાં સૌથી ઓછી ૩૨૭ બેઠકો પર ચૂંટણી લડી હતી. આ પ્રથમ વખત હતો જ્યારે સૌથી જૂની પાટી ૪૦૦થી ઓછી બેઠકો પર સામાન્ય ચૂંટણી લડી હતી. કોંગ્રેસે અન્ય બેઠકો પર વિરોધ પક્ષોને સમર્થન આપ્યું હતું. પોતાના ઉમેદવારોને વિજયી બનાવવા જાહેર સભાઓ કરી. પ્રચાર માટે આવ્યા અને વિજય માટે પોતાના પ્રાણની આહુતિ આપી. ૪ જૂને પરિણામ આવ્યા ત્યારે પાટી ભલે હારી ગઈ હોય, પરંતુ તેનાથી ચહેરા પર ખુશી જોવા મળી હતી. દેશે આ પરિણામોને ઈન્ડિયા બ્લોક માટે એક ચમત્કાર તરીકે જોયો. તેને ૧૦ વર્ષના સંઘર્ષનું પરિણામ પણ ગણાવ્યું હતું.કોંગ્રેસે ૨૦૨૪ની ચૂંટણીમાં ૩૨૭ બેઠકો પર ચૂંટણી લડી હતી અને ૯૯ બેઠકો જીતી હતી. આ વખતે કોંગ્રેસને ૨૧.૧૯ ટકા મત મળ્યા છે.

### CJI ચંદ્રચુડે ઓક્સફર્ડ યુનિયન સોસાયટીમાં કહ્યું

## ‘ન્યાયાધીશોએ તેમના નિર્ણયોની રાજનીતિ પર અસર વિશે જાણવું જોઈએ’

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડ (ડીવાય ચંદ્રચુડ) એ ઓક્સફર્ડ યુનિયન સોસાયટીમાં લોકોને સંબોધિત કર્યા. આ દરમિયાન તેમણે કહ્યું કે ચૂંટણી એ બંધારણીય લોકશાહીનો મૂળ આધાર છે, ભારતમાં ન્યાયાધીશોની પસંદગી થતી નથી. તેની પાછળનું એક કારણ એ છે કે ન્યાયાધીશો સંજોગોની સાતત્ય, બંધારણીય મૂલ્યોની સાતત્યની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.ડી.વાય. ચંદ્રચુડે કહ્યું, ‘અમે સરકારના રાજકીય પક્ષથી પ્રમાણમાં અલગ જીવન જીવીએ છીએ, પરંતુ દેખીતી રીતે ન્યાયાધીશોએ તેમના નિર્ણયોની રાજકારણ પરની અસર વિશે જાગૃત હોવું જોઈએ. આ રાજકીય દબાણ નથી, પરંતુ કોર્ટના કોઈપણ નિર્ણયની સંભવિત અસરની સમજ છે.સમલૈંગિક લગ્ન પર બોલતા, મુખ્ય ન્યાયાધીશે કહ્યું, ‘હું અહીં ચુકાદાનો બચાવ નથી કરી રહ્યો, કારણ કે એક ન્યાયાધીશ તરીકે, હું માનું છું કે એકવાર ચુકાદો સંભળાવવામાં આવે છે, તે માત્ર દેશની જ નહીં પરંતુ વૈશ્વિક સમુદાયની સંપત્તિ બની જાય છે માનવતા સ્પેશિયલ મેરેજ એક્ટ સંસદ દ્વારા ઘડવામાં આવેલ કાયદો હતો, જે વિજાતીય સંબંધોમાં લગ્નની કલ્પના કરે છે.ચંદ્રચુડે કહ્યું કે મારા ત્રણ સાથીદારો અમારી સાથે સહમત ન હતા. તેમને લાગ્યું કે સમલૈંગિક લગ્નને માન્યતા આપવી એ પણ કોર્ટના અધિકારક્ષેત્રની બહાર છે. આપણે ન્યાય અને કાયદાના વહીવટની પ્રક્રિયાને લોકોના ઘર અને હૃદય સુધી લઈ જવાની જરૂર છે.ડી.વાય. ટેક્નોલોજી અને છૈં પર બોલતા, ચંદ્રચુડે કહ્યું કે તે મહત્વપૂર્ણ છે કે આપણે ન્યાયની માનવીય ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવાના ફાયદા અને ગેરફાયદાને સમજીએ અને તેને મહત્વ આપીએ. કૃત્રિમ બુદ્ધિ ભવિષ્ય માટે અમર્યાદિત શક્યતાઓથી ભરેલી છે. આપણે એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે અમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર નિયંત્રણ રાખવા માટેના રક્ષકોનો અમલ કરીએ છીએ અને સંચારની પ્રક્રિયાને ન્યાયાધીશોથી રોબોટમાં ન બદલીએ.મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચુડે કહ્યું, ‘હું માનું છું કે આધુનિક લોકશાહીમાં સમાજે અન્ય રીતે ઘણું કરવાનું હોય છે. તમે સમાજમાં ઉદ્ભવતા દરેક મુદ્દા કે વિવાદને ઉકેલવા માટે કોર્ટ તરફ જોઈ શકતા નથી.

### અમિતાભ બચ્ચન જે સીટ પર સાંસદ હતા તે સીટ પર

# ૪૦ વર્ષ બાદ કોંગ્રેસનો દુષ્કાળ સમાપ્ત થયો

### અમિતાભ બચ્ચન બાદ કોંગ્રેસે ૪૦ વર્ષ બાદ આ બેઠક પરથી ચૂંટણી જીતી છે : બાબા અભય અવસ્થી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

લોકસભા ચૂંટણીના પરિણામો સ્પષ્ટ થઈ ગયા છે. ભાજપના નેતૃત્વમાં એનડીએ ફરી એકવાર સરકાર બનાવવા જઈ રહી છે. પરંતુ ચૂંટણી વચ્ચે ઉત્તર પ્રદેશની અલ્હાબાદ સીટ ફરી એકવાર સમાચારોમાં છે. અલ્હાબાદ સીટ પરથી અમિતાભ બચ્ચનની જીતના લગભગ ૪૦ વર્ષ બાદ કોંગ્રેસ ફરી એકવાર આ સીટ પર જીત મેળવી છે. અલ્હાબાદ સીટ પરથી જીત્યા બાદ કોંગ્રેસના ઉમેદવાર ઉજ્જવલ રમણ સિંહે આ સીટ પર પાટીનો ૪૦ વર્ષનો દુષ્કાળ ખતમ કરી દીધો છે.

ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, ઉજ્જવલ રમણ સિંહે તેમના નજીકના હરીફ ભાજપના નીરજ ત્રિપાઠીને ૫૮,૭૯૫ મતોના માર્જિનથી હરાવ્યા હતા. સિંહને ૪.૬૨ લાખથી વધુ વોટ મળ્યા જ્યારે ત્રિપાઠીને ૪.૦૩ લાખથી વધુ વોટ મળ્યા.અલ્હાબાદના કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાબા અભય અવસ્થીએ કહ્યું કે અમિતાભ બચ્ચન બાદ કોંગ્રેસે ૪૦ વર્ષ બાદ આ બેઠક પરથી ચૂંટણી જીત નોંધાવી છે. અમિતાભ બચ્ચન ૧૯૮૪માં કોંગ્રેસની ટિકિટ પર આ સીટ પરથી જીત્યા હતા.તેમણે કહ્યું કે ૧૯૮૪ પહેલા પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી ૧૯૫૭ અને ૧૯૬૨માં અલ્હાબાદ સીટ પરથી જીત્યા હતા.

૧૯૬૬માં શાસ્ત્રીના અવસાન બાદ તેમના પુત્ર હરિકિશન શાસ્ત્રીએ ૧૯૬૭માં આ જ બેઠક પરથી ચૂંટણી જીતી હતી.તેમણે કહ્યું કે ૧૯૮૪ પછી અનિલ શાસ્ત્રી, કમલા બહુગુણા, સત્યપ્રકાશ માલવિયા જેવા ઘણા મોટા નેતાઓ આ બેઠક પરથી કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડ્યા હતા પરંતુ જીતી શક્યા ન હતા.૨૦૧૪થી આ બેઠક ભાજપના ખાતામાં જ રહી છે. ૨૦૧૪માં બીજેપીના શ્યામચરણ ગુપ્તા અલ્હાબાદ સીટ પરથી જીત્યા હતા. આ પછી ૨૦૧૯માં ભાજપના રીટા બહુગુણા જોશીએ જીતનો ઝંડો લહેરાવ્યો હતો.સમાજવાદી પાટીના વરિષ્ઠ નેતા અને અલ્હાબાદ બેઠક પરથી બે વખત સાંસદ રહેલા રેવતી રમણ શાસ્ત્રીના પુત્ર ઉજ્જવલ રમણ સિંહ (૫૧) પ્રયાગરાજ જિલ્લાની કરચના બેઠક પરથી ધારાસભ્ય રહી ચૂક્યા છે. ઈન્ડિયા બ્લોક હેઠળ અલાહાબાદ સીટ કોંગ્રેસમાં ગયા પછી, સિંહ સમાજવાદી પાટી છોડીને કોંગ્રેસમાં જોડાયા. આ પછી પાટીએ તેમને અલ્હાબાદ સીટ પરથી ઉમેદવાર જાહેર કર્યા.તે જ સમયે, ભાજપના નેતા અને પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ રાજ્યપાલ, સ્વર્ગસ્થ કેસરીનાથ ત્રિપાઠીના પુત્ર નીરજ ત્રિપાઠી (૫૭)ને એપ્રિલ મહિનામાં ભાજપ દ્વારા અલ્હાબાદ સીટના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા હતા. આ પહેલા ત્રિપાઠી ઉત્તર પ્રદેશ સરકારના એડિશનલ એડવોકેટ જનરલ હતા. તમને જણાવી દઈએ કે આ સીટ પર ૨૫મી મેના રોજ ચૂંટણી યોજાઈ હતી.

### લોકસભા ૨૦૨૪ની ચૂંટણી ખતમ

# હવે ટીવી, મોબાઈલ રિચાર્જ કરાવવું ૧૫થી ૧૭ ટકા મોંઘું થવાની શક્યતા

### અત્યાર સુધી ચૂંટણીના કારણે જે ભાવવધારો અટકાવી રખાયો હતો તે હવે છુટથી થઈ શકશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

ચૂંટણી પૂરી થવાની સાથે જ દેશમાં અલગ અલગ ચીજો અને સર્વિસના ભાવમાં વધારો થાય તેવી શક્યતા છે. અત્યાર સુધી ચૂંટણીના કારણે જે ભાવવધારો અટકાવી રખાયો હતો તે હવે છુટથી થઈ શકશે. સૌથી પહેલા તો દૂધના ભાવમાં લિટર દીઠ બેથી ત્રણ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ત્યાર પછી એક્સપ્રેસ વે પર ટોલના દર પાંચ ટકા સુધી વધી ગયા છે. હવે થોડા જ દિવસોમાં ટીવી જોવાનું અને મોબાઈલ રિચાર્જ કરવાનું પણ મોંઘું થશે. ટીવી ચેનલોના દરમાં ૧૦ ટકા સુધીનો ભાવવધારો મંજૂર કરવામાં આવ્યો છે અને મોબાઈલ રિચાર્જનો દર ૧૫થી ૧૭ ટકા સુધી વધી જાય તેવી શક્યતા છે.ટેલિકોમ કંપનીઓ ઘણા સમયથી મોબાઈલ સર્વિસના ટેરિફમાં વધારો કરવા માટે માંગણી કરી રહી હતી પરંતુ ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ વધારો રોકી રખાયો હતો. આ વર્ષે મોબાઈલ સર્વિસ ટેરિફમાં ૧૫-૧૭%નો વધારો થઈ શકે છે. કેટલીક કંપનીઓ તેના પ્રીમિયમ વપરાશકારોને અનલિમિટેડ ડેટા આપતી હતી પરંતુ તે બંધ થવાની શક્યતા છે. કેટલાક નિષ્ણાતો માને છે કે મોબાઈલ ફોન સેવાઓ લગભગ ૨૦% મોંઘી થશે. ટેરિફ વધારવામાં આવશે ત્યારે ૪ય્ની તુલનામાં ૫ય્ સેવા માટે ૫-૧૦% વધુ ચાર્જ વસૂલવામાં આવી શકે છે.ટેલિકોમ કંપનીઓ યુઝર દીઠ આવક વધારવાની યોજના ધરાવે છે કારણ કે તેમણે ફોરજી અને ફાઈવજી સ્પેક્ટ્રમ માટે જે ઈન્વેસ્ટમેન્ટ કર્યું છે તેનું વળતર નથી મળી રહ્યું. એરટેલ તેની યુઝર દીઠ આવક રૂ. ૨૦૮ થી વધારીને રૂ. ૨૮૬ કરવા માગે છે. તેના માટે ટેરિફમાં લગભગ ૫૫ રૂપિયાનો વધારો કરવો પડશે. જિયોના રિચાર્જનો દર પણ ૧૫ ટકા વધી શકે છે. મોબાઈલ ટેરિફમાં છેલ્લે નવેમ્બર, ૨૦૨૧માં વધારો કરવામાં આવ્યો હતો. તે સમયે વોડાફોન આઈડિયાએ ટેરિફમાં લગભગ ૨૦%, ભારતી એરટેલ અને જિયોએ ૨૫% જેટલો વધારો કર્યો હતો. ત્યાર પછી હવે વધારો કરવો પડે તેવી સ્થિતિ છે.ટીવી જોનારા વર્ગ માટે પણ ખરાબ સમાચાર છે. ડિઝની સ્ટાર, વાયાકોમ ૧૮, ઝી એન્ટરટેન્મેન્ટ અને સોની પિક્ચર્સ નેટવર્ક ઈન્ડિયાએ ચેનલના ભાવ વધારવા માગણી કરી છે. લોકસભાની ચૂંટણીના પરિણામ આવી ગયા છે તેથી આ રેટ વધવાના છે. ટીવી સબસ્ક્રિપ્શન રેટમાં ૫થી ૮ ટકાનો વધારો થઈ શકે છે. એટલે કે માસિક સબસ્ક્રિપ્શનનો દર ૫૦૦ રૂપિયા હોય તો હવે તમારે ૫૪૦ રૂપિયાનું રિચાર્જ કરાવવું પડશે. ટીવી ચેનલો દ્વારા બૂકે રેટમાં પણ જાન્યુઆરીમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. હવે એવું કહેવાય છે કે Viacom૧૮ ના દરમાં ૨૫ ટકાનો વધારો થશે.

## મેલોનીથી મુઇઝ્ઝુ સુધી... મોદીને સતત ત્રીજી જીત પર કોણે અભિનંદન આપ્યા?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સતત ત્રીજી વખત કેન્દ્રમાં સરકાર બનાવવા જઈ રહી છે. જો કે છેલ્લી બે ચૂંટણીની જેમ આ વખતે પણ ભાજપ એકલા હાથે બહુમતી હાંસલ કરી શકી નથી. પરંતુ એનડીએને ૨૯૦થી વધુ સીટો મળી છે. આ સાથે કેન્દ્રમાં સતત ત્રીજી વખત એનડીએ સરકાર બનવા જઈ રહી છે.આ સાથે મોદીએ દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના રેકોર્ડની પણ બરાબરી કરી લીધી છે. અત્યાર સુધી જવાહરલાલ નેહરુ એકમાત્ર એવા વડાપ્રધાન હતા જેઓ સતત ત્રણ વખત સત્તા પર આવ્યા હતા.દુનિયાભરના દેશોના વડાઓએ મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનવા બદલ અભિનંદન પાઠવ્યા છે. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ ઠ પર લખ્યું, ૨૦૨૪ની ચૂંટણીમાં સતત ત્રીજી વખત સફળ થવા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મ્ત્ઁ અને દ્રહ્રછને અભિનંદન. તેમણે કહ્યું કે હું બંને દેશોની સહિયારી સમૃદ્ધિ માટે સાથે મળીને કામ કરવા ઉત્સુક છું. ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પણ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા હતા. તેણે ઠ પર લખ્યું, નવી ચૂંટણીની જીત અને સારા કામ માટે શુભેચ્છા. તે નિશ્ચિત છે કે અમે ઈટાલી અને ભારતને એક કરતી મિત્રતાને મજબૂત કરવા અને આપણા રાષ્ટ્રો અને આપણા લોકોની સુખાકારી સાથે સંબંધિત મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખીશું.ભૂટાનના વડા પ્રધાન શેરિંગ તોબગેએ કહ્યું કે તેઓ ભારત સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવવા આતુર છે. તેમણે કહ્યું કે વિશ્વની સૌથી મોટી ચૂંટણીમાં ઐતિહાસિક જીત હાંસલ કરવા બદલ મારા મિત્ર વડાપ્રધાન મોદી અને દ્રહ્રછને અભિનંદન. તે ભારતને નવી ઊંચાઈએ લઈ જઈ રહ્યો છે. હું બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરવા તેમની સાથે મળીને કામ કરવા આતુર છું.શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે પણ તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે લખ્યું, એનડીએની જીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રગતિ અને સમૃ

## નોવાક જોકોવિચ ફ્રેન્ચ ઓપનમાંથી બહાર થયો

### સર્બિયાના ટેનિસ સ્ટાર અને વર્તમાન ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન નોવાક જોકોવિચે ફ્રેન્ચ ઓપન ૨૦૨૪માંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૫ ।



નોવાક જોકોવિચ ફ્રેન્ચ ઓપન ૨૦૨૪ પરિણામ: નોવાક જોકોવિચ ફ્રેન્ચ ઓપન ૨૦૨૪માંથી ખસી ગયો છે. ૨૩મી ક્રમાંકિત આર્જેન્ટિનાના ફ્રાન્સિસ્કો સેરુન્ડોલો સામે સોમવારે પાંચ સેટની નાટકીય જીત દરમિયાન તેને ઘૂંટણની ઈજા થઈ હતી. તે ૨૦૨૩ ફ્રેન્ચ ઓપનનો છેલ્લો ચેમ્પિયન હતો. મેનિસ્કસના કારણે સોશિયલ મીડિયા પર એક નિવેદનમાં જોકોવિચે કહ્યું, “હું એ જાહેરાત કરતા ખૂબ જ દુ:ખી છું કે મારે રોલેન્ડ ગેરોસમાંથી ખસી જવું પડશે, મેં ગઈકાલની મેચમાં મારું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને કમનસીબે મારો જમણો હાથ આપ્યો.” ઘૂંટણમાં ફાટી, મારી ટીમ અને મેં કાળજીપૂર્વક વિચાર્યું, જેના પછી મુશ્કેલ નિર્ણય લેવો પડ્યો. જોકોવિચે આગળ કહ્યું- હું આ અઠવાડિયે ફ્રેન્ચ ઓપનમાં ભાગ લેનાર ખેલાડીઓને શુભેચ્છા પાઠવું છું અને મારા ચાહકોના પ્રેમ અને સતત સમર્થન માટે હૃદયપૂર્વક આભાર માનું છું. વિશ્વના નંબર વન ખેલાડી અને ડિફેન્ડિંગ ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન નોવાક જોકોવિચે મંગળવારે ક્વાર્ટર ફાઈનલ પહેલા ઈજાના કારણે રોલેન્ડ ગેરોસથી ખસી જવાનો નિર્ણય કર્યો.ફ્રેન્ચ ઓપનના આયોજકોએ જણાવ્યું હતું કે, “તેના જમણા ઘૂંટણમાં ફાટેલા મધ્ય મેનિસ્કસને કારણે (એમઆરઆઈ સ્કેન દરમિયાન શોધાયેલ), જોકોવિચ, જે ક્વાર્ટર ફાઈનલમાં કેસ્પર રુડ સાથે રમવાનો હતો, તેને ફ્રેન્ચ ઓપનમાંથી ખસી જવાની ફરજ પડી છે.ઈજાની ગંભીરતા એમઆરઆઈ સ્કેન દરમિયાન જાહેર થઈ હતી, જે સાડા ચાર કલાકથી વધુ ચાલેલા પાંચ સેટમાં ૨૩ નંબરના ફ્રાન્સિસ્કો સેરુન્ડોલો સામે ચોથા રાઉન્ડની જીત દરમિયાન જોકોવિચે સહન કરી હતી. ૩૭ વર્ષીય જોકોવિચે સોમવારે સાંજે કહ્યું, ‘મને ખબર નથી કે આવતીકાલે શું થશે - અથવા પરસેવે, હું કોર્ટ પર ઉતરી શકીશ અને રમી શકીશ કે નહીં, તમે જાણો છો, મને આશા છે કે આવું થશે. ચાલો જોઈએ શું થાય છે.

**વિશેષ** તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૫૧ ટેલી માનસ સેલ કાર્યરત છે

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને સંરક્ષણ મંત્રાલયે સશસ્ત્ર દળો માટે સમર્પિત ટેલી માનસ સેલ સ્થાપવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (MoHFW) અને સંરક્ષણ મંત્રાલય (MoD) વચ્ચે એક સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા, કે જેથી પુણેની આર્મ્ડ ફોર્સિસ મેડિકલ કોલેજમાં બે વર્ષના સમયગાળા માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે MoHFW રાષ્ટ્રીય ટેલી-મેન્ટલ હેલ્થ હેલ્પલાઈન ટેલી માનસના વિશેષ સેલના સંચાલનમાં બંને મંત્રાલયો વચ્ચે સહયોગને સુગમ બનાવી શકાય. એમઓયુ પર MoHFWના એએસ અને એમડી સુશ્રી આરાધના પટનાયક અને આર્મ્ડ ફોર્સીસ મેડિકલ સર્વિસીસના મહાનિર્દેશક લેફ્ટનન્ટ જનરલ દલજીત સિંઘે હસ્તાક્ષર કર્યા હતા. વિશેષ ટેલી માનસ સેલનું ઉદ્ઘાટન ૧લી ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ પૂણેની આર્મ્ડ ફોર્સિસ મેડિકલ કોલેજમાં આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ, જનરલ અનિલ ચૌહાણ, પીવીએસએમ, યૂવાયએસએમ, એવીએસએમ, એસએમ, વીએસએમ દ્વારા કરવામાં આવ્યું હતું. ભારતીય સૈન્ય દ્વારા સામનો કરવામાં આવતા અનન્ય તણાવને ઓળખીને, સશસ્ત્ર દળોમાં ટેલી મેન્ટલ હેલ્થ સર્વિસીસની જરૂરિયાત સ્પષ્ટ થઈ છે. ઓપરેશનલ વાતાવરણ, સાંસ્કૃતિક પડકારો અને પ્રાદેશિક સંઘર્ષોથી સંબંધિત ચોક્કસ તાણ સશસ્ત્ર



દળોમાં માનસિક સ્વાસ્થ્ય સંભાળ માટે વિશેષ અભિગમની જરૂર છે. એમઓયુ પર હસ્તાક્ષર સાથે, સશસ્ત્ર દળોના કર્મચારીઓ અને તેમના પરિવારોના માનસિક સ્વાસ્થ્ય અને કલ્યાણ પર ધ્યાન આપવામાં આવશે અને સશસ્ત્ર દળોના લાભાર્થીઓને વિશિષ્ટ સંભાળની સીધી ઍક્સેસ મળશે, જેનાથી તે ખાતરી થશે કે તેમની અનન્ય માનસિક સ્વાસ્થ્યની જરૂરિયાતોને તાત્કાલિક અને અસરકારક રીતે સમાધાન કરવામાં આવશે. આ પ્રસંગે બોલતા આર્મ્ડ ફોર્સીસ મેડિકલ સર્વિસીસના મહાનિર્દેશક લેફ્ટનન્ટ જનરલ દલજીત સિંહે જણાવ્યું કે સશસ્ત્ર દળોના જવાનો માટે માનસિક સ્વાસ્થ્ય પરામર્શની લાંબા સમયથી જરૂરિયાત હતી અને હવે, સમર્પિત ટેલી માનસ સેલ સાથે સશસ્ત્ર દળોના કર્મચારીઓ અને તેમના પરિવારોને ૨૪૮૭ નિર્ણાયક માનસિક સ્વાસ્થ્ય સહાય પ્રાપ્ત થશે, જેનાથી તેમની માનસિક સ્વાસ્થ્યની ચિંતાઓનું વધુ અસરકારક રીતે સમાધાન થઈ શકશે. આ કાર્યક્રમને સંબોધતા, સ્વાસ્થ્ય તેમજ કલ્યાણ મંત્રાલયના એડિશનલ સચિવ તેમજ નિર્દેશક સુશ્રી આરાધના પટનાયકે સશસ્ત્ર દળોની માનસિક સ્વાસ્થ્ય જરૂરિયાતોને ધ્યાનમાં લઈને, તેમની વિશિષ્ટ માનસિક સ્વાસ્થ્ય સંબંધી ચિંતાઓ પર ધ્યાન આપવાના મહત્વ પર ભાર મૂક્યો. ટેલી માનસ એ ડિસ્ટ્રિક્ટ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ (DMHP)નું ડિજિટલ વિસ્તરણ છે, જે વ્યાપક, સંકલિત અને સમાવિષ્ટ ૨૪/૭ ટેલી મેન્ટલ હેલ્થ સેવાઓ પ્રદાન કરે છે. આ પહેલ દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ (UT) માં માનસિક સ્વાસ્થ્ય સહાયની સરળ ઍક્સેસ માટે ટોલ-ફ્રી નંબર, ૧૪૪૧૬ પ્રદાન કરે છે.

હાલમાં, તમામ ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૫૧ ઓપરેશનલ ટેલી માનસ સેલ કાર્યરત છે, જે ૨૦ વિવિધ ભાષાઓમાં સેવાઓ પ્રદાન કરે છે. ઑક્ટોબર ૨૦૨૨માં તેની શરૂઆત થઈ ત્યારથી ટેલી માનસને ૧૦ લાખથી વધુ કૉલ્સ પ્રાપ્ત થયા છે અને તે દરરોજ ૩,૫૦૦ કરતાં વધુ કૉલનું સંચાલન કરે છે. ડેટા માનસિક સ્વાસ્થ્ય સેવાઓ માટેની નોંધપાત્ર માંગ દર્શાવે છે અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓને વ્યાપક અને સર્વસમાવેશક રીતે, ખાસ કરીને સશસ્ત્ર દળો જેવા વિશિષ્ટ સંદર્ભોમાં સંબોધવાના મહત્વને રેખાંકિત કરે છે.

આ કાર્યક્રમમાં આર્થિક સલાહકાર ડૉ કે કે ત્રિપાઠી; એર માર્શલ સાધના સક્સેના નાયર, વીએસએમ, ડાયરેક્ટર જનરલ હોસ્પિટલ સેવાઓ (સશસ્ત્ર દળો); મેજર જનરલ ધર્મેશ, અધિક મહાનિર્દેશક, સશસ્ત્ર દળોની તબીબી સેવાઓ (તબીબી સંશોધન, આરોગ્ય અને તાલીમ); કર્નલ સુભદીપ ઘોષ, વીએસએમ, આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસીસ (સ્વાસ્થ્ય) અને બંને મંત્રાલયોના વરિષ્ઠ અધિકારીઓ હાજર હતા.

# અમદાવાદ ડિવિઝન ખાતે "વિશ્વ પર્યાવરણ દિવસ" નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન

| અમદાવાદ, તા.૫ |

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મિશન લાઈફ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણા પર્યાવરણને સુરક્ષિત અને સંરક્ષિત રાખવા માટે, વિશ્વ પર્યાવરણ દિવસ પર દર વર્ષે એક વિશેષ થીમ રાખવામાં આવે છે, આ વર્ષની થીમ છે "Land Restoration, Desertification and Drought Resilience"એટલે કે જમીન સુધારણા, મરૂસ્થલીકરણ અને દુષ્કાળનો સામનો કરવાની ક્ષમતા. આ દરમિયાન અમદાવાદ ડિવિઝનમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક અને પ્લાસ્ટિકનો યોગ્ય નિકાલ વિષય પર નિબંધ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, વૃક્ષારોપણ, પર્યાવરણ સંરક્ષણ માટે સંકલ્પ લેવામાં આવ્યો હતો અને સાથે જાગૃતિ રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ડીઝલ શેડ સાબરમતીમાં ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્મા અને તમામ શાખા અધિકારીઓ અને રેલવે કર્મચારીઓ દ્વારા મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ડિવિઝનલ રેલવે મેનેજરે દરેકને તેમની ભાવિ પેઢીને શુદ્ધ હવા, પાણી અને પર્યાવરણ મળી રહે તે માટે વૃક્ષારોપણ કરવાની અપીલ પણ કરી હતી. ડિવિઝનલ રેલવે મેનેજરની ઓફિસમાં પર્યાવરણ દિવસ નિમિત્તે આયોજિત નિબંધ સ્પર્ધામાં રેલવે કર્મચારીઓએ સિંગલ યુઝ પ્લાસ્ટિક અને પ્લાસ્ટિકનો યોગ્ય નિકાલ વિષય પર નિબંધ લખ્યા હતા.તથા કોમ્યુનીટી ભવન સાબરમતી ખાતે રેલવે કર્મચારીઓના બાળકોએ સિંગલ યુઝ પ્લાસ્ટીક, પ્લાસ્ટીકનો યોગ્ય નિકાલ અને પ્લાસ્ટીકના કચરા અંગે જાગૃતિ વિષય પર આયોજીત ચિત્ર સ્પર્ધામાં પર્યાવરણ સંરક્ષણ પર શ્રેષ્ઠ ચિત્રો બનાવ્યા હતા.








વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ડિવિઝનમાં વિવિધ સ્થળોએ જાગૃતિ રેલી અને પર્યાવરણને અનુકૂળ વ્યવહાર કરવા માટે શપથનું આયોજન કરવામાં આવ્યું હતું અને અમદાવાદ રેલવે સ્ટેશન પર રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું અને કાલુપુર હેલ્થ યુનિટના તબીબો અને સ્ટાફ દ્વારા લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગથી પ્રકૃતિને થનાર નુકસાન વિશે માહિતી આપવામાં આવી હતી. તેમજ સુકા કચરા અને ભીના કચરાના નિકાલ અંગે પણ માહિતી આપવામાં આવી હતી અને લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવા માટે લોકોને જાગૃત થાય કરવાના હેતુથી વિવિધ સ્થળોએ પોસ્ટર અને બેનરો પણ લગાવવામાં આવ્યા હતા. ડિવિઝનના વિવિધ સ્ટેશનો, હોસ્પિટલો, હેલ્થ યુનિટો, ડિવિઝનની રેલવે કોલોનીઓ, વર્કશોપ, શેડ અને ડેપોને હરિયાળી રાખવા માટે વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતના ૪.૫૯ લાખથી વધુ મતદારોએ દબાવ્યું નોટાનું બટન

| (એજન્સી) અમદાવાદ, તા.૫ |

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીમાં કુલ ૨.૮૮ કરોડ મત પડ્યા હતા અને તેમાંથી ૪.૫૯ લાખ મતદારોએ 'નન ઓફ ધ અબોવ' (નોટા) ઉપર પસંદગી ઉતારીને તેમની - સમક્ષ ઉપલબ્ધ તમામ ઉમેદવારોના વિકલ્પને જાકારો આપ્યો હતો. 'નોટા' નો સૌથી વધુ ઉપયોગ કરવામાં દાહોદ, છોટા ઉદેપુર, બારડોલી જેવી આદિવાસી બેઠક મોખરે રહ્યાં. ગત ટર્મ કરતા નોટાના ઉપયોગમાં ૧૦ ટકાનો વધારો થયો હોવાનું પણ પરિણામો બાદ સામે આવ્યું. 'નોટા' ને મામલે એસટી બેઠક દાહોદ સતત બીજી લોકસભા ચૂંટણીમાં મોખરે રહ્યું હતું. ૨૦૧૯માં ૩૧,૯૩૬ જ્યારે ૨૦૨૪માં ૩૪,૯૩૫ મતદારોએ 'નોટા' ઉપર પસંદગી ઉતારી હતી. 'નોટા'માં અન્ય એક એસટી બેઠક છોટા ઉદેપુર ૨૯૯૫૫ સાથે બીજા સ્થાને છે. સૌથી વધુ નોટામાં બારડોલી ૨૫૫૪૨ સાથે ત્રીજા, ભરૂચ ૨૩૨૮૩ સાથે ચોથા અને બનાસકાંઠા ૨૨૧૬૦ સાથે પાંચમાં સ્થાને હતું.

### ગુજરાતમાંથી આ વખતે ચાર મહિલા ઉમેદવારો વિજેતા બની

| (એજન્સી) ગાંધીનગર, તા.૫ |

ગુજરાતમાંથી આ વખતે ચાર મહિલા ઉમેદવારો વિજેતા બની છે. જેની સરખામણીએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૬ મહિલા સાંસદો હતી. આ પૈકી બનાસકાંઠા બેઠક પરથી મહિલા સાંસદ ચૂંટાયાં હોય તેવું ૬૨ વર્ષ બાદ પ્રથમવાર બન્યું છે. છેલ્લે ૧૯૬૨માં ઝોહરાબેન ચાવડા બનાસકાંઠા બેઠક પરથી ચૂંટાયા હતાં. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર આ વખતે જે મહિલા સાંસદો ચૂંટાયાં છે તેમાં જામનગરથી પૂનમ માડમ, બનાસકાંઠા બેઠકથી ગેનીબેન ઠાકોર, ભાવનગરથી નીમુબેન બાંભણિયા, સાબરકાંઠાથી શોભનાબેન બારૈયાનો સમાવેશ થાય છે. જેમાંથી પૂનમ માડમ ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪ એમ સતત ત્રીજી વાર સાંસદ તરીકે ચૂંટાયાં છે. ગુજરાતમાંથી આ વખતે કુલ ૨૬૬ ઉમેદવારોમાંથી માત્ર ૧૯ મહિલાઓને જતક આપવામાં આવી હતી. ૨૦૧૯ની લોકસભા ચૂંટણી વખતે ગુજરાતમાંથી અત્યાર સુધીનાં સૌથી વધુ ૬ મહિલા સાંસદો ચૂંટાયાં હતાં.

### રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે મોટો ખુલાસો સામે આવ્યો

| (એજન્સી) રાજકોટ, તા.૫ |

રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડ મામલે મોટો ખુલાસો સામે આવ્યો છે. સરકારે અગ્નિકાંડને લઈને હાઈકોર્ટમાં સોગંદનામું કર્યું. આ સોગંદનામામાં સરકારે સ્વીકાર કર્યો છે કે ગેમઝોનની મંજૂરી નહોતી આપવામાં આવી. આ મામલાની આવતીકાલે વિગતવાર સુનાવણી હાથ ધરવામાં આવશે. સરકારે કહ્યું કે ગેમઝોનને કાયમી સ્ટ્રક્ચર ગણવામાં આવશે અને તે મુજબ કાર્યવાહી થશે. અગ્નિકાંડમાં ૨૭ જેટલા લોકોના મોત થતા રાજ્યભરમાં મોટો ઉહાપોહ મચ્યો હતો. આ મામલામાં જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરાયા અને બદલીઓ પણ કરાઈ હતી.

## વિશ્વ પર્યાવરણ દિવસે મુલાકાત લીધી

# સીએમ ભુપેન્દ્ર પટેલે "નમો વડ વન" ની મુલાકાત લીધી

| (એજન્સી) ગાંધીનગર, તા.૫ |

રાજ્ય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસના ગાંધીનગર ખાતે આવેલા "નમો વડ વન" ની મુલાકાત માટે પહોંચ્યા હતા. તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને પ્રિય એવા વડના વૃક્ષોના 'નમો વડ વન'ની ૨૧ માર્ચે ૨૦૨૨માં ગાંધીનગરમાં વડ વૃક્ષ વાવીને શરૂઆત કરાવી હતી. અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં 'નમો વડ વન'ની મુલાકાત લઈને નિરીક્ષણ અને વૃક્ષારોપણ કર્યું હતું.



દેશની આઝાદીના ૭૫ વર્ષ પ્રસંગે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૨૦૨૨ના આંતરરાષ્ટ્રીય વન દિવસ ૨૧ મી માર્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૩૩ જિલ્લાઓમાં ૭૫ સ્થળોએ 'નમો વડ વન' નિર્માણનો પ્રારંભ કરાવ્યો હતો. પર્યાવરણ સંરક્ષણની આ ગુજરાતની દિશા સૂચક પહેલ છે.

મુખ્યમંત્રીની આ મુલાકાત દરમિયાન વન-પર્યાવરણના અગ્ર સચિવ સંજીવકુમારે વધુ વિગતો આપતાં કહ્યું કે, રાજ્યમાં ૭૫ સ્થળોએ 'નમો વડ વન' ઊભા કરવાના નિર્ધાર સામે અત્યાર સુધીમાં ૮૨ 'નમો વડ વન' ઊભા થયા છે. એટલું જ નહીં, પ્રથમ વર્ષે દરેક 'નમો વડ વન'માં ૭૫ વડ રોપાઓનું વાવેતર કર્યા બાદ બીજા વર્ષે વધુ ૧૦૦ વડ રોપાના વાવેતરથી વનોના ઘનિષ્ઠિકરણની દિશા આપણે લીધી છે. અત્યારે પ્રત્યેક 'નમો વડ વન'માં કુલ ૧૭૫ વડના રોપાઓ વાવવામાં આવેલા છે. સાથે ગાંધીનગરમાં એક હેક્ટર વિસ્તારમાં નિર્માણ થયેલા 'નમો વડ વન'માં વિવિધ પ્રજાતિઓના નાના-મોટા રોપા અને ફૂલ-છોડ વગેરે મળી સાડા છ હજાર રોપાઓનો ઉછેર થઈ રહ્યો છે. આવા 'નમો વડ વન'માં ટપક સિંચાઈ પદ્ધતિ અને માટલા પદ્ધતિથી પાણીના મર્યાદિત ઉપયોગ સાથે છોડનો ઉછેર કરવામાં આવે છે. આ ઉપરાંત તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે 'નમો વડ વન' લોકો માટે પર્યાવરણ પ્રિય પિકનિક સ્પોટ, પ્રવાસન આકર્ષણ કેન્દ્ર બને તે માટે ચિલ્ડ્રન પ્લે એરિયા, યોગ પ્લેટફોર્મ, બેસવા માટે બેન્ચિઝ સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના 'નમો વડ વન'ના સમગ્ર પરિસરની મુલાકાત લીધી તે દરમિયાન સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા, અગ્ર સચિવ સંજીવકુમાર, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ યુ. ડી. સિંઘ, સામાજિક વનીકરણના અગ્ર મુખ્ય વન સંરક્ષક એ.પી.સિંઘ, ધારાસભ્ય રીટાબેન, મેયર હિતેશભાઈ મકવાણા તથા પદાધિકારીઓ પણ સાથે જોડાયા હતા.

## ગુજરાત એટીએસને મળી સફળતા

# કચ્છમાંથી બિનવારસી હાલતમાં ઝડપાયું ૧૩૦ કરોડનું ડ્રગ્સ

| (એજન્સી) કચ્છ, તા.૫ |

ગુજરાતમાંથી ફરીથી કરોડોનું ડ્રગ્સ ઝડપાયું છે. ગાંધીધામના ખારી રોહર પાસેથી ૧૩૦ કરોડનું ૧૩ કિલો કોકેઈન ઝડપાયું છે. ગુજરાત ATSની ટીમે કોકેઈનના ૧૩ પેકેટ જપ્ત કર્યા છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં આ કોકેઈનની કિંમત કરોડોમાં અંકાઈ રહી છે. ગુજરાત એટીએસએ સ્થાનિક SOG અને B ડિવિઝન પોલીસની મદદથી દરોડો પાડીને કોકેઈનનો જથ્થો જપ્ત કર્યો છે. આ અંગે એટીએસ દ્વારા વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, ગુજરાત એટીએસ દ્વારા કચ્છના ગાંધીધામના ખારી રોહર પાસેથી બિનવારસી હાલતમાં કરોડોનું કોકેઈન ઝડપાયું છે. ગાંધીધામના ખારી રોહર પાસેથી ૧૩૦ કરોડનું ૧૩ કિલો કોકેઈન ઝડપાયું છે. ગુજરાત ATSની ટીમે કોકેઈનના ૧૩ પેકેટ જપ્ત કર્યા છે. નોંધનીય છે કે, આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કોકેઈનની કિંમત પ્રતિ કિલોગ્રામ ૧૦ કરોડ રૂપિયાની આસપસાપ હોવાનું માનવામાં આવે છે. ગુજરાત એટીએસે સ્થાનિક SOG અને બી ડિવિઝન પોલીસની મદદથી દરોડો પાડી કોકેઈનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ પહેલા સપ્ટેમ્બર ૨૦૨૩માં મીઠીરોહર પાસેથી ૮૦૦ કરોડના મૂલ્યનો ૮૦ કિલો કોકેઈનનો જથ્થો ઝડપાયો હતો. ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રગનો મોટો જથ્થો પકડાવવાનો સિલસિલો જોવા મળી રહ્યો છે. ગત સપ્ટેમ્બરમાં કચ્છ જિલ્લામાં સ્થાનિક પોલીસે ૮૦૦ કરોડનું ડ્રગ્સ પકડી પાડ્યુ હતુ.

## રાજયના વાતાવરણમા આવ્યો પલટો

# મધ્ય ગુજરાત-દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી થઈ

| (એજન્સી) અમદાવાદ, તા.૫ |

દેશના રાજકીય વાતાવરણમાં આવેલા પલટા બાદ અચાનક ગુજરાતની આબોહવામાં એકદમ ઠંડક નોંધાઈ છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ આજે અચાનક રાજયના વાતાવરણમા પલટો આવ્યો છે, તેમણે કરેલી આગાહી મુજબ આજે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોને ગરમીથી આંશિક રાહત મળી શકે છે. જેને સાથે આજે રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસવાની સંભાવના જણાવવામાં આવી છે. ઉપરાંત મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના શહેરોમાં વરસાદના હળવા ઝાપટા પડે તેવી શક્યતાઓ વ્યક્ત કરી છે. દક્ષિણ ગુજરાતમાં પલટાયેલા વાતાવરણને કારણે નવસારી જિલ્લાના વાતાવરણમાં અચાનક ઠંડક થવાની સાથે જિલ્લાની પૂર્વ પટ્ટીમાં વરસાદ થયો છે. આ સાથે ગણદેવી બીલીમોરાના આસપાસ ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ થયો છે. સુરત શહેરની વાત કરીએ તો સુરતમાં પણ વરસાદી માહોલ જામ્યો હોવાથી સુરતીલાલા પણ ખુશ મિજાજ થયા. વેડ રોડ, રિંગ રોડ, કતારગામ, વિસ્તારમાં વરસાદના અમી છાંટા પડ્યા છે. કાળા ડિબાંગ વાદળ સાથે વરસાદી વાતાવરણ છવાયું છે. વરસાદી છાંટા પડતા લોકોને ગરમીથી આંશિક રાહત મળી છે. હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાતના બીજા અનેક શહેરોમાં હળવા ઝાપટા પડે તેવી શક્યતાઓ વ્યક્ત કરવાની સાથે ૮ અને ૯મી જૂને પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. બીજી તરફ અમદાવાદમાં બે દિવસ વાદળછાયું વાતાવરણ રહે તેવી શક્યતાઓ જણાવવામાં આવી છે. આગાહી અનુસાર અમદાવાદ, અમરેલી, ગાંધીનગર, ખેડા, મહીસાગર, મહેસાણા, પાટણ, રાજકોટ, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં ૪૦ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવના છે. બીજી તરફ આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, છોટાઉદેપુર, મોરબી, નર્મદા, પંચમહાલ, વડોદરા સહિતના જિલ્લાઓમાં ૩૯ ડિગ્રી મહત્તમ તાપમાન રહે તેવી સંભાવના છે.

## જુનાગઢ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

| (એજન્સી) જુનાગઢ, તા.૫ |

વિશ્વ પર્યાવરણ દિવસને લઈને જુનાગઢ મ્યુઝિયમ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જુનાગઢ આયુર્વેદિક કોલેજ ખાતે આયુર્વેદના વૃક્ષ વહેંચણીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પર્યાવરણને લઈને લોકોને જાગૃતિ ફેલાવવા માટે લોકો અવનવા કાર્યક્રમ કરતા હોય છે. પરંતુ આજે ચિત્રકારોએ પોતાની અદ્દભુત કળા કંડારી હતી. વિશ્વ પર્યાવરણ દિવસને લઈને જુનાગઢ મ્યુઝિયમ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫ જેટલા વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. અહીં સ્પર્ધામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓએ ચકલીના માળા ચકલીના ચિત્રો તેમજ વૃક્ષના ચિત્રો ઉપર સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ પ્રકારના કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે સંવેદના આપવામાં આવે છે. વૃક્ષો વાવવાનું મહત્વ, તેના વાવેતર પાછળના કારણો, આજના પર્યાવરણમાં કઈ રીતે વૃક્ષોના વાવેતર વધવાથી તાપમાનમાં ફેરફાર સકારાત્મક નોંધાય છે અને આવનારા સમયમાં હવે વૃક્ષો નહીં હોય તો, શું થશે? તે તમામ પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને પોતે આમાંથી શીખ પણ મેળવી હતી.

## સીએમએ લીલી ઝંડી બતાવી બસોનું પ્રસ્થાન કરાવ્યું

# મેટ્રોના બે મુખ્ય સ્ટેશન થલતેજ અને વસ્ત્રાલથી ફીડર બસ સેવા શરૂ

### થલતેજથી એસજી હાઇ-વેથી પશ્ચિમ તરફ બોપલ, શીલજ, ઘુમા, પ્રહલાદ નગર ઘાટલોડિયા બસ જશે

| (એજન્સી) અમદાવાદ, તા.૫ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસના ઉપલક્ષમાં અમદાવાદ ખાતે વૃક્ષારોપણ કરીને AMTSની ઈ-બસ અને પ્લાસ્ટિક ક્રશર મશીનનું લોકાર્પણ કર્યું હતું. મેટ્રો સ્ટેશનથી પોતાના વિસ્તારમાં સરળતાથી જઈ શકે તેના માટે હવે AMTS દ્વારા મેટ્રો ફીડર બસ સેવાની શરૂઆત કરવામાં આવી છે. મેટ્રોના બે મુખ્ય સ્ટેશન થલતેજ અને વસ્ત્રાલથી ફીડર બસ સેવા શરૂ થઈ છે ત્યારે સાબરમતી રિવરફ્રન્ટના રૂટ પર પણ બસ શરૂ થઈ છે. આજે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા લીલી ઝંડી બતાવી બસોનું પ્રસ્થાન કરાવ્યું હતું. થલતેજ મેટ્રો સ્ટેશનથી એસજી હાઈ-વેથી પશ્ચિમ તરફ બોપલ, શીલજ, ઘુમા, પ્રહલાદ નગર ઘાટલોડિયા વિસ્તારમાં AMTS બસ જશે. જ્યારે વસ્ત્રાલ મેટ્રો સ્ટેશનથી ઓઢવ, આદિનાથ નગર, સિંગરવા ગામ થઈ અને વસ્ત્રાલ પરત ફરશે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ઈ-વ્હીકલ્સના માધ્યમથી ગુજરાત જાહેર પરિવહનમાં ગ્રીન મોબિલિટીની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. આજે ક્લાઈમેટ ચેન્જની અસરોનો સામનો આખું વિશ્વ કરી રહ્યું છે, ત્યારે મોટા પાયે વૃક્ષારોપણ કરવામાં આવે અને પ્રત્યેક નાગરિક વૃક્ષારોપણના કામમાં જોડાય એ ખૂબ જરૂરી છે. વડાપ્રધાન મોદીએ લોન્ચ કરેલ 'મિશન લાઈફ' પહેલ અંતર્ગત આપણે સૌ ઈકો-ફ્રેન્ડલી લાઈફસ્ટાઈલ અપનાવીએ તેવો ખાસ આગ્રહ કરું છું. અમદાવાદમાં આજથી મેટ્રો સ્ટેશનના કનેક્ટિવિટી માટે થલતેજ મેટ્રો સ્ટેશનથી કુલ ૬ રૂટ પર સરકયુલર અને એન્ટી સરકયુલર રૂટની AMTS બસ સેવા શરૂ કરવામાં આવી છે.જ્યારે થલતેજથી સાઉથ બોપલની ૬૦ નંબર શટલ બસ રૂટ શરૂ કરાયો છે.

## અજમેર ડિવિઝન પર બ્લોકને કારણે સાબરમતી-જોધપુર એક્સપ્રેસ રદ રહેશે

| અમદાવાદ, તા.૫ |

ઉત્તર પશ્ચિમ રેલવેના અજમેર ડિવિઝન પર પિંડવારા-બનાસ સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર ૭૪૨ કિમી ૫૫૭/૮-૯ પર આરસીસી બૉક્સ લોન્ચિંગ માટે લેવામાં આવી રહેલા બ્લોકને કારણે સાબરમતી-જોધપુર-સાબરમતી એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે:

૧. ૭ અને ૮ જૂન ૨૦૨૪ના રોજ સાબરમતીથી ચાલતી ટ્રેન નંબર ૧૪૮૨૨ સાબરમતી-જોધપુર એક્સપ્રેસ રદ રહેશે. ૨. ૬ અને ૭ જૂન ૨૦૨૪ ના રોજ જોધપુરથી ચાલતી ટ્રેન નંબર ૧૪૮૨૧ જોધપુર-સાબરમતીએક્સપ્રેસરદરહેશે.ટ્રેનોનાસ્ટોપેજ, કમ્પોઝિશન, રૂટ અને સમય સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨